શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
ફેબ્રુઆરી : ૨૦૧૮ • અંક : ૮
પાના નં. : ૧ • (કુલ પેજ : ૭૪)

૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૨-૨૦૧૮ કિંમત : રૂા. ૧૮/-

## કેન્દ્રિય સામાન્ય બજેટ - ૨૦૧૮




## વાસ્તવિકતા કેટલી અને વાયદા કેટલા ?

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્વાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૯૧૮૪, ૪૦૦૭૯૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

Maheshbhai
M. : 92272 11715

SGI

Parag Kataria
M. : 99247 19527

SWASTIK GUM INDUSTRIES (INDIA)

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

SILICON®
ZERO MAINTENANCE LAMINATE



RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

iolite

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
408, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 06105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

BHAGYODAY
QUARRY WORKS
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material.

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

Shivang Institute
C/O, Sharda, Mogal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


NUTS MASTI
MICHI'S®
Candies & Toffees
आईये, खुशियाँ बाटें...
काजू बादाम भरी
₹2/- PER PIECE
MICHI'S® Badam Nuts Masti
MICHI'S® Kaju Nuts Masti
सब' मस्त है!
MichisTreats
JRJ®
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

# 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને અપીલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' છેલ્લા કેટલાયે વર્ષોથી નિયમિતપણે પ્રસારિત કરવામાં આવે છે અને તેને દર મહિનાની ૧૫ તારીખે અચૂકપણે પોસ્ટ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવામાં આવતી માહિતી ખૂબ જ રસપ્રદ અને વિવિધ વિષયે દરેકની જાણકારી વધારી આપે તેવા પ્રકારની હોય છે. અમુક લેખકશ્રીઓના લેખો તો મગજને ઝંકૃત કરી દે તેવા ઉત્કૃષ્ટ કક્ષાના હોય છે.

છેલ્લા કેટલાયે વર્ષોથી અનેક મહાનુભાવોને તેના અંકો કોમ્પ્લિમેન્ટરી કોપી તરીકે મોકલી આપવામાં આવતા હતા જ્યારે અન્ય અનેક મહાનુભાવો પાસેથી રૂા. ૩૦૦/- કે રૂા. ૫૦૦/- ડિપોઝીટ મેળવી તેઓને છેલ્લા ૧૦થી ૨૦ વર્ષ દરમિયાન સતતપણે દર મહિને વિનામૂલ્યે મોકલી આપવામાં આવતા હતા.

આ પ્રકારના દરેક સભ્યો પાસેથી લવાજમ મેળવવાનું નક્કી કરવાની જરૂરત પડેલ હોવાથી દરેક સભ્ય સાથે પત્ર વ્યવહાર કરવામાં આવી રહેલ છે અને અમને એ જણાવતા આનંદ થાય છે કે તેમાંના કેટલાક સભ્યોએ પોતાના લવાજમના ચેક મોકલવાના શરૂ પણ કરી દીધેલ છે.

નિયમિતપણે અંકો મેળવતા કચ્છશ્રુતિના વાચક વર્ગને આથી અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમ તો તાત્કાલિક શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસ પર મોકલી આપે પરંતુ સાથે સાથે ઓછામાં ઓછા એક નવા ગ્રાહકના પણ લવાજમ મોકલી કચ્છશ્રુતિનો ફેલાવો વધારવામાં પોતાનાથી બનતો બધો જ હાર્દિક સહકાર પૂરો પાડે કે જેથી આ વિષયે કાર્યરત ટીમનો હોંસલો વધી શકે.

કચ્છશ્રુતિના દરેક વાચકના ઉષ્માભર્યા સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# પ્રાપ્ત થયેલ લવાજમ વગેરેની વિગત

'કચ્છશ્રુતિ'ના જાન્યુઆરી-૨૦૧૮ના અંકમાં લવાજમ ભરવા માટે કરવામાં આવેલ અપીલ તથા તેના અનુસંધાને લખવામાં આવેલ પત્રોના જવાબ સ્વરૂપે અમને અત્યાર સુધી નીચે મુજબના સભ્યોના લવાજમ પ્રાપ્ત થયેલ છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય ના હોય, તેઓએ સભ્યપદ મેળવેલ છે તેમજ જેઓએ હજુ સુધી ડિરેક્ટરીના ફોર્મ ભરેલ નથી, તેઓના ફોર્મ પણ પ્રાપ્ત થયેલ છે. સહકાર આપનાર સહુ મહાનુભાવોને ખૂબ ખૂબ ધન્યવાદ.

## પ્રાપ્ત થયેલ લવાજમની વિગત

| ક્રમ | નામ | લવાજમની વિગત |
|---|---|---|
| ૧. | શ્રી સંજીવ અમરીશ મહેતા | ૧૫ વર્ષ |
| ૨. | શ્રી પંકજ રસીકલાલ શાહ | ૧૫ વર્ષ |
| ૩. | શ્રી રમેશભાઇ વિશ્રામભાઈ પટેલ | ૧૫ વર્ષ |
| ૪. | શ્રી ચત્રભુજ મંગલજી નાગરાણી | ૧૫ વર્ષ |
| ૫. | મે. ઉર્મિન પ્રોડક્ટ્સ પ્રા.લિ. | ૧૫ વર્ષ |
| ૬. | શ્રી અજિત એમ. મહેતા | ૫ વર્ષ |
| ૭. | શ્રી સમીર રમેશચંદ્ર કંસારા | ૧૫ વર્ષ |
| ૮. | શ્રી કેકીન અમૃતલાલ નાનજી શાહ | ૧૫ વર્ષ |
| ૯. | શ્રી હસમુખ ચમનલાલ જોષી | ૧૫ વર્ષ |
| ૧૦. | શ્રી રમેશચંદ્ર જાદવરાય વૈદ્ય | ૨ વર્ષ |
| ૧૧. | શ્રી બાબુભાઈ રતિલાલભાઈ પટેલ | ૧૫ વર્ષ |
| ૧૨. | શ્રી શશીકાંત મોહનલાલ ઠક્કર | ૧૫ વર્ષ |
| ૧૩. | શ્રી શંકરભાઈ એલ. સચદે | ૨ વર્ષ |
| ૧૪. | શ્રી અજય કાંતિલાલ શાહ | ૨ વર્ષ |
| ૧૫. | ગુજરાતી સાહિત્ય પરિષદ | ૨ વર્ષ |
| ૧૬. | શ્રી હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા | ૧૫ વર્ષ |
| ૧૭. | શ્રી સૂર્યકાંત ભાઈલાલ ભટ્ટ | ૨ વર્ષ |
| ૧૮. | શ્રી જીગર યશેષચંદ્ર વોરા | ૧૫ વર્ષ |
| ૧૯. | શ્રી જેઠાલાલ વી. ગંગર (મંગલમ) | ૧૫ વર્ષ |
| ૨૦. | શ્રી વિશનજી હરશી ગાલા | ૨ વર્ષ |
| ૨૧. | શ્રી સુરેશચંદ્ર મહેતા - ગાંધીનગર | ૧૫ વર્ષ |

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યપદની વિગત**

૧. શ્રી રમેશભાઈ વિશ્રામભાઈ પટેલ — માનદ્ સભ્ય

૨. શ્રી પંકજ રસીકલાલ શાહ — આજીવન સભ્ય

**પ્રાપ્ત થયેલ ડિરેક્ટરીના ફોર્મની વિગત**

૧. શ્રી રમેશચંદ્ર વિશ્રામભાઈ પટેલ

૨. શ્રી બાબુભાઈ રતિલાલભાઈ પટેલ

૩. શ્રી જીગર યશેષચંદ્ર વોરા

*__નોંધ__ : ઉપરોક્ત વિવિધ વિભાગોમાં બાકીના દરેક સભ્યો / વાચકવર્ગ તરફથી પોતાનો હિસ્સો પ્રાપ્ત થશે તેવી અપેક્ષા છે.*

*સાથ-સહકાર બદલ દરેકનો ખૂબ ખૂબ આભાર.*

## સંસ્થાના મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં વ્યવસાયિક જાહેરાતો

અમદાવાદ સ્થિત કચ્છી વ્યવસાયકારોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના વ્યવસાયની જાહેરાતો સંસ્થાના મુખપત્ર કચ્છશ્રુતિમાં આપી પોતાના વ્યવસાયની કચ્છી પરિવારોમાં યોગ્યપણે જાહેરાત કરે કે જેથી જરૂરિયાતના સમયે અન્ય કચ્છી પરિવારો આ વ્યવસાયકારનો સંપર્ક સાધી શકે અને એકબીજાની જરૂરિયાત સંતોષી શકે.

સાથે સાથે આ પ્રકારના વિજ્ઞાપનોથી ''કચ્છશ્રુતિ''નું આર્થિક પાસું સબળું થઈ શકે કે જેથી તે ઉત્તમમાં ઉત્તમ પ્રકારની કૃતિઓ સમાજ સમક્ષ સારી રીતે રજૂ કરી શકે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી વ્યવસાયકારને વિજ્ઞાપનક્ષેત્રે સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે અને દરેકના સાથ - સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## 'કચ્છશ્રુતિ'માં જાહેરાતના દર

| વિગત | એક માસના દર | બાર મહિનાના દર | બાર મહિનાની જાહેરાતના અનુસંધાને |
|---|---|---|---|
| મલ્ટી કલર – અંદરનું આખુ પાનું | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૫૪,૦૦૦/- | (૬૦,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું આખુ પાનું | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૨૧,૬૦૦/- | (૨૪,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું અડધું પાનું | રૂા. ૧,૫૦૦/- | રૂા. ૧૬,૨૦૦/- | (૧૮,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું પા (૧/૪) પાનું | રૂા. ૧,૦૦૦/- | રૂા. ૧૦,૮૦૦/- | (૧૨,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરના પાને બોટમ પટ્ટી | રૂા. ૫૦૦/- | રૂા. ૫,૪૦૦/- | (૬,૦૦૦ – ૧૦ ટકા) |

**કવર પેઇજ : વિઝિટિંગ કાર્ડ સાઇઝ જાહેરાતના દર**

| વિગત | બાર મહિનાની જાહેરાતના દર |
|---|---|
| કવર પેઈજ - ૪ વિઝિટિંગ કાર્ડ સાઈઝ | રૂા. ૨૦,૦૦૦/- |
| કવર પેઈજ - ૩ વિઝિટિંગ કાર્ડ સાઈઝ | રૂા. ૧૫,૦૦૦/- |
| કવર પેઈજ - ૨ વિઝિટિંગ કાર્ડ સાઈઝ | રૂા. ૧૫,૦૦૦/- |

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારની એકમાત્ર સંસ્થા "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ" વર્ષોથી કાર્યરત રહેવા પામેલ છે અને આ વિસ્તારમાં વસવાટ કરતા કચ્છી પરિવારોને એક તાંતણે બાંધી રાખે છે. મુખ્યત્વે આ સંસ્થાની કાર્યવાહી સામાજિક પ્રકારની રહેવા પામેલ છે.

આ વિસ્તારમાં વસવાટ કરતા દરેક કચ્છી પરિવારને આ સંસ્થાના વહેલી તકે સભ્ય બની જવા અપીલ કરવામાં આવે છે કે જેથી અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છીઓની આ સંસ્થાની તાકાત વધતી રહે અને અહીંના જાહેર જીવનમાં તેની નોંધ લેવામાં આવી શકે.

આ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ નામ-સરનામાવાળી ઇ-ડિરેક્ટરીમાં હજુ સુધી ૩૧૦૦ નામ આપણે એકત્રિત કરી શક્યા છીએ કે જ્યારે આ વિસ્તારમાં ૫૦૦૦થી પણ વધુ કચ્છી પરિવારોનો વસવાટ કરવામાં આવી રહેલ છે. આ સંસ્થા પાસેથી ઉપરોક્ત ૩૧૦૦ નામ સરનામા સિવાય હજુ બીજા અંદાજિત ૪૦૦ નામ - સરનામાની માહિતી ઉપલબ્ધ છે. કે જેથી અંદાજિત ૩૫૦૦ પરિવારોનો સંપર્ક સાધવામાં સરળતા રહી શકશે.

સંસ્થા દ્વારા હાલે આ ૩૫૦૦ પરિવારમાંથી સભ્ય ના હોય તેવા બાકી રહેતા સભ્યોને પત્રો મોકલીને સંપર્ક સાધવાના પ્રયાસો ચાલુ છે અને તે દરેકને સંસ્થાના સભ્યપદના ફોર્મ મોકલવામાં આવી રહેલ છે કે જેથી દરેક પરિવાર આ સંસ્થાના સભ્ય બની શકે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારને આ સંસ્થાના વહેલી તકે સભ્ય બની જવા અનુરોધ કરવામાં આવે છે કે જેથી સંસ્થાના સંગઠનમાં વધારો થાય.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત દરેક કચ્છી પરિવારના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# 'કચ્છશ્રુતિ'ના લવાજમના દર

- ૨ વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-
- ૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-
- ૧૫ વર્ષનું (આજીવન) લવાજમ : રૂા. ૧,૫૦૦/-

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સભ્યપદની ફી

(૧) આજીવન સભ્ય : રૂા. ૧,૦૦૦/-
(૨) માનદ્ સભ્ય : રૂા. ૧૦,૦૦૦/-
(૩) દાતા સભ્ય : રૂા. ૧,૦૦,૦૦૦/-
(૪) પેટ્રન સભ્ય : રૂા. ૫,૦૦,૦૦૦/-

**નોંધ :** (૧) દરેક પ્રકારના સભ્ય જીવન પર્યંતના સભ્ય રહેશે.
(૨) આજીવન સભ્યની ફી છે જ્યારે માનદ્, દાતા અને પેટ્રન સભ્ય ડોનેશનના ધોરણે રહેશે.
(૩) ટ્રસ્ટ, ફેમિલી ટ્રસ્ટ, ઘટક સમાજ, કંપની વગેરે માનદ્, દાતા કે પેટ્રન સભ્ય બની શકશે. આ સભ્યપદ જે-તે સંસ્થાની હયાતી સુધીનું રહેશે. તેઓએ તેમના વતી કોઈ એક પ્રતિનિધિને તેમના સભ્ય તરીકે મોકલવાના રહેશે. જરૂરત જણાય ત્યારે દરેક સંસ્થા પોતાના પ્રતિનિધિને બદલી શકશે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ** / **Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| **Bank** | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| **ખાતા નંબર** | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| **આઈએફએસ કોડ** | : **IFS Code : SBIN0005306** |

## ‘કચ્છશ્રુતિ’ના મેઈલિંગ લિસ્ટના સરનામા સુધારણા બાબતે

દર મહિને કચ્છશ્રુતિને પોસ્ટિંગ કરવા માટે રેકોર્ડ કરવામાં આવેલ સરનામાની પ્રિન્ટ કાઢીને તેને ડિસ્પેચ અર્થે મોકલી આપવામાં આવે છે. અત્યાર સુધી આ સરનામાની વિગતમાં જવાનું જરૂરી જણાયું ન હતું.

પરંતુ હાલે કચ્છશ્રુતિના લવાજમ માટે અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યપદ માટે વિવિધ લોકોને પત્રો લખવામાં આવતા કચ્છશ્રુતિના આ મેઈલિંગ લિસ્ટના મોટાભાગના સરનામાની જરૂરત પડતાં ખ્યાલ આવ્યો કે તેમાંના અનેક સરનામા ક્ષતિજનક છે અને સંપૂર્ણ નથી.

આથી કચ્છશ્રુતિ જેઓને નિયમિતપણે મોકલવામાં આવે છે એ દરેક મહાનુભાવોને વિનંતી કે કવર પરના પોતાના સરનામા ઝીણવટપૂર્વક ચેક કરી લે અને જ્યાં ક્ષતિ જણાય ત્યાં એ સરનામા સુધારીને વળતી ટપાલે પોતાના ગ્રાહક નંબર સહિત અમને પોસ્ટ / કુરિયરથી મોકલી આપે કે જેથી મેઈલિંગ લિસ્ટના આ સરનામાઓ સુધારી લેવામાં આવે.

કચ્છશ્રુતિના દરેક સભ્ય ઉપરોક્ત બાબતે ધ્યાન આપે તેવો અમારો આગ્રહભર્યો અનુરોધ છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## ગુજરાતી – સહુનું ધ્યાન રાખનાર

ગુજરાતી એટલી સારી પ્રજા છે કે તે વોટીંગ કરે ત્યારે પણ બધાનો ખ્યાલ રાખે છે અને તેના પરિણામોથી બધા ખુશ રહે છે.

દા.ત.
- ★ નરેન્દ્ર મોદીએ ગુજરાતને જાળવી રાખ્યું.
- ★ રાહુલની કોંગ્રેસને એટલી બધી સીટો મળી કે તેઓ પરિણામથી રાજી રાજી થઈ ગયા.
- ★ જીજ્ઞેશ મેવાણી જીતીને ખુશ થઈ ગયો.
- ★ અલ્પેશ ઠાકોર જીતીને ખુશ થઈ ગયો.
- ★ હાર્દિક પરિણામો જોઈને એટલો ખુશ થઈ ગયો કે તેને તેનું ભવિષ્ય ઉજ્જવળ લાગ્યું.
- ★ ગુજરાતના લોકો એટલા ખુશ છે કે તેમના હિસાબે ડેમોક્રેસી જીતી ગઈ.
- ★ ન્યુઝ ચેનલ્સને આ દિવસોમાં વ્યૂઅરશીપ (જોનાર)નો ખૂબ જ વધારો જોવા મળ્યો.
- ★ ન્યુઝ ચેનલ્સના એન્કરો પણ ઉછળી ઉછળીને સમાચારો આપવા લાગ્યા.
- ★ ઈ.વી.એમ.ના કાર્યોથી ઈલેક્શન કમિશન પણ ખુશખુશાલ થઈ ગયા.
- ★ પરિણામોના કારણે વ્યાપારીઓ પણ ખુશ થતા દેખાયા.
- ★ ઈન્વેસ્ટર્સ પણ ખુશ થઈ ગયા કેમકે માર્કેટ ઉપર જવા લાગ્યું.

***ધન્ય છે ગુજરાતીની સુઝબુઝને!***

# 'કચ્છશ્રુતિ'ના અંકો પરત આવવા બાબત

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર ''કચ્છશ્રુતિ''ને દર મહિનાની ૧૫ તારીખે નિયમિતપણે પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. નીચે જણાવેલ સભ્યોના અંકો મોટાભાગે અથવા તો વર્ષમાં અમુક મહિના દરમ્યાન પરત આવે છે.

આ સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે તેઓ પોતાના નવા એડ્રેસ તાત્કાલિકપણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસે મોકલી આપે. અગર તેઓ નવા સરનામા ના મોકલે અને અંકો નિયમિતપણે પરત આવતા હશે તો અમારે નાછુટકે આ સભ્યોને અંકો મોકલવાના બંધ કરવા પડશે કે જેની લાગતા વળગતા સભ્યોએ નોંધ લેવા વિનંતી.

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## પરત આવેલ અંકોની વિગત

| ક્રમ | સબસ્ક્રાઇબર નંબર | નામ | સરનામા |
|---|---|---|---|
| ૧. | ૬૪૨ | શ્રી રમેશભાઈ ભવાનભાઈ ઠક્કર | એ-૧, સૂર્યા કોમ્પ્લેક્સ, નવનીત હાઉસની સામે, ગુરૂકુળ, મેમનગર, અમદાવાદ. |
| ૨. | ૧૫૬ | શ્રી તુલસીભાઈ ખીમજીભાઈ પટેલ | બી/૩, જનશાંતિ ફ્લેટ, બેંક ઓફ બરોડા સામે, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| ૩. | ૧૪૭૮ | શ્રી રાજેશભાઈ એન. મહેતા | પી-૧૨, બોમ્બે બજાર, અટલ ક્રિએશન સામે, ઉમરવાડા, સુરત-૩૯૫ ૦૧૦. |
| ૪. | ૧૧૯૩ | શ્રી ઈબ્રાહીમ લોહાર 'ગુજશન' | ડૉ. પટનીના દવાખાના પાસે, મોટા પીર રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. |
| ૫. | ૧૬૭ | શ્રી કમલેશભાઈ પરસોત્તમભાઈ ઠક્કર | ડી-૫૦૧, રાજહંસ રેસિડન્સી, વી.આઈ.પી. સ્કૂલ પાસે, ડી માર્ટ પાછળ, નિકોલ રોડ, અમદાવાદ-૩૮૨ ૩૫૦. |
| ૬. | ૯૫૩ | શ્રી કમલેશભાઈ પ્રેમચંદ સંઘવી | ૨૯/એ, ઉમંગ, આસુતોષ એપાર્ટમેન્ટની ગલીમાં, ઘનશ્યામનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. |
| ૭. | ૨૨૪ | શ્રી ધર્માયુ બી. છાયા | શ્રેય હોસ્પિટલ, મીઠાખળી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| ૮. | ૫૯૯ | શ્રી હર્ષદભાઈ મોરારજી | ૧૪૮, પ્રણામી બંગ્લોઝ, મધર સ્કૂલ પાસે, વસ્ત્રાલ, અમદાવાદ-૩૮૨ ૪૧૮. |
| ૯. | ૧૪૨૭ | શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા | રોમન વિઝન ગ્રુપ, ૬ઠ્ઠે માળે, સંદીપ બિલ્ડિંગ, જયહિંદ સોસાયટી, પ્લોટ નં.-૫૨ રોડ, જે.વી.પી. સ્કીમ, જુહુ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૪૯. |
| ૧૦. | ૫૫ | શ્રી લક્ષ્મીચંદ શામજી છેડા | ૧૫, સ્વપ્ન લોક, ૧લે માળે, લૉ ગાર્ડન સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| ૧૧. | ૩૧૭ | શ્રી મેહુલ અજિતકુમાર ત્રિવેદી | ૩૦૧, રૂદ્રાલય એપાર્ટમેન્ટ, મ્યુનિ. સ્કૂલ, મુક્તિ મેદાન સામે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. |
| ૧૨. | ૬૨૮ | શ્રી નારાણજી પદમશી લોડાયા | ૩૨, મહાલક્ષ્મી ટેનામેન્ટ એન્ડ ડુપ્લેક્ષ, જીવન પાર્ક સામે, ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩. |
| ૧૩. | ૩૨૪ | શ્રી રતિલાલ વીરજી પીત્રોડા | ૫૧/બી, પ્રગતિ પાર્ક પાર્ટ-૨, હરિપુરા, મણિયાસા, મણિનગર (ઈસ્ટ), અમદાવાદ-૩૮૦ ૦૦૮. |
| ૧૪. | ૨૨૫ | શ્રી સંજય કીર્તિલાલ સંઘવી | ૯૪૩, મલ્હાર એપાર્ટમેન્ટ, વાણસા ટેલિફોન એક્ષચેન્જ પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૦૭. |
| ૧૫. | ૮૩ | શ્રી મલય ભોગીલાલ મેતા | બી-૯૦૪, પ્રકૃતિ એપાર્ટમેન્ટ, કર્ણાવતી પગરખા સામે, સુવિધા ચાર રસ્તા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. |
| ૧૬. | ૧૦૩૮ | શ્રી દિલીપભાઈ ડી. આઈયા | પ્લોટ નં. ૭૬/૩, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨ ૦૨૦. |

## અનામત — આરક્ષણ

કોઈ પણ દેશનો બોમ્બથી વિનાશ કરવો શક્ય નથી. દા.ત. જાપાન.

કોઈ દેશનો અનેક વર્ષો સુધી અત્યાચાર કર્યા પછી પણ તેનો વિનાશ કરવો શક્ય નથી. દા.ત. ઈઝરાયેલ

પરંતુ કોઈ પણ દેશનો વિનાશ કરવો હોય તો કોઈ પણ પ્રકારની અનામત - આરક્ષણ યોજના દાખલ કરી દો કે જેથી અયોગ્ય વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર આવી જાય અને સ્વયં રીતે એ દેશ વિનાશ તરફ ધકેલાઇ જાય.

# આકર્ષક ફાયદો

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે **નિઃશુલ્ક ધોરણથી** એક ખૂબ જ આકર્ષક યોજના નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

★ કોઈપણ પરિવારજનોને પોતાના વ્યવસાય અથવા ઘરે વિવિધ પ્રકારના સ્ટાફની અથવા કારીગર વગેરેની જરૂરી હોય છે. તે રીતે કોઈ ક્ષેત્રના સ્ટાફ - કારીગર વર્ગની જરૂર હોય તો તેની ટૂંક વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકે છે. (દા.ત. ક્લાર્ક, ઇજનેર, કોમ્પ્યુટર તજજ્ઞો, શિક્ષક, પ્યુન, ડ્રાઇવર, ઘરકામ માટે રસોઇ કરનાર, બીમાર વ્યક્તિની સંભાળ લેનાર, બીમાર વ્યક્તિ માટે કોઈ સાધન-સામગ્રી તથા કોઈ પ્રકારના કારીગરની જરૂરત વગેરે.)

★ લગ્નોત્સુક ઉમેદવાર (માત્ર નામ, વય અન ટેલિફોન નંબર) સાથેની વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકાય છે.

★ તેવી રીતે સમાજના પરિવારજનોમાંથી કોઈને પોતાની આવડત અથવા જરૂરત મુજબ, શૈક્ષણિક લાયકાત મુજબ કામ-ધંધાની જરૂર હોય તો તેઓ પોતાની વિગત ટૂંકમાં લખીને મોકલાવી શકે છે.

★ ઉપરોક્ત પ્રમાણેની વિગત ટચુકડી જાહેરાતના સ્વરૂપે (ટૂંકાવીને) શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"માં નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે. (પ્રકાશન સંબંધી સર્વ હક્ક સંપાદક મંડળ પાસે રહેશે.)

★ ઉપર પ્રમાણેની વિગત સાથે પોતાનું પૂરું નામ અને મોબાઇલ / ટેલિફોન નંબર લખવા જરૂરી છે.

**ઉપર જણાવેલ નિઃશુલ્ક સેવાનો લાભ સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉઠાવશે તેવી અપેક્ષા છે.**

*કાર્યાલય :* શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ ● વૉટ્સ એપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮
E-mail : kutchhisamaj@gmail.com

**તંત્રી મંડળ – "કચ્છશ્રુતિ"**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

---

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| **Bank** | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| **ખાતા નંબર** | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| **આઈએફએસ કોડ** | : **IFS Code : SBIN0005306** |

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને* ***SMS,*** *વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

**વર્ષ-૩૧ ● અંક - ૮**
**૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮**

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**
●
**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....


- 'કચ્છશ્રુતિ'ના વાચક વર્ગને અપીલ ..... ૫
- 'કચ્છશ્રુતિ'ના આવેલ લવાજમ, કચ્છી સમાજના નવા સભ્યપદ, ઈ-ડિરેક્ટરીના ફોર્મ. ..... ૫
- સંસ્થાના મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં વ્યવસાયિક જાહેરાતો ..... ૬
- 'કચ્છશ્રુતિ'માં જાહેરાતના દર ..... ૬
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું સભ્યપદ ..... ૭
- 'કચ્છશ્રુતિ'ના લવાજમના દર ..... ૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સભ્યપદની ફી ..... ૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેન્ક એકાઉન્ટની વિગત ..... ૮
- 'કચ્છશ્રુતિ'ના મેઈલિંગ લિસ્ટના સરનામા સુધારણા બાબતે ..... ૮
- 'કચ્છશ્રુતિ'ના અંકો પરત આવવા બાબત ..... ૯
- પરત આવેલા અંકોની વિગત ..... ૯
- આકર્ષક ફાયદો :
  શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે. ૧૦
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે ..... ૧૦

**વિભાગ-૧**

**તંત્રી લેખ**
- સંસંસ્કૃત સમાજ ..... **અશોક મહેતા**...૧૩

**વિચાર મંચ**
- પુસ્તક વિનાનું ઘર એ આત્મા વિનાના શરીર જેવું છે ..... **ડૉ. યાસીન દલાલ**...૧૫
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત 'ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરી' વિશે ..... ૧૭
- માળખાકીય શોષણ : શાસનવ્યવસ્થા ક્ષેત્ર ..... **મુરજી ગડા**...૧૮

**સાંપ્રત**
- બજેટ ૨૦૧૮-૧૯ : એક વિશ્લેષણ ..... **ભાઈલાલભાઈ કે. પટેલ**, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ...૨૧
- કેન્દ્રિય બજેટ ૨૦૧૮ – ઉડતી નજરે ..... **દિનેશ આર. મહેતા**...૨૪

**ન્યાયતંત્ર**
- નથી ન્યાયતંત્રનું ચીરહરણ, નથી ક્રાંતિ, બળવો કે નથી બંડ – છે માત્ર સુપ્રીમ કોર્ટના સ્ફટિકશા સુયોગ્ય આંતરિક વહીવટ માટેનો ત્રેવડો આગ્રહ ..... **પ્રવીણચંદ્ર શાહ**....૨૭

**કચ્છ**
- ભૂકંપગ્રસ્ત કચ્છના ઔદ્યોગિક વિકાસે - વિશ્વ નકશે સ્થાન અપાવ્યું ..... **નિમિષ ફડકે, એમ.ડી. શેઠિયા**....૩૬
- કચ્છની તવારીખ : ઐતિહાસિક પશ્ચાદભૂ-૨. **સંપાદક : પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી**....૩૯

**વતનના વાવડ**
- કચ્છના વિવિધ સમાચાર (સંક્ષિપ્તમાં) ..... ૪૧

**શિક્ષણ**

- પરીક્ષા વાલીની કે વિદ્યાર્થીની? ...... **ડૉ. મિહિર એમ. વોરા** ... . ૪૪

**અતીતની અટારીએથી**

- વાઈસરોય લોર્ડ મિન્ટોનો પ્રત્યુત્તર : મુસ્લિમ કોમની તરફેણ ...... **ભરત ભટ્ટ** ... . ૪૫

**વાઇબ્રન્ટ હાસ્ય**

- લાફ્ટર થેરાપી – લાફ્ટર ઈસ ધી બેસ્ટ મેડિસિન – (૨) ...... **તુલસી કંસારા** ... . ૪૮

**સ્વાસ્થ્ય**

- મને વધારે પડતા વિચારો આવે છે – (૨) ...... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ... . ૫૧
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

**પરફોર્મન્સ**

- સમય જોઈને સંબંધ રાખે એના કરતાં સંબંધ જોઈને સમય આપે તે સાચો સંબંધ ...... **ભોલાભાઈ ગોલીબાર** ... . ૫૪

**સ્મૃતિ પટ**

- એક લટાર... યાદોંના આલ્બમમાં! ...... **પાર્થ દવે, પત્રકાર** ... . ૫૫

**વાર્તા**

- વાતવાતમાં – સુખડીનો સ્વાદ ...... **બલવીરસિંહ જાડેજા** ... . ૫૭
- વસવસો ...... **રમીલા પી. મહેતા** ... . ૫૯

**વિવિધતા**

- અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૬૨
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : કહેવતોની દુનિયામાં ડોકિયું ...... **ભાવના એ. ઝવેરી** ..... ૬૫
- **USEFUL INFORMATION** ...... ૬૬
- શબ્દ શોધ - ક્રમાંક : ૬૯ ...... **પ્રદીપ જોશી** ..... ૬૭

**મેઘધનુષ**

- પ્રેમ ● પાળિયા ...... **દિલીપ આચાર્ય 'દિલકશ'** ..... ૬૮
- માઈક્રો ફિક્શન : અકથ્ય ઓછપ ...... **શંકર ન. ઠક્કર, નિવૃત્ત નાયબ કલેક્ટર** ..... ૬૮
- લાગણીશૂન્ય કે તટસ્થ્ય? ● પાળિયા ...... **'આરસી' શાહ** ..... ૬૮

**વિભાગ-૨**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ...... ૬૯

*સંજોગો અને સમય ક્યારે બદલાય છે એ કંઈ નક્કી નથી.*
*એનું ઉદાહરણ :*
*ભગવાન શ્રી રામને સાંજે ગાદી પર બેસવાનું હતું ત્યારે સવારે વનવાસે જવું પડ્યું!*



તંત્રીલેખ

# સુસંસ્કૃત સમાજ



અશોક મહેતા

ઈ.સ. ૨૦૧૮નું નવું વર્ષ શરૂ થતાં અમેરિકાની કાઉન્સિલ ઓફ ફોરેન રીલેશને ૨૦૧૮માં સંભવતઃ સંઘર્ષનું નવું લિસ્ટ બહાર પાડેલ છે. કાઉન્સિલના હિસાબે ૨૦૧૮માં ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વધારે ઉગ્ર બને તેવી શક્યતા તો રહેલ છે પરંતુ સાથે સાથે વિશ્વમાં કયા કયા દેશોમાં સંઘર્ષ ચાલુ રહી વધુ ઉગ્ર બનશે અથવા નવા સંઘર્ષ પેદા થશે તેવું પણ એક લિસ્ટ બનાવેલ છે, જે અત્રે પ્રસ્તુત છે.

(૧) તાલિબાન - અમેરિકા, (૨) સીરિયા, (૩) દક્ષિણ ચીની સમુદ્ર, (૪) ઉત્તર કોરિયા, (૫) ઇરાકમાં આઈ.એસ.ના આતંક, (૬) લિબિયામાં સિવિલ વોર, (૭) પાકિસ્તાનમાં ઈસ્લામિક સ્ટેટ, (૮) લેબેનોન, (૯) ઈજિપ્તમાં ઈસ્લામિક સ્ટેટ, (૧૦) યુક્રેન, (૧૧) કુર્દીશ કોન્ફિલક્ટ, (૧૨) મેક્સિકોની ગુનાખોરી, (૧૩) ઇઝરાયેલ - પેલેસ્ટાઇન, (૧૪) નાઇજિરિયામાં બોકો હરામ, (૧૫) યમન, (૧૬) યુરોપમાં રેફ્યુજીનો પ્રશ્ન, (૧૭) ભારત - પાકિસ્તાન વચ્ચે સીધો જંગ.

કાઉન્સિલના હિસાબે આ સિવાય પણ અન્ય નાના નાના સંઘર્ષ તો અનેક દેશોમાં છે પરંતુ ઉપરોક્ત ૧૭ સંઘર્ષો એવા છે કે જે મોટા પાયે ફેલાય તેવી પરિસ્થિતિમાં છે.

પ્રશ્ન એ થાય છે કે આ સંઘર્ષમય વાતાવરણ શા માટે? શાંતિમય સહઅસ્તિત્વ લોકોને સ્વીકાર્ય કેમ નથી? જગતમાં કોઈ દેશ એવો નથી કે જ્યાં માનવ માનવની વચ્ચે સમય સમય પ્રમાણે સંઘર્ષમય વાતાવરણ પેદા થયેલ ના હોય! એક રાજાએ બીજા રાજા પર ચડાઇ કરી ના હોય! એક દેશે બીજા દેશ પર ચડાઇ કરી ના હોય! વીસમી સદીના બંને વિશ્વયુદ્ધો આ સંઘર્ષના જ પરિણામો છે.

જે રીતે અન્ય દેશોમાં સંઘર્ષમય વાતાવરણ ચાલુ રહેલ છે એ જ રીતે ભારત દેશમાં પણ પ્રાચીન ભારતથી અત્યાર સુધી સંઘર્ષમય વાતાવરણ ચાલુ ને ચાલુ રહેવા પામેલ છે. કબીલા-કબીલા વચ્ચે, રાજા-રાજા વચ્ચે, પ્રદેશ-પ્રદેશ વચ્ચે અને હાલે પક્ષ-પક્ષ વચ્ચે આ જ પ્રકારનું વાતાવરણ જોવા મળેલ છે. દરેક, બીજાથી ચડિયાતો થવા ઇચ્છે છે. દરેકને પોતાનું વર્ચસ્વ ફેલાવવું છે. દરેકને પોતાનું આધિપત્ય જમાવવું છે. સામી વ્યક્તિની વ્યાજબી વાત પણ અન્યને મંજૂર રાખવી નથી, પછી ભલે રાજ્યસભા - લોકસભા હોય કે વિધાનસભા - વિધાન પરિષદ હોય કે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત કે ગ્રામ પંચાયત હોય – વાતાવરણ તો સંઘર્ષમય જ રહેવા પામેલ છે. આ પ્રકારના સંઘર્ષમાં એકબીજાનું અસ્તિત્વ મિટાવી દેવાના દાખલા પણ બનવા પામે છે.

આ સિવાય વર્તમાનપત્રોના પાનાના પાના ભરેલા આપણે ખૂન, ધાડ, લૂંટ, ચોરી, દગાબાજી, લાંચ રુશવત, અનીતિ વગેરેના સમાચારો દરરોજ વાંચતા રહીએ છીએ.

વિવિધ જ્ઞાતિ સમાજો અને સંસ્થાનોમાં પણ એકબીજાને પાડી દેવાની ભાવના, પક્ષાપક્ષી, કૂડ કપટ જેવી પ્રક્રિયાઓ રોજબરોજ નિહાળતા આવીએ છીએ.

ક્યાંક સારી ભાવનાથી લોકો સાથે રહી, કાર્યરત રહેતા હશે પંરતુ મોટાભાગે પરિસ્થિતિ ઉપર વર્ણવ્યા મુજબની રહેવા પામે છે.

**પ્રશ્ન એ થાય છે કે વિશ્વ આ પ્રકારની સંઘર્ષમય ભાવનાથી ક્યારે મુક્ત થશે? જ્યાં સુધી સંઘર્ષમય ભાવનાનો ત્યાગ કરી શાંતિપૂર્વકના વાતાવરણમાં દુનિયાની ઉન્નતિના વિચારો વિશ્વના એક એક નાગરિકમાં નિરૂપણ નહીં થાય ત્યાં સુધી આ દુનિયામાં સાચા અર્થમાં સંપૂર્ણ સમાજ સુસંસ્કૃત નહીં બની શકે.**

આજે આપણે એમ કહીએ છીએ કે હજારો વર્ષ અગાઉ માનવી જંગલી અવસ્થામાં વિચરતો હતો અને ધીરે ધીરે તે સુસંસ્કૃત થતો ગયો. પરંતુ જ્યારે આજે આપણે દરરોજના વર્તમાનપત્રો વાંચીએ છીએ ત્યારે અમેરિકા, ચીન કે પાકિસ્તાનના વડવાઓના બયાનો વાંચીએ અથવા તો ધાડ, લૂંટ, ચોરી, દગાબાજી વગેરેના પાનાના પાના ભરી સમાચારો વાંચીએ ત્યારે પ્રથમ પ્રશ્ન એ થાય કે શું ખરેખર આજનો માનવી સુસંસ્કૃત છે? ભારતનો એકે એક નાગરિક સુસંસ્કૃત છે? વિશ્વનો મોટા ભાગનો સમુદાય સુસંસ્કૃત છે? **સુસંસ્કૃત માનવના મસ્તિષ્કમાં એકબીજાને પાડી દેવાની ભાવના ના હોય.** ભિન્ન વિચારસરણીને સમજી, પારખી, ઉદારદિલ ભાવનાથી જતું કરવાની ભાવના હોય. **અન્યની વિચારસરણી સાથે સહમત ભલે ન થવાય પરંતુ સહઅસ્તિત્વની ભાવના તો કેળવી જ શકાય.** અન્ય વિચારસરણીવાળાને સહન જ ના કરી શકાય. એ માત્ર જંગલીયાતપણું જ છે.

જ્યાં સુધી શિક્ષણ સંસ્થાઓ આ પ્રકારની ભાવનાઓમાંથી પોતાના વિદ્યાર્થીઓને, કે જેઓ ભવિષ્યના નાગરિક બનવાના છે, તેઓને બહાર નહીં લાવી શકે, જ્યાં સુધી માનસશાસ્ત્રીઓ અને મનોચિકિત્સકો આ ભાવનાને ડામવાના ઈલાજો કારગત નહીં કરાવડાવી શકે, જ્યાં સુધી સાંસ્કૃતિક ધામો આ પ્રકારની સંસ્કૃતિ નહીં ફેલાવી શકે, જ્યાં સુધી મહાત્માઓ અને આધ્યાત્મિક જૂથો આ પ્રકારની વિચારસરણી બહોળા સમુદાયમાં નહીં ફેલાવી શકે ત્યાં સુધી સંપૂર્ણ માનવજાત સાચા અર્થમાં સુસંસ્કૃત નહીં બની શકે. સુસંસ્કૃત પ્રજા જ શાંતિમય અસ્તિત્વની આરાધક બની શકે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## હિંદુસ્તાન – એક આશ્ચર્યજનક દેશ

*હિંદુસ્તાન એક આશ્ચર્યજનક દેશ છે!*

*અહીં :* – જેસીકાનું ખૂન થયું છે પણ તે કોઇએ કરેલ નથી!
સુનંદા પુષ્કરનું ખૂન થયું છે તેને પણ કોઈએ કરેલ નથી!
આરૂષીની હત્યા થઈ છે અને તે પણ કોઈએ કરેલ નથી!
ફુટપાથ પર એક્સિડન્ટથી કેટલાક લોકો મૃત્યુ પામ્યા પરંતુ તે એક્સિડન્ટ કોઈએ કરેલ નથી!

*અને હવે વિગતો આવી છે કે –*
દેશને ૧.૭ લાખ કરોડનો ચૂનો ચોપડવામાં આવ્યો છે પરંતુ તે કોઇએ ચોપડેલ નથી!

*ભવિષ્યમાં વિગતો આવશે કે –*
કોલ કૌભાંડમાં કોઈ ગુનેગાર નહીં હોય!
સી.ડબલ્યુ.જી. કૌભાંડમાં કોઈ ગુનેગાર નહીં હોય!
નેશનલ હેરલ્ડ કૌભાંડમાં પણ કોઈ ગુનેગાર નહીં હોય!

*છે ને હિંદુસ્તાન, એક આશ્ચર્યજનક દેશ!*

વિચાર મંચ

# પુસ્તક વિનાનું ઘર એ આત્મા વિનાના શરીર જેવું છે



ડૉ. યાસીન દલાલ

હમણાં અમદાવાદ સહિત દેશભરમાં અનેક સ્થળે પુસ્તક મેળા યોજાઇ ગયા. જો કે આપણે ત્યાં બિહાર વિશે ખરાબ માન્યતા છે પણ સાચી વાત એ છે કે બિહારમાં જ્યારે જ્યારે પુસ્તક મેળા યોજાય છે ત્યારે ત્યાં પુસ્તકોનું ધૂમ વેચાણ થાય છે ત્યારે ગુજરાતમાં હજી પુસ્તકો યોગ્ય માત્રામાં વેચાતા નથી એવી ફરિયાદ છે અને જે વેચાય છે તે કયા વિષયના હોય છે? મિકેનિક કેમ બનાય, જીવનમાં સફળ કેમ થવાય, ફલાણી વાનગી કેમ બને વગેરે. ટી.વી. કાર્યક્રમોમાં પણ આવા કાર્યક્રમોની બોલબાલા હોય છે. **પુસ્તકો શાંત ક્રાંતિ ફેલાવી શકે છે. આઝાદી પહેલાં આપણા મહાન નેતાઓએ જેલમાં બેઠા બેઠા ઉત્તમ પુસ્તકો લખેલા. આ બધા પુસ્તકો આજે અમર થઈ ગયા છે.** હમણા ફિલ્મ કલાકારોમાં પણ આત્મકથા લખવાનું ચલણ વધ્યું છે.

અંગ્રેજીમાં કહેવત છે કે, માણસની ઓળખ એની સોબત પરથી થવી જોઈએ. આ કહેવત સુધારીને કહી શકાય કે, માણસની ઓળખ એ કેવા પુસ્તકો વાંચે છે એના પરથી થવી જોઈએ. કોઈ શાનદાર બંગલામાં લાખો રૂપિયાનું ફર્નિચર હોય પણ એક નાનકડી લાઇબ્રેરી ન હોય તો એ આત્મા વિનાનું શરીર છે. ધૂમ્રપાન કરતાં વાંચનપાનનું વ્યસન વધારે સારું. થોરોએ કહ્યું છે તેમ પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.

**ઇતિહાસમાં એવા અનેક દાખલા છે કે એક પુસ્તકે દેશ અને દુનિયાનો ઘટનાક્રમ જ બદલી નાખ્યો હોય. આવું એક યાદગાર પુસ્તક કાર્લ માર્કસનું 'દાસ કેપીટલ' છે.** માર્કસે હાઇડલબર્ગના પુસ્તકાલયમાં સતત ચાલીસ વરસ સુધી બેસીને દુનિયાભરના ઉત્તમ ગ્રંથોનું વાંચન કર્યું અને ચિંતન કર્યું. આ મંથનમાંથી સામ્યવાદના સિદ્ધાંતનો જન્મ થયો. કાલ માર્કસે કહ્યું કે, દુનિયાનાં બધા દુઃખદર્દોનું મૂળ મૂડી છે. અમીર ગરીબના ભેદ કેપીટલ એટલે કે પૈસાને લીધે જ છે. જો મૂડીની વહેંચણીમાં સમાનતા આવે તો જ અમીર ગરીબીના ભેદ દૂર થાય. એણે એમ પણ કહ્યું કે, માણસજાત પાસે પૂરતો પૈસો છે પણ એ પૈસો મુઠ્ઠીભર લોકોએ દબાવી રાખ્યો છે. અજાયબીરૂપે ઘટના એ બની કે આ સિદ્ધાંત જર્મનીમાં શોધાયો અને એનો અમલ રશિયામાં થયો. રશિયામાં ૧૯૧૭ પહેલાં ઝારનું શાસન હતું. લેનિને એ શાસન ઊથલાવી નાખ્યું અને ક્રાંતિ કરી. આમ એક પુસ્તક એક દેશમાં જબરદસ્ત શાસન પલટાનું નિમિત્ત બન્યું. રશિયાને પગલે ચેકોસ્લોવેકિયા પોલેન્ડ, હંગેરી, રોમાનિયા અને ચીન તથા પૂર્વ જર્મનીમાં પણ સામ્યવાદી શાસન આવ્યું. **આમ એક પુસ્તકે અર્ધી દુનિયાનો નકશો બદલી નાખ્યો.**

વિશ્વયુદ્ધને પગલે સમગ્ર યુરોપમાં નિરાશાની ઘેરી અસર ફેલાઇ ગઇ. યુદ્ધમાં કરોડો લોકોએ જાન ગુમાવ્યા. આમાં લાખો સ્ત્રીઓ અને બાળકોનો પણ સમાવેશ થતો હતો. **લોકોને પ્રશ્ન થયો કે આટલી મોટી સંખ્યામાં કરોડો નિર્દોષ લોકો મરી ગયા ત્યારે સર્જનહાર શું કરતો હતો?** લોકોની સર્જનહારમાંથી શ્રદ્ધા પણ ડગમગવા લાગી. કેટલાક ફિલોસોફરોને લાગ્યું કે, મનુષ્ય જીવન નિરર્થક છે. આમાંથી નિત્શેતિવાદના સિદ્ધાંતનો જન્મ થયો. સાત્ર, કિર્કગાર્ડ અને હેગેલ જેવા ચિંતકો આ ફિલોસોફીના પ્રણેતા હતા. સાત્રેના પુસ્તક 'આયર્ન ઇન ધ સોલ'માં આનો સાર જોવા મળે છે. નિત્શેએ વિધિસર જાહેર કર્યું કે, ઇશ્વરનું અવસાન થયું છે. આ ફિલોસોફી અંગે એણે કેટલાક લેખો અને પુસ્તકો લખ્યાં. નિત્સેએ કહ્યું કે, માણસ સ્વતંત્ર છે એ એક મોટો ભ્રમ છે. માણસને મનગમતો પ્રદેશ, ધર્મ, જ્ઞાતિ કે કુટુંબ પસંદ કરવાની છૂટ ન હોય તો એ સ્વતંત્ર કઈ રીતે કહેવાય?

હજારો વરસ પહેલાં એરિસ્ટોટલ, પ્લેટો અને સોક્રેટિસે આપેલી ફિલોસોફી આજે પણ પ્રસ્તુત છે. સોક્રેટિસના સંવાદોનું પુસ્તક આજે પણ વિશ્વ સાહિત્યમાં સ્થાન પામે એટલું સશક્ત છે. એરિસ્ટોટલ અને પ્લેટોનાં પુસ્તકો પણ અત્યંત મનનીય છે. એમાં પણ 'પોયેટિક્સ' નામનું પુસ્તક અને વર્ણવાયેલી વિચારસરણી અમર છે. **ગાંધીજી માનતા કે પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાં પણ અધિક છે. રત્ન બહારની ચમક બતાવે છે, જ્યારે પુસ્તક અંતઃકરણ ઉજાળે છે.** પુસ્તકો મનુષ્યને એક નવી સૃષ્ટિમાં લઈ જાય છે.

પુસ્તકો વાંચનારનું મન વિશાળ હોય છે. એને ખુલ્લા આકાશની જરૂરત નથી પડતી. પુસ્તકથી મનુષ્યની ચેતનાનો વિસ્તાર થાય છે. **મનુભાઈ પંચોળીના કહેવા મુજબ, 'મુઠ્ઠી સાકર ભોજનને મીઠું કરે છે, તેમ ઉત્તમ કૃતિઓ જીવનને મધુર કરે છે અને તે પણ કસી જોર જબરાઇ કર્યા વિના.** બારણાંની તિરાડમાંથી કે ઉપરના અજવાળિયામાંથી ફૂલની સુગંધ જેમ વાયુ વાટે પથરાય છે, રોમાંચિત કરે છે, તેમ આવું સાહિત્ય ચિત્તમાં પ્રવેશી આનંદ લહેરખીથી વાંચકને ડોલાવી દે છે.

એક લેખિકાએ રચેલું અંકલ ટોમનું પાત્ર વાચકના ચિત્તને જકડી લે છે. આ નવલકથા એ જમાનામાં એટલી હદે લોકપ્રિય થઈ કે આખા દેશમાં હબસીઓ પ્રત્યે સહાનુભૂતિનું પ્રચંડ મોજું ફરી વળ્યું. એ જ રીતે ચાર્લ્સ ડિકન્સની 'ડેવિડ કોપરફિલ્ડ' અને બીજી અનેક નવલકથાઓએ સમગ્ર યુરોપમાં અનાથ બાળકોની સમસ્યા પ્રત્યે પ્રજાનું ધ્યાન ખેંચ્યું. ઈંગ્લેન્ડ તથા યુરોપના બીજા અનેક દેશોમાં અનાથ બાળકોની તરફેણમાં કાયદા ઘડાયા.

આત્મકથા પણ પશ્ચિમમાં એક લોકપ્રિય સાહિત્યપ્રકાર છે. ગ્રેહામ ગ્રીને પોતાના સંસ્મરણો લખ્યાં જે આજે પણ રસપ્રદ છે. 'એ શોર્ટ ઓફ લાઈફ એન્ડ વોયેજ ઓફ એસ્કેપ' નામનાં સંસ્મરણો અત્યંત રસપ્રદ શૈલીમાં લખાયેલાં છે. ગ્રેહામ ગ્રીન માટે લેખન એ પીડા અને યાતનામાંથી છૂટકારાનો માર્ગ હતો. **આત્મકથાની વાત આવી છે તો ગુજરાતીમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વેચાણ ગાંધીજીની આત્મકથાનું થયું. 'સત્યના પ્રયોગો' નામની આ આત્મકથાની લાખો નકલો અત્યાર સુધીમાં વેચાઈ ચૂકી છે.** એમાં ગાંધીજીની આત્મકથા એટલી સરળ ભાષામાં લખાઈ છે કે એને સમજવા માટે કોઈ ઝાઝો પ્રયત્ન કરવો પડતો નથી. એનું એક એક વાક્ય સીધું દિલમાં ઊતરી જાય છે. બીજા વિશ્વયુદ્ધ વખતે યુરોપના દેશોની જે દુર્દશા થઇ એમાંથી અનેક મહાન સાહિત્યકૃતિઓ તથા ફિલસૂફીઓ બહાર આવી. અસ્તિત્વવાદની વાત અન્યત્ર કરી છે. એ જ અરસામાં જર્મન લેખક થોમસ માને એક અદ્ભુત નવલકથા લખી. જેને નોબેલ ઇનામ મળ્યું. 'મેજીક માઉન્ટેન' નામની આ નવલકથા સ્વીટ્ઝર્લેન્ડમાં આવેલી એક હોસ્પિટલની પશ્ચાદભૂમિમાં આકાર લે છે. આ હોસ્પિટલમાં યુરોપના મોટાભાગના દેશોના દર્દીઓ દાખલ થાય છે. એનો નાયક હેન્સ કેસટ્રોપ પોતાના એક સગાને દાખલ કરાવવા માટે આવે છે. ડૉક્ટરો કહે છે કે, એ પોતે પણ એક ગંભીર રોગથી પીડાઈ રહ્યો છે. એ પોતે પણ હોસ્પિટલના મુલાકાતીને બદલે દર્દી તરીકે દાખલ થાય છે. આ હોસ્પિટલમાં જર્મની, ફ્રાંસ, ઇટાલી અને સ્વીડન સહિત યુરોપના અનેક દેશોના નાગરિકો ઈલાજ માટે એકઠા થાય છે. નવરાશની પળોમાં એ લોકો એકઠા થઈને દેશ અને દુનિયાના રાજકારણની ચર્ચા કરે છે. બધાં એમ માનતા હોય છે કે મારો જ દેશ મહાન અને મારી જ વિચારણા ઊંચી. આ વાર્તા અત્યંત પ્રતિકાત્મક છે. લેખકનું કહેવું છે કે, વિશ્વયુદ્ધને કારણે યુરોપના બધા દેશો અને નેતાઓ દર્દી બની ગયા છે અને આખું યુરોપ એક વિરાટ હોસ્પિટલમાં ફેરવાઈ ગયું છે. વાર્તા પરાકાષ્ટાએ પહોંચે છે અને નવલકથાના બે પાત્રો જીદે ચડે છે. અંતે એ લોકો નક્કી કરે છે. પોતાની રિવોલ્વરમાંથી એકસાથે ગોળી છોડવી. ગોળીબારમાં બંને પાત્રો મોતને ભેટે છે. આમ થોમસ માને કહે છે કે યુદ્ધમાં બધાનો વિનાશ થાય છે.

એલન પેટનની નવલકથા 'ક્રાઇ ધી બિલ્વડે કન્ટ્રી' પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. આફ્રિકાની પ્રજાની આઝાદી માટેની ઝંખના એમાં અત્યંત હૃદયસ્પર્શી ઢબે વ્યક્ત થઈ છે. આ નવલકથાએ સમગ્ર આફ્રિકન પ્રજામાં આઝાદીની ચેતના જગાવી હતી. કોઇ જાતના સીધા ઉપદેશ વિના આવી સાહિત્યકૃતિઓ પોતાના સંદેશ અત્યંત મર્મભેદી ઢબે વ્યક્ત કરે છે. સાથેસાથે જીવાતા જીવનની તાદશ ઢબે રજૂઆત કરે છે. આવી જીવન સાથે વણાયેલી કૃતિઓથી જ સાહિત્ય સાર્થક બને છે.

**જેમ રશિયામાં માર્કસના પુસ્તકથી ક્રાંતિ થઇ એ રીતે ફ્રાંસમાં વોલ્ટેર અને રૂસોનાં પુસ્તકોથી ક્રાંતિ થઈ.** બે દાયકા પહેલાં ફ્રાંસના રાજા લૂઈનું શાસન હતું જે અત્યંત લોકવિરોધી હતું. ફ્રાંસની પ્રજા જુલ્મી રાજાથી ગળે આવી ગઈ હતી. આ વાતાવરણમાં વોલ્ટેર અને રૂસોએ લેખો અને પુસ્તકો લખીને પ્રજામાં નવો જુસ્સો રેડી દીધો. આના પરિણામે લોકો પેરિસની શેરીઓમાં નીકળી આવ્યાં. આ ક્રાંતિને ગિલોટીન ક્રાંતિ પણ કહે છે. રાજા લુઇના સમગ્ર વંશનો સફાયો કરી નખાયો. હેન્રી પીટરે કહેલી ઉક્તિ અહીં બિલકુલ સાચી પડી. એણે કહ્યું હતું કે, વાંચનપ્રિય પ્રજાને દોરવી સરળ છે, પણ હાંકવી અતિમુશ્કેલ છે. એને શાપિત કરી શકાય છે, પણ ગુલામ તો એ ક્યારેય થતી નથી. વોલ્ટેર અને રૂસોના લખાણોએ ફ્રાંસમાં જ નહીં પણ દુનિયામાં લોકશાહીનું એક અત્યંત ગૌરવપ્રદ પ્રકરણ આલેખ્યું છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ _સંચાલિત_

# ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

'કચ્છશ્રુતિ'ના જાન્યુઆરી-૨૦૧૮ અંકના પાના નં.-૧૨ પર જણાવ્યા અનુસાર શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ગત તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮થી "ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી" કાર્યરત કરી દીધેલ છે અને જાહેરાત અનુસાર સમાજ પરિવારમાંથી અનેક લોકોએ તેના સભ્ય બનવાનું શરૂ કરી દીધેલ છે. આ લાઇબ્રેરીમાં વિવિધ વિષયના અને તજજ્ઞ લેખકશ્રીઓના પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવેલ છે કે જેથી સુજ્ઞ વાચકવર્ગને તેના મનગમતા વિષયની પસંદગીના પુસ્તકો પ્રાપ્ત થઈ શકશે.

ગત અંકમાં જાહેરાત કર્યા બાદ કેટલાક વાચકો તરફથી સૂચન આવેલ કે **એક સાથે ૩ પુસ્તકો વાંચન માટે લઈ જઈ શકાય** એ હકીકત તો ખૂબ જ યોગ્ય છે પરંતુ તે ૧૫ દિવસે પરત આપવાના બદલે એક મહિનાના સમયની અવધિ રાખવી જરૂરી છે. વાચકોના આ સૂચનને આવકારી, એવો નિર્ણય લેવામાં આવેલ છે કે આ લાઇબ્રેરીમાંથી **જરૂરિયાત અનુસાર એક સાથે ૩ પુસ્તકો વાંચવા માટે લઈ જવા મળશે અને તેને એક મહિનાની અંદર પરત કરવાના રહેશે.**

આ લાઇબ્રેરીના સભ્ય બનનારે માત્ર એક વખત રૂા. ૧૦૦/- સભ્ય ફી (Non Refundable) તરીકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં જમા કરાવવાના રહેશે. લાઇબ્રેરીના પુસ્તકનું વાંચન સમગ્ર સમાજ માટે જ્ઞાનવર્ધક હોવાથી કચ્છી સમાજ સિવાયના લોકો પણ આ લાઇબ્રેરીનો ઉપયોગ કરી શકશે.

**પુસ્તકો શાંત ક્રાંતિ ફેલાવી શકે છે. આઝાદી પહેલા આપણા અનેક મહાન નેતાઓએ જેલમાં બેઠા બેઠા ઉત્તમ પુસ્તકો લખેલા છે કે જે આજે પણ અમર પુસ્તકોની શ્રેણીમાં આવે છે.**

ઈતિહાસમાં એવા અનેક દાખલા છે કે એક પુસ્તકના વાંચને દેશ અને દુનિયાનો ઘટનાક્રમ જ બદલી નાખ્યો હોય. જર્મનીના કાર્લ માર્કસે લખેલ 'દાસ કેપિટલ' એવું પુસ્તક છે કે જે વાંચીને દુનિયાના અનેક દેશોમાં ક્રાંતિ સર્જાઇ. આ પુસ્તકના વાંચનથી રશિયા, ચેકોસ્લોવેકિયા, પોલેન્ડ, હંગેરી, રોમાનિયા, ચીન અને પૂર્વ જર્મનીમાં એવી ક્રાંતિ સર્જાઇ કે ત્યાંની પ્રજાએ રાજાશાહીને ઉથલાવી, નવી શાસન વ્યવસ્થા ઊભી કરી. આ રીતે આ પુસ્તકે અડધી દુનિયાનો નકશો બદલી નાખ્યો.

**ગાંધીજી માનતા કે પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાં પણ અધિક છે. રત્ન બહારની ચમક બતાવે છે, જ્યારે પુસ્તક અંતઃકરણ ઉજાળે છે.**

**મનુભાઈ પંચોળી**ના કહેવા મુજબ મુઠ્ઠી સાકર ભોજનને મીઠું કરે છે તેમ ઉત્તમ કૃતિઓ જીવનને મધુર કરે છે અને તે પણ કોઈ પણ પ્રકારની જબરદસ્તી કર્યા વિના.

જેમ રશિયામાં કાર્લ માર્કસના પુસ્તકથી ક્રાંતિ થઇ, એ રીતે ફ્રાંસમાં વોલ્ટર અને રૂસોનાં પુસ્તકોથી ક્રાંતિ થઈ. આપણા દેશમાં આજે પણ બંગાળી નવલકથા 'દેવદાસ'નો દરજ્જો બરકરાર છે. આજે આપણે ટી.વી. ચેનલોના આક્રમણની વચ્ચે જીવી રહ્યા છીએ પણ ટી.વી.નો કાર્યક્રમ ટાઇમ પાસ કરવા પૂરતો મર્યાદિત છે જ્યારે શાશ્વત આનંદ તો પુસ્તક વાંચનમાંથી જ મળે છે.

પુસ્તક વાંચનના ઉપરોક્ત અનુસંધાનો જગવિખ્યાત છે અને કોઈપણ સુસંસ્કૃત વ્યક્તિએ નિયમિતપણે પુસ્તક વાંચન ચાલુ રાખવું જોઈએ. પુસ્તક, એ મગજ માટેનો આહાર છે અને તે કોઈ પણ વ્યક્તિને મૂળમાંથી સુસંસ્કૃત, સજ્જન અને બુદ્ધિમય બનાવે છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને આ લાઇબ્રેરીના પુસ્તકો નિયમિતપણે વાંચવાનું અમારું ઇજન છે.

આપશ્રી વહેલી તકે આ લાઇબ્રેરીના સભ્ય બની જાવ તેવો અમારો અનુરોધ છે.

★ ***સ્થળ*** : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

★ ***ફોન*** : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

★ ***સમય*** : બપોરના ૧.૦૦થી સાંજના ૫.૦૦ (રવિવાર સિવાય)

***કન્વીનર - લાઇબ્રેરી સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

વિચાર મંચ

માળખાકીય શોષણ

# શાસનવ્યવસ્થા ક્ષેત્ર

• મુરજી ગડા •

*(આગળનું પ્રકરણ ડિસેમ્બર-૨૦૧૭ના અંકમાં પ્રકાશિત થયેલ છે.*

**અત્યાર સુધી રાજાશાહી અથવા તો સરમુખત્યારી શાસનવ્યવસ્થા સર્વવ્યાપી હતી.** રાજા અને એના નજીકના લોકો અમર્યાદ સત્તા અને સગવડો ભોગવતા હતા. એના પ્રમાણમાં સમાજની સુખાકારીમાં એમનો ફાળો નગણ્ય હતો. જૂજ અપવાદ બાદ કરતાં, મોટાભાગના રાજાઓ એશઆરામ કરતા. એમના ખુશામતિયા, પ્રજાનું દરેક પ્રકારે શક્ય એટલું શોષણ કરતા. એમનાથી બચવું અસંભવ હતું.

**આટલું પૂરતું ન હોય તેમ ઘણા રાજા પોતાને ઈશ્વરના પ્રતિનિધિ હોવાનું ગણાવતા અને અજ્ઞાની લોકો તે અહોભાવથી સ્વીકારી લેતા.** પ્રજાનુ માનસ પરિવર્તન એટલી હદ સુધી કરી શકાતું કે રાજાને ક્યારે પણ જોયો ન હોય એવા લોકો પણ રાજાને કે એના વંશજોને બચાવવા પોતાના પ્રાણ આપી દેતા અચકાતા નહીં. **પરાકાષ્ટા તો એ છે કે આજના માહિતીયુગ ગણાતા સમયમાં પણ કોઈ રાજકીય હસ્તીનું અવસાન થતાં એમના ચાહકોએ આત્મહત્યા કરી હોય એવા બનાવ બને છે.** વ્યક્તિપૂજાની આનાથી વધુ અંતિમ હદ શું હોઈ શકે?

જાગીરદારી અને જમીનદારી પ્રથા પણ વિશ્વવ્યાપી હતી. આ જાગીરદારો / જમીનદારો રાજાની નાની પ્રતિકૃતિ જેવા હતા. એમની સત્તા અને પહોંચ મર્યાદિત હોવા છતાં એમની શોષણખોરી અમર્યાદ થઈ શકતી. રાજવંશ ચાલતો હોય ત્યાં સુધી એમની સત્તા પણ ચાલુ રહેતી. આ વ્યવસ્થા એટલી સજ્જડ હતી કે સદીઓ સુધી તે ટકી રહી.

**અમેરિકામાં બ્રિટિશ હકુમત સામે તેમજ ફ્રાંસમાં રાજાશાહી સામે બળવો કરી લોકશાહી સ્થાપવાની શરૂઆત આશરે અઢીસો વર્ષ પહેલાં થઈ છે.** એની પહેલાના લોકશાહીના જે દાવા કરવામાં આવે છે, તે લોકશાહી નહીં પણ અમીરશાહી (એરિસ્ટોક્રેસી) હતી. અમીરશાહીમાં સમાજનો ઉપલો વર્ગ રાજાની સત્તા થોડી ઓછી કરી પોતા માટે ખાસ સત્તા અને સવલતો મેળવવામાં સફળ થાય છે. જો કે આમપ્રજાને એમાં કોઈ અધિકાર નથી મળતા કે ફરક નથી પડતો. **આમ પ્રજાને મતાધિકાર હોઈ શકે એવું તો કોઈની કલ્પનામાં પણ નહોતું.** આપણું પ્રાચીન વૈશાલી કે રોમન સામ્રાજ્યની ‘સેનેટ’ કે તેરમી સદીનો ઈંગ્લેન્ડનો ‘મેગ્નાકાર્ટા’ આનાં ઉદાહરણ છે.

**વીસમી સદીના મધ્યભાગથી લોકશાહી ઝડપથી ફેલાવા લાગી છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં ૨૫ જેટલા જ દેશોમાં લોકશાહી હતી, આજે આશરે ૧૨૫ દેશોમાં લોકશાહી છે.** ક્યાંક તે સહેલાઈથી સ્વીકારાઈ છે તો ક્યાંક પ્રજાને લોહિયાળ ક્રાંતિ કરવી પડી છે. હવેના સત્તાપલટામાં મીડિયા અને ટેકનોલોજી અગત્યનો ભાગ ભજવી રહ્યા છે. હજી બાકી રહેલા દેશોમાં ઘણા પ્રકારની ઉથલપાથલ પછી આવતા દાયકાઓમાં સત્તાપલટો લાવી લોકશાહી સ્થપાવાની પૂરી શક્યતા છે. હાલ આરબ દેશોમાં થઈ રહેલા આંતરવિગ્રહો એનું તાજેતરનું દૃષ્ટાંત છે.

લોકશાહીની સૌથી મોટી ખાસિયત એ છે કે એમાં સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે છે. દરેક સત્તાકેંદ્ર અન્ય કેન્દ્ર પ્રત્યે જવાબદાર હોય છે કે પછી સીધું પ્રજા પ્રત્યે જવાબદાર હોય છે. વળી દરેક સત્તાધીશોનો શાસનકાળ પણ મર્યાદિત સમય માટે હોય છે. દરેક શાસક વર્ગને ફરીથી ચૂંટાઈ આવવા નિયત સમયે પ્રજા પાસે જવું પડે છે. કમનસીબે, આ જ એની મોટી મર્યાદા અને નબળાઈ પણ બની જાય છે. ચૂંટણી ટાણે દરેક પક્ષ પોતાની જીત માટે દેશના લાંબાગાળાના હિતને બાજુએ રાખી મતદારોને ગેરવાજબી વચનો આપે છે અને સવલતોની છૂટથી લહાણી પણ કરે છે. લાંબેગાળે દેશને તે ખૂબ મોંઘું પડે છે.

**બધા દેશોની લોકશાહી હજી ઉત્ક્રાંતિકાળમાંથી પસાર થઈ રહી છે.** વિવિધ લોકશાહી દેશોની શાસનપદ્ધતિ વચ્ચે પણ ઘણો ફરક છે. સમય જતાં નબળાઈઓનો ઉકેલ લાવી લોકશાહી પરિપક્વ થવી જરૂરી છે. લોકશાહીની વ્યાખ્યા પ્રમાણે એ જ્યારે પણ ખરા અર્થમાં લોકોની, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી શાસનવ્યવસ્થા થશે ત્યારે આ ક્ષેત્રના માળખાકીય શોષણનો અંત નજીક દેખાશે.

**ભારતના સંદર્ભમાં વાત કરીએ તો પરિસ્થિતિ એટલી આશાસ્પદ નથી. ભારત લોકશાહી દેશ ખરો પણ આપણી લોકશાહી અધકચરી છે. એ**

**લોકશાહી અને અમીરશાહીનું મિશ્રણ છે.** રાજકારણમાં વંશવાદ મોટો ભાગ ભજવે છે. ઉપરાંત એમાં અસામાજિક તત્ત્વો ઘૂસી આવ્યા છે. વસતિની વિપુલતા ઉપરાંત જ્ઞાતિ, વર્ણ, ભાષા, ધર્મ વગેરેની વિવિધતાને લીધે બધા પ્રશ્નો જટીલ બની જાય છે. ચૂંટણી ટાણે એનો ભરપૂર દુરુપયોગ કરાય છે. **અન્યાય અને શોષણના જન્મદાતા એવા કાયદા વ્યવસ્થામાં ઢીલ, વ્યાપક ભ્રષ્ટાચાર, ધાર્મિક ઘેલછા, ઊંચનીચના ભેદભાવ વગેરે અન્યાય ઘટાડવામાં બાધક બને છે.**

આ સમય દરમિયાન પરંપરાગત શોષકોને દૂર કરવાની સાથે નવા સત્તાધીશો પોતે શોષક ન બની જાય એનો ખ્યાલ રાખવો ઘણો જરૂરી છે. અફસોસની વાત એ છે કે જયારે જનસામાન્યને એનો ખ્યાલ આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. એના દાખલા મોજુદ છે. **આપણી લોકશાહીમાં રાજાઓ અને જમીનદારોની જગ્યાએ હવે રાજકારણીઓ, અમલદારો, પોલીસતંત્ર, ઉદ્યોગપતિઓ વગેરેએ પ્રજાનું શોષણ ચાલુ રાખ્યું છે.** દેશમાં અવારનવાર ચાલતી ભ્રષ્ટાચાર વિરોધી ચળવળ તેમજ માહિતીનો અધિકાર (આર.ટી.આઈ.) લોકશાહીને પરિપક્વ બનાવવાની દિશામાં એક અગત્યનું પગલું છે, પણ એ પૂરતું નથી. વ્યાપક સ્તરે જનજાગૃતિની જરૂર છે.

ભારતની ભાષાઓ, જ્ઞાતિઓ, ધાર્મિક સંગઠનો વગેરેની વિવિધતાને "દેશની શક્તિ" કહેનારનો માત્ર રાજકીય હેતુ હોય છે. હકીકતમાં આટલી બધી વિવિધતા, જટીલતા બની જાય છે. આ વિવિધતાને લીધે ઊભા થતા પ્રશ્નો ઉકેલવામાં જ આપણા અઢળક સમય, શક્તિ અને સંપત્તિ વપરાઈ જાય છે. પરિણામે દરેક ક્ષેત્રની પ્રગતિ રૂંધાય છે.

**આવી બધી નબળાઈઓ છતાં લોકશાહી એ અત્યાર સુધીની ઓછી અન્યાયી અને ન્યૂનતમ શોષણવાળી શાસનવ્યવસ્થા સાબિત થઈ છે.** એ દિશામાં આગળ વધવા માટે પૂરી દુનિયાના લોકો ઉત્સુક છે, એ એના ઉમદાપણાનો પુરાવો છે. આગળ વધવાની દિશા નક્કી થવા સાથે રસ્તો પણ સ્પષ્ટ દેખાય છે. સવાલ માત્ર એના માટે આપવા પડતા ભોગ અને જરૂરી સમયનો છે. વૈશ્વિકીકરણ અને માહિતીયુગને લીધે હવે રાજાશાહી કે નવી સરમુખત્યારી તરફ પાછા જવાની શક્યતા નહિંવત્ છે. જો કે સમાજનો એક વર્ગ એવું પણ માને છે કે લોકશાહી વધુ પડતી ઉદાર થાય અથવા તો ભ્રષ્ટાચાર હદ બહાર વધી જાય તો સરમુખત્યારી ફરી પાછી આવી શકે છે. ભવિષ્ય કોઈ જાણી નથી શકતું છતાં એટલું જરૂર કહી શકાય કે લોકશાહી સામે બાહ્ય ઓછો પણ આંતરિક ખતરો વધુ છે.

**કહેવાયું છે કે સત્તા સાથે જવાબદારી પણ આવે છે. અશિક્ષિત અને બેજવાબદાર પ્રજા જ્યારે એમના મતાધિકારનો યોગ્ય ઉપયોગ નથી કરતી ત્યારે તે એના માટે શાપ બની જાય છે.** પછીનાં પાંચ વરસ માટે દેશને એની આકરી કિંમત ચૂકવવી પડે છે. આટલી મર્યાદા છતાં જે પણ સ્વરૂપે આપણી લોકશાહી છે તે ભૂતકાળની અન્ય શાસન વ્યવસ્થાઓ કરતાં વધુ સારી છે. એને પરિપક્વ કરવામાં બધાએ બને તેટલો ફાળો આપવાનો છે. બીજો કોઈ વધુ સારો વિકલ્પ હાલ તો કોઈની પાસે નથી.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૪૨૬૭ ૯૯૦૦૯*

## પુસ્તક વિનાનું ઘર એ આત્મા વિનાના શરીર જેવું છે.

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

**આપણા દેશમાં આજે પણ બંગાળી નવલકથા 'દેવદાસ'નો દરજ્જો બરકરાર છે.** દરેક દાયકે દેવદાસ ફિલ્મના પડદા ઉપર પણ અવતરે છે. સમગ્ર ભારતીય ભાષાઓના સાહિત્ય ઉપર દેવદાસના પાત્રની અમીટ છાપ અંકિત થયેલી છે. હિંદી ફિલ્મો ઉપર પણ આ પાત્ર હંમેશાં છવાયેલું રહે છે. આ કૃતિ પછી 'ન હન્યતે' નામની મૈત્રેયી દેવી દ્વારા લખાયેલી નવલકથાના ગુજરાતી અનુવાદની સાત આવૃત્તિઓ થઈ ચૂકી છે.

ગુજરાતીમાં 'સરસ્વતીચંદ્ર' આજ સુધીની ઉત્તમ નવલકથા ગણાય છે. સાથેસાથે પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' પણ હજી જીવંત છે. ક.મા. મુનશી અને ર.વ. દેસાઈની નવલકથાઓ પણ કાળના પ્રવાહમાં લુપ્ત થઈ નથી. લોગફેલોએ કહ્યું હતું તેમ સારાં પુસ્તકો જેવા કોઇ કાયમી મિત્ર નથી. કારલાઇલે કહ્યું હતું તેમ પુસ્તકોનું સંકલન જ આજના યુગનું વાસ્તવિક વિદ્યાલય છે. **આજે આપણે ટી.વી. ચેનલોના આક્રમણની વચ્ચે જીવી રહ્યા છીએ પણ ટી.વી.નો કાર્યક્રમ ટાઇમ પાસ કરવા પૂરતો મર્યાદિત છે. સાશ્વત આનંદ તો પુસ્તક વાંચનમાંથી મળે છે.**

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭, ૨૫૭૪૩૨૪*

સાંપ્રત

# બજેટ ૨૦૧૮-૧૯ : એક વિશ્લેષણ

• ભાઈલાલભાઈ કે. પટેલ - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ •

તાજેતરમાં યોજાયેલ ગુજરાતની વિધાનસભાની ચૂંટણીઓના પરિણામોની અસર અને મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને કર્ણાટકમાં આવનારી વિધાનસભાની ચૂંટણીઓ તેમજ લોકસભાની ૨૦૧૯માં આવવાની ચૂંટણીઓને ધ્યાને રાખી ફરી એકવાર મોદી સરકારે પોતાના બજેટમાં ગામ અને ખેતી ક્ષેત્ર પર ખૂબ વધુ જોર આપ્યું છે. આ ઉપરાંત વિશ્વમાં ભારતનું અર્થતંત્ર સ્થિર છે તેવી છાપ ઊભી કરવા માટે કોઈ મોટા ફેરફારો કરવેરાના માળખામાં કર્યા નથી. દર વર્ષે બજેટની અપેક્ષાઓ જુદા જુદા વર્ગ તરફથી રાખવામાં આવે છે અને આ અપેક્ષાઓ પ્રમાણે બજેટ રજૂ ના થાય તો જે તે વર્ગ બજેટ અંગે ટીકાત્મક પ્રતિસાદ આપે છે. પણ એક વાત ચોક્કસ છે કે એન.ડી.એ. સરકાર ડેફિસિટ બજેટ ક્રમશઃ ઘટાડવાનો અભિગમ અપનાવી રહી છે. દર વર્ષ કરતાં આ વર્ષનું બજેટ કંઈક વિશિષ્ટ એટલા માટે છે કે જી.એસ.ટી.ના અમલ પછીનું આ પહેલું બજેટ છે. સામાન્ય રીતે વેરાઓમાં ફેરફાર કરતા કેટલીક વસ્તુઓ સસ્તી અને કેટલીક વસ્તુઓ મોંઘી થતી હોય છે. **પરંતુ હવે પછી સામાન્ય બજેટમાં વસ્તુઓની કિંમત પર બજેટનો અંકુશ ઓછો રહેશે** કેમકે જી.એસ.ટી.ના દરથી વેરાઓ / જુદી જુદી વસ્તુઓ પરનો કર નક્કી થાય છે અને આવા ફેરફારો હવે બજેટ મારફતે નહીં પરંતુ જી.એસ.ટી. કાઉન્સિલના નિર્ણયને આધારીત રહેશે. તેથી આ પ્રથમ બજેટ એવું છે કે જેના કારણે વસ્તુઓની કિંમતમાં બજેટની જોગવાઈઓથી કોઈ મોટી અસર થતી નથી. હકીકતમાં વસ્તુઓ પરના વેરાના દર નક્કી કરવા, એ બજેટની બહાર નીકળી ગયેલી બાબત છે. તે સાથે આવકવેરાના બેઝિક દરમાં પણ કોઈ મોટા ફેરફાર નહીં કરીને ભારતનું અર્થતંત્ર સ્થિરતા તરફ છે તેવી છાપ ઊભી કરવા નાણામંત્રીએ પ્રયત્ન કરેલ છે.

એન.ડી.એ. સરકારે રેલવે બજેટ અલગથી નહીં રજૂ કરવાનો નિર્ણય કરેલ છે તેમજ રેલવેના બજેટ મારફતે **નવી રેલવે શરૂ કરવાની લોભામણી વાતોને બદલે રેલવેને વધુ સુદ્રઢ બનાવવાની દરખાસ્તો બજેટમાં રજૂ કરેલ છે, જે આવકારદાયક છે.**

જુદા જુદા ક્ષેત્રમાં બજેટમાં શું જોગવાઈઓ કરવામાં આવી છે તેનું વિશ્લેષણ જોઈએ.

## ખેડૂતો અને ગ્રામીણ ક્ષેત્ર

ગ્રામીણ કૃષિ ક્ષેત્ર અને સંબંધિત ઉદ્યોગો માટે કુલ વહેંચણી ગયા વર્ષની સરખામણીએ ૨૪ ટકા વધારીને ૧.૮૭ લાખ કરોડ રૂપિયા કરવામાં આવી છે. ધ્યાન આપવાની વાત એ છે કે ગયા વર્ષે બજેટમાં પણ ગામ અને ખેડૂતોને સૌથી વધારે પ્રમુખતા આપવામાં આવી હતી. આ ઉપરાંત આ વર્ષે ચોમાસું સારું રહેવાથી કૃષિ ઉત્પાદન વધ્યું છે. સાથે જ સરકારી યોજનાઓથી ગ્રામીણ ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. જેને વધારવા માટે મોટે પાયે જોગવાઈ મૂકવામાં આવી છે.

૧. ૮ કરોડ મહિલાઓને ઉજ્જવલા યોજના હેઠળ નવા ગેસના કનેક્શન.

૨. રૂા. ૫ લાખનો આરોગ્ય વીમો જે પહેલી વખત આપવાની દરખાસ્ત કરવામાં આવી છે. જેમાંથી ૧૦ કરોડ ફેમિલીના ૫૦ કરોડ લોકોને લાભ મળશે. આ એક ખૂબ આવકારદાયક પગલું છે.

૩. ૧.૫ લાખ આરોગ્ય કેન્દ્રો સ્થાપિત કરાશે તથા ૨૪ નવી મેડિકલ કોલેજો ખોલવાની દરખાસ્ત છે.

૪. ૪ કરોડ ઘરોને વીજળીના કનેક્શનની જોગવાઈ.

૫. ૧ લાખ પંચાયતોને ઇન્ટરનેટથી જોડવાની દરખાસ્ત કરવામાં આવી છે.

૬. આદિવાસી જિલ્લાઓમાં નવોદય શાળાઓની જેમ એકલવ્ય આવાસી સ્કૂલો ખોલવાની દરખાસ્ત.

૭. મનરેગા યોજના હેઠળ ગયા વર્ષે ૪૮ હજાર કરોડની જગ્યાએ ચાલુ દરખાસ્તમાં રૂા. ૫૫ હજાર કરોડની દરખાસ્ત છે.

૮. ખરીફ પાકના વેચાણ માટે એ.પી.એમ.સી.ના માધ્યમથી ૧૧ લાખ કરોડની જોગવાઈ.

૯. ખેડૂતોના પાકની સાથે જોડાયેલી પ્રોડક્ટ બનાવનારી ફાર્મર પ્રોડ્યુસર કંપનીઓને (૧૦૦ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતી) ૫ વર્ષ સુધી કર માફી આપવામાં આવેલ છે.

૧૦. ગ્રામ્ય વિસ્તાર માટે ૧૪.૩૪ લાખ કરોડ રૂપિયા અપાયેલ છે. જેમાંથી ૩.૧૭ લાખ કિ.મી.ના રોડ બનાવાશે અને ૫૧ લાખ નવા ઘર અને ૧.૮૮ કરોડ ટોઈલેટ બનાવવાની જોગવાઈ છે.

૧૧. ડુંગળી, ટામેટા, બટાકાના ભાવોમાં થતી વધઘટથી ખેડૂતોને બચાવવા માટે ઓપરેશન ગ્રીન લોન્ચ કરવામાં આવશે. આ ઉપરાંત ટેકાના ભાવોમાં ૧.૫ ગણો વધારો કરવામાં આવેલ છે.

## મહિલાઓ માટે

૧. નોકરીમાં નવી જોડાયેલી મહિલા કર્મચારી માટે ઇ.પી.એફ.માં કર્મચારી ફાળાની રકમ ૧૨ ટકા અથવા ૧૦ ટકાની સરખામણીમાં પ્રથમ ત્રણ વર્ષ સુધી માત્ર ૮% રહેશે. આ જોગવાઈથી નવી મહિલા કર્મચારીઓનો ટેક હોમ સેલેરી વધી જશે.

૨. મહિલા સ્વયં સહાય જુથોને મળતી લોન વધારીને રૂા. ૭૫ હજાર કરોડ કરવામાં આવી છે જે ગયા વર્ષની સરખામણીમાં ૭૬% વધારે છે.

૩. આ ઉપરાંત મહિલાઓને મેટરનિટી લીવ વધારીને ૨૬ અઠવાડિયા કરવામાં આવેલ છે.

## પગારદાર વર્ગ

પગારદાર વર્ગની બહુ મોટી અપેક્ષા હતી કે ટેક્ષના બેઝિક દરમાં છુટ આપવામાં આવશે પણ તે અપેક્ષા પ્રમાણે બજેટ ના હોવાથી કર્મચારીઓમાં નિરાશાનું વાતાવરણ ઊભું થયું છે, જેને કેટલેક અંશે ઓછું કરવા માટે કર્મચારીઓને માત્ર રૂા. ૪૦,૦૦૦/-નું સ્ટાન્ડર્ડ ડિડક્શનની જોગવાઈ રજૂ કરી સાંત્વના આપવાનો પ્રયત્ન કરેલ છે. આ એક ગીવ એન્ડ ટેઇક જોગવાઈ છે. એટલે કે રૂા. ૪૦,૦૦૦/-નું ડિડક્શન આપી મેડિકલ એલાઉન્સ (રૂા. ૧૫,૦૦૦) અને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ (રૂા. ૧૯,૨૦૦ વાર્ષિક) પરત ખેંચવામાં આવ્યા છે.

## સિનિયર સિટીઝન માટેની જોગવાઈઓ

૧. સિનિયર સિટીઝન્સ માટે ૮૦ડી હેઠળની મેડિક્લેઇના પ્રીમિયમની રકમ કરમુક્તિ મર્યાદા વધારીને ૫૦,૦૦૦ કરવામાં આવી છે. અગાઉ આ મર્યાદા રૂા. ૩૦,૦૦૦/- હતી.

૨. બેંક અને પોસ્ટ ઓફિસની એફ.ડી. / આર.ડી. / બચત ખાતાના વ્યાજમાં રૂા. ૧૦,૦૦૦/-ની છૂટ હતી તે વધારીને રૂા. ૫૦,૦૦૦/- કરવામાં આવી છે. જેની પર હવેથી ટી.ડી.એસ. પણ કપાશે નહીં.

૩. ગંભીર બીમારીઓમાં સારવારમાં ખર્ચ અંગે હવે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી ખર્ચેલ રકમ આવકમાંથી બાદ મળશે.

૪. સિનિયર સિટીઝન માટે પ્રધાનમંત્રી વાય વંદના પેન્શન યોજનામાં રોકાણની મર્યાદા રૂા. ૭.૫ લાખથી વધારીને રૂા. ૧૫ લાખ કરવામાં આવી છે.

## બિઝનેસ અને વેપાર ઉદ્યોગ અંગે

૧. સૌથી અગત્યનો ફેરફાર કોર્પોરેટ ટેક્ષ દરમાં ૨૫% કોર્પોરેટ ટેક્ષનો લાભ વાર્ષિક રૂા. ૧૦૦ કરોડનું વેચાણ કરતી કંપનીઓ માટે હતો, **જે હવે રૂા. ૨૫૦ કરોડ સુધીનું વેચાણ ધરાવતી કંપનીઓને આપવામાં આવશે** તેવી જાહેરાત થયેલ છે. નાણામંત્રીના જણાવ્યા પ્રમાણે ભારતની કુલ કોર્પોરેટ કંપનીઓ પૈકી ૯૦% કંપનીઓ જે મર્યાદામાં છે તેઓને આ લાભ મળશે જેના કારણે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને ફાયદો થશે.

૨. જમીન અને બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા એકમો માટે સારા સમાચાર છે કે કલમ-૫૦સી માં જે કોઈ પણ જમીન / પ્રોપર્ટીનો દસ્તાવેજ **આવકવેરાની ગણતરીમાં ઓછામાં ઓછી જંત્રી વેલ્યુએ ગણવામાં આવતો, જે હવે જંત્રી વેલ્યુના ૫% સુધી ઓછો કરી શકાશે.**

૩. કોઈપણ હોલ્ડિંગ કંપની અને તેની ૧૦૦% સબસીડીયરી કંપની વચ્ચે પ્રોપર્ટીની લેવડ દેવડના વ્યવહારો અગાઉ કરપાત્ર હતા, જે હવે કરમુક્ત છે. અગાઉ આવા વ્યવહારોમાં વ્યાજબી બજાર કિંમત ધ્યાને લઈ કરની ગણતરી કરવામાં આવતી હતી, જે હવે સંપૂર્ણ કરમુક્ત છે.

૪. અગાઉ નવા કર્મચારીઓને ૨૪૦ દિવસ કરતા વધુ સમય માટે કામ કરેલ હોય તો તેઓને આપેલ પગાર ઉપર ૧૩૦% પગાર ખર્ચ મળતો હતો જે સમય મર્યાદા હવે એક વર્ષમાં ગણવાને બદલે બે વર્ષની સંયુક્ત રીતે ગણવામાં આવશે.

૫. ફડચામાં જતી કંપનીઓ પોતાનો લોસ ૫૧%થી વધુ માલિકીમાં ફેરફાર થઈ હશે તો પણ મજરે લઈ શકશે.

૬. માર્કેટિંગ અને વેચાણને લગતા કરારોમાં કરાર ભંગ પર ચૂકવવું પડતું વળતર હવે લેનારને માટે ધંધાકીય આવક

તરીકે કરપાત્ર થશે, જે અગાઉ અન્ય આવક હેઠળ કરપાત્ર હતું.

૭. આ વર્ષથી ઈન્કમ કોમ્પ્યુટેશન એન્ડ ડિસ્ક્લોઝર સ્ટાન્ડર્ડને કાયદાકીય રીતે સમાવી લેવામાં આવ્યા છે. જેથી જેઓને આ સ્ટાન્ડર્ડ લાગુ પડે તેઓએ કરપાત્ર આવક આવા સ્ટાન્ડર્ડ ધ્યાનમાં લઈને ગણવી પડશે.

૮. હવે જો સ્ટોક-ઇન ટ્રેડને કેપિટલ એસેટમાં રૂપાંતરીત કરવામાં આવશે તો અગાઉ ટેક્ષ લાગતો નહોતો પરંતુ હવે જો ફેર માર્કેટ વેલ્યુથી વધુ રકમમાં કરવામાં આવે તો ધંધાકીય આવક તરીકે કરપાત્ર રહેશે.

## ટ્રસ્ટો અને જાહેર સંસ્થાઓ અંગે

૧. **કેશ લેવડ દેવડ અંગેના નિયંત્રણો રાખવા અંગે ટ્રસ્ટો અને સંસ્થાઓને રૂા. ૧૦,૦૦૦/-થી વધુની રોકડ ચૂકવણી કરવા પર અંકુશ લગાવવામાં આવેલ છે.** રૂા. ૧૦,૦૦૦થી વધુ રોકડની લેવડ દેવડ કરવામાં આવશે તો તેને કરપાત્ર કરવામાં આવશે. એટલે કે હવે કોઈપણ ટ્રસ્ટ કાર, પ્રોપર્ટી, મૂલ્યવાન વસ્તુઓ રોકડમાં લઈ શકશે નહીં.

૨. જો સંસ્થા ચૂકવણીમાં ટી.ડી.એસ. નહીં કરે અને ખર્ચ ઉધારશે તો ખર્ચની રકમના ૩૦% તેની આવક તરીકે ગણવામાં આવશે.

૩. સંસ્થાએ જો રૂા. ૫૦,૦૦૦/-થી વધારે રોકાણ કર્યું હશે તો સંસ્થા અને ટ્રસ્ટીઓએ પાન નંબર આપવો ફરજિયાત રહેશે.

## સામાન્ય વ્યક્તિઓને / જનરલ વર્ગને લાગુ પડતી જોગવાઈઓ

૧. લાંબાગાળાના મૂડી નફો બાદ લેવા માટે કલમ-૫૪ઇ હેઠળ કેપિટલ ગેઇન બોન્ડમાં રોકાણનો લોક-ઇન પીરિયડ અગાઉ ૩ વર્ષ હતો. જે હવે વધારીને ૫ વર્ષ કરવામાં આવ્યો છે.

૨. બજેટમાં આવકવેરા ધારામાં કલમ-૧૧૨(એ) નવી ઉમેરીને શેર્સમાં કરાયેલા રોકાણ પર થયેલા લાંબાગાળાના મૂડી નફા પર ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૮થી ૧૦%ના દરે રૂા. ૧ લાખથી વધુનો લાંબાગાળાનો મૂડી નફો કરપાત્ર કરવામાં આવશે. આને કારણે શેર માર્કેટમાં તેજીનો માહોલ અટક્યો છે અને શેર માર્કેટે નેગેટિવ રિસ્પોન્સ આપેલ છે.

૩. ઈક્વિટી, મ્યુચ્યુઅલ ફંડ્સ અને ડિવિડંડ પર DDT

નાણાં પ્રધાન અરુણ જેટલીએ સામાન્ય બજેટમાં ગ્રોથ ઓરીએન્ટેડ તેમજ ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન સ્કીમ માટે સમાન તક પૂરી પાડવા ઈક્વિટી ઓરીએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ્ઝ પર ૧૦ ટકા ડિવિડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ષ (DDT)ની જોગવાઈ કરી છે. આ જોગવાઇના કારણે રોકાણકારોના હાથ પરના વળતરમાં ઘટાડો થશે.

૪. હવેથી આવકવેરાના ચેપ્ટર VI-A ને લગતા લાભ મેળવવા માટે સમયસર રિટર્ન ફાઇલ કરવું ફરજિયાત કરવામાં આવેલ છે. જો સમયસર રિટર્ન ફાઇલ નહીં થાય તો આવા લાભ મળવાને પાત્ર રહેશે નહીં.

૫. હવેથી આવકવેરાના રિટર્ન ભરવાની છેલ્લી તારીખ, એ એસેસમેન્ટ વર્ષની છેલ્લી તારીખ એટલે કે ૩૧-૩-૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષનું આવકવેરાનું રીટર્ન તા. ૩૧-૩-૨૦૧૮ સુધીમાં ભરી દેવું ફરજિયાત રહેશે. જે અગાઉની જોગવાઈ મુજબ તા. ૩૧-૩-૨૦૧૯ સુધી ભરી શકાત. આથી હવે કોઈપણ એસેસમેન્ટ વર્ષમાં ૨ વર્ષના રિટર્ન હવે તા. ૩૧-૩-૨૦૧૮થી ભરી શકાશે નહીં.

**ઉપરોક્ત જોગવાઈઓને જોતાં કહી શકાય કે સરકારે લોભામણી જાહેરાતો આપવાને બદલે વ્યુહાત્મક વિકાસ માટે બજેટ રજૂ કરેલ છે. પરંતુ સવાલ એ છે કે ફાળવવામાં આવેલ રકમો કેટલે અંશે પરિણામ આપશે.** કેમકે અત્યાર સુધીનો અનુભવ એવો છે કે ફાળવાયેલી રકમો વપરાયા વગરની રહી જાય છે અથવા અસરકારક રીતે તેનો ઉપયોગ થતો નથી. જો અસરકારક રીતે આ ફંડનો ઉપયોગ થશે તો ગ્રામીણ ભારતનો સૂર્યોદય થવાનું નિશ્ચિત છે. તે સાથે કરવેરાના માળખામાં સ્થિરતા આપવાનો સરકારનો પ્રયત્ન સફળ થશે. સરકારે ૭૦ લાખ નવી નોકરીની તકોની વાત કરેલ છે, જે વાસ્તવિક્તામાં પરિણમશે કે કેમ તે જોવાનું રહ્યું. આ સાથે એક એ પણ સવાલ છે કે સરકાર મોંઘવારી ઘટાડવા માટે પ્રયત્ન કરશે પરંતુ જો ખેડૂતોને વધુ કિંમતો આપીને તેમની પ્રોડક્ટ કન્ઝ્યુમર સુધી પહોંચાડશે તો ખેડૂતોને વધુ કિંમત અને વપરાશકારને ઓછી કિંમતે કેવી રીતે આપશે? તેના માટે કન્ઝ્યુમર અને ખેડૂતની સપ્લાય ચેઇન સ્થપાય તો જ આમાં સફળતા મળે તેવું જણાય છે.

*૪૯, નિરંતર પાર્ક, પાર્ટ-૧,*
*સન એન્ડ સ્ટેપ ક્લબની બાજુમાં,*
*સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.*

સાંપ્રત

# કેન્દ્રિય બજેટ - ૨૦૧૮ ઉડતી નજરે...



દિનેશ આર. મહેતા

- ★ રૂા. ૨૪.૪૨ લાખ કરોડનું બજેટ.
- ★ ૧૪.૩૪ લાખ કરોડ કૃષિ, ગ્રામીણ મકાનો, સજીવ ખેતી, પશુપાલન અને માછીમારીના વિકાસ માટે ફાળવણી.
- ★ ૧૦ કરોડ ગરીબ પરિવારોને વાર્ષિક રૂા. પાંચ લાખના આરોગ્ય વીમાનું કવચ.
- ★ લઘુ, મધ્યમ કદના તમામ એકમો પરનો કરવેરો ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા.
- ★ **લોંગ ટર્મ રૂા. એક લાખથી વધુના નફા પર કેપિટલ ગેઇન ૧૦ ટકા ટેક્ષ.**
- ★ આઠ કરોડ ગરીબ મહિલાઓને રાંધણ ગેસના મફત જોડાણ.
- ★ આરોગ્ય અને શિક્ષણ પરનો સેસ ત્રણથી વધારીને ચાર ટકા.
- ★ **આવકવેરાની મર્યાદામાં કોઈ વધારો નહીં.**
- ★ સામાજિક કલ્યાણની યોજનાઓને ભંડોળ માટે આયાતી ચીજો પર દસ ટકા નવો સોશિયલ વેલફેર સરચાર્જ.
- ★ પગારદારોને રૂા. ૪૦ હજારનું સ્ટાન્ડર્ડ કપાત આપ્યું.
- ★ **રૂા. ૨૫૦ કરોડ સુધીના ટર્નઓવરવાળી કંપનીનો કોર્પોરેટ ટેક્ષ ઘટીને ૨૫ ટકા.**
- ★ આ વર્ષની રાજકોષીય ખાધ રૂપિયા ૫૯૬ અબજ રહેશે.
- ★ રાજકોષીય ખાધનો અંદાજ વધારીને જી.ડી.પી.ના ૩.૫૦ ટકા મૂક્યો છે. જે અગાઉ ૩.૨૦ ટકા મૂકાયો હતો.
- ★ નિકાસ વધારવા માટે એપરલ ક્ષેત્રને સ્પેશિયલ પેકેજ ૧૯ ટકા વધારીને રૂપિયા ૭૧.૪૮ અબજ કર્યું છે.
- ★ સંરક્ષણ બજેટ ૭.૮૧ ટકા વધારીને ૨.૯૫ લાખ કરોડ કરાયું.
- ★ ગૃહ મંત્રાલયને ૧૦.૫ ટકાના વધારા સાથે રૂા. ૯૨,૬૭૯.૮૬ કરોડ ફાળવાયા.
- ★ મહિલા સુરક્ષા માટે રૂપિયા ૧૦૦ કરોડ.
- ★ વર્ષ ૨૦૧૮-૧૯માં બજારમાંથી ૪.૦૭ લાખ કરોડ ઉછીના લેવાની યોજના.
- ★ એટમિક એનર્જી વિભાગને રૂા. ૧૩૯૭૧.૪૧ કરોડનું ભંડોળ.
- ★ કિસાન ક્રેડિટ ૧૦ ટકા વધારી ૧૧ લાખ કરોડ સુધી લઈ જવાનું લક્ષ્ય.
- ★ અનાજ, ખાતર અને પેટ્રોલિયમ સબસીડીના બીલમાં ૧૫ ટકાનો વધારો.
- ★ પેટ્રોલ - ડીઝલના ઉંચા ભાવ સામે કોઈ રાહત નહીં.
- ★ ૧૦ ટકાથી વધુ હોલ્ડિંગ ધરાવનારને અપાતી લોન પર ૩૦ ટકા ટેક્ષ.
- ★ મેડિકલ એન્ડ પબ્લિક હેલ્થ હેઠળ બજેટ ફાળવણી વધારી ૧૦૪૧.૧૪ કરોડ થઈ.
- ★ આવકવેરા ધારાની નવી કલમ ૮૦(એસી) દાખલ કરીને કંપનીઓને સમયસર આઈ.ટી. રીટર્ન ફાઈલ કરવાની ફરજ પાડી.
- ★ **રીટર્ન મોડું ફાઈલ કરનાર કંપની અથવા વ્યક્તિગત કરદાતાને વેરાલાભ મજરે નહીં મળે.**
- ★ સિનિયર સિટીઝનની રૂા. ૫૦,૦૦૦/-ની વ્યાજની આવક પર ટી.ડી.એસ. નહીં.
- ★ સિનિયર સિટીઝનને મેડિક્લેઈમના પ્રીમિયમ પેટે રૂા. ૩૦,૦૦૦/-ને બદલે હવે રૂા. ૫૦,૦૦૦/- બાદ મળશે.
- ★ પ્રધાનમંત્રી વય વંદના યોજના વર્ષ ૨૦૨૦ સુધી લંબાવાશે. જે અંતર્ગત એલ.આઈ.સી. સિનિયર સિટીઝનને આઠ ટકા રીટર્ન આપે છે. આ યોજના હેઠળ રોકાણની મર્યાદા રૂા. સાડા સાત લાખથી વધારીને રૂા. ૧૫ લાખ કરવામાં આવી.

- ★ **તમામ કરદાતા માટે હવે ઇ-એસેસમેન્ટ ફરજિયાત.**
- ★ નેશનલ ન્યુટ્રિશન મિશનનું બજેટ રૂા. ૯૫૦ કરોડથી વધીને ૩૦૦૦ કરોડ થયું.
- ★ રાષ્ટ્રપતિને હવે ૫ લાખ, ઉપ રાષ્ટ્રપતિને ૪ લાખ જ્યારે રાજ્યપાલને ૩.૫ લાખ રૂપિયા પ્રતિ માસ પગાર આપવામાં આવશે.
- ★ હાલ સાંસદોનો બેઝિક પગાર માસિક ૫૦,૦૦૦ રૂપિયા છે અને ૫૦,૦૦૦ રૂપિયા ભથ્થું આપવામાં આવે છે. દરેક સાંસદ પર સરકાર દર મહિને આશરે રૂા. ૨.૭ લાખનો ખર્ચ કરે છે.
- ★ શિક્ષણ માટે ૮૫,૦૧૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. રૂા. ૩૫,૦૧૦ કરોડ ઉચ્ચ શિક્ષણ માટે જ્યારે રૂા. ૫૦,૦૦૦ કરોડ શાળાકીય શિક્ષણ માટે ફાળવાશે. ૨૪ નવી મેડિકલ કૉલેજ પણ શરૂ કરવામાં આવશે. બી.ટેક.ના ટોચના ૧૦૦૦ વિદ્યાર્થીઓને પીએચ.ડી. કરવા માટે ફેલોશિપ અપાશે. ૨૦ નવી સ્કૂલ ઑફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર શરૂ કરાશે. ૨૦૨૨ સુધીમાં ૫૦ ટકા એસ.ટી. વસતિ ધરાવતા દરેક બ્લોકમાં એકલવ્ય શાળા શરૂ કરાશે.
- ★ ગોબર ધન યોજનાની જાહેરાત થઈ. સ્વચ્છ ભારત અભિયાનને ધ્યાનમાં લેતાં આગામી નાણાંકીય વર્ષ સુધીમાં દેશભરમાં બે કરોડ ટોઇલેટ તૈયાર કરવામાં આવશે. ઓર્ગેનિક ખેતી પર ધ્યાન અપાશે.
- ★ સ્ટાફ સિલેક્શન કમિશનને ૨૮૬ કરોડ રૂપિયાનું બજેટ. સરકારી વર્ગ-૧ના કર્મચારીઓને તાલીમ આપતી સંસ્થા માટે રૂપિયા ૧૯૨ કરોડનો ખર્ચ કરાશે.
- ★ **૭૦ લાખ નોકરી ઊભી કરવામાં આવશે.**
- ★ પેટ્રોલ - ડીઝલ પર રૂા. ૨/-ની બેઝિક ડ્યુટી અને એડિશનલ છ ટકા એક્સાઇઝ ડ્યુટી નાબૂદ કરી. જો કે એક્સાઇઝ ડ્યુટી નાબૂદીનો રૂા. આઠનો લાભ સામાન્ય માણસને નહીં મળે કારણકે સરકારે રૂા. આઠ રોડ સેસ લાગુ કર્યો છે.
- ★ મ્યુચ્યુઅલ ફંડો પર થતી આવક પર દસ ટકા ટેક્ષ લાગશે.
- ★ **વ્યક્તિગત આવકવેરો અને કોર્પો. સેસ ત્રણ ટકા યથાવત.**
- ★ ૫૬ એરપોર્ટ અને ૩૧ હેલિપેડ બનાવાશે.
- ★ આગામી વર્ષે દેશમાં નવ હજાર કિલોમીટરનાં રાષ્ટ્રીય હાઈવે બાંધવાનું કામ પૂરું થશે.
- ★ **હાઈવે પરની ટોલ પ્લાઝા સિસ્ટમ નાબૂદ કરીને કાસ્ટેજ ઇલેક્ટ્રોનિક પેમેન્ટ સિસ્ટમ લાગુ કરાશે.**
- ★ **કસ્ટમ ડ્યુટીમાં વધારો કરતાં** કાર અને મોટર સાઇકલ, મોબાઇલ ફોન, ચાંદી, સોનું, ફ્રુટ જ્યુસ, સનગ્લાસ, પરફ્યુમ્સ, લોશન, ઓરલ ડેન્ટલ, હાઇજિન, પ્રિઝર્વ, શેવિંગ અને આફ્ટર શેવની વસ્તુઓ, ડિઓડરન્ટ, ટ્રક અને બસના ટાયર, સિલ્ક ફેબ્રિક, ફૂટવેર, ફર્નિચર, ડાયમંડ, રંગીન રત્ન, ઇમિટેશન જ્વેલરી, સ્માર્ટ વોચ, એલસીડી / એલઇડી ટી.વી. પેનલ, લેમ્પ, રિસ્ટ વોચ, ક્લોક, ટ્રાઇસાઇકલ, સ્કૂટર, પેડલ કાર, વ્હીલવાળા રમકડાં, સિગારેટ લાઇટર, મીણબત્તી, પતંગ, રમતગમતના સાધનો, ખાદ્યતેલ, વીડિયો ગેમ કોન્સોલ વગેરેના ભાવોમાં વધારો થશે. જ્યારે કાચા કાજુ, સોલર ટેમ્પર્ડ ગ્લાસ, સોલર પેનલની સામગ્રી, બોલ સ્ક્રૂ, લિનિયર મોશન ગાઈડ વગેરે સસ્તા થાય.

**સામાન્ય બજેટમાં રેલવે :**

- ★ રેલવેને ગયા વર્ષ કરતા ૧૩ ટકા વધુ ભંડોળ.
- ★ રેલવેને રૂા. ૧.૪૮ લાખ કરોડની ફાળવણી.
- ★ ૬૦૦ રેલવે સ્ટેશનને આધુનિક બનાવાશે. આ બધા જ સ્ટેશનોને રસ્તા અને એસ્કેલેટરથી સજ્જ કરાશે.
- ★ ૧૧,૦૦૦ ટ્રેન અને ૮,૫૦૦ સ્ટેશનોને સી.સી.ટી.વી.થી સજ્જ કરાશે.
- ★ ૪,૨૬૭ માનવરહિત રેલવે ક્રોસિંગ બે વર્ષમાં બંધ કરાશે.
- ★ ૩૬૦૦ કિલોમીટર નવી રેલવે લાઇનો નંખાશે.
- ★ ૧૨,૦૦૦ વેગન્સ, ૫,૧૬૦ કોચ અને આશરે ૭૦૦ લોકોમોટિવ એન્જિન સાથે રેલવેનું માળખું મજબૂત કરાશે.
- ★ **મેટ્રો રેલની યોજનાના બજેટમાં વીસ ટકા ઘટાડો.**

★ **કોઈ નવી ટ્રેનોની જાહેરાત કરવામાં આવી નથી.**

★ પેરામ્બુરની ઇન્ટિગ્રેટેડ ફેક્ટરીમાં અત્યાધુનિક સુવિધા ધરાવતા કોચ ડિઝાઇન કરાશે.

★ વડોદરામાં એક વિશેષ રેલવે યુનિવર્સિટીની રચના કરાશે.

***સામાન્ય બજેટની રજૂઆતના બીજા દિવસે ૧૦ ટકા લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષની જોગવાઈ પાછળ શેર બજારમાં ચોમેર ગભરાટભરી વેચવાલી થઈ. તેના પગલે સેન્સેક્સમાં ૨૪ ઓગસ્ટ, ૨૦૧૫ પછીનો સૌથી મોટો ૮૪૦ પોઈન્ટનો કડાકો નોંધાયો હતો. નિફ્ટીમાં પણ ૨૫૬ પોઈન્ટ્સનું ગાબડું પડ્યું હતું. આ બધા કારણે સેન્સેક્સ ૩૫,૦૬૬ અને નિફ્ટી ૧૦૭૬૦ના મથાળે જોવા મળ્યું હતું.***

## ભારતીય વિદ્યાર્થીઓનું બ્રેઇન ડ્રેઇન

ભારતમાં છેલ્લા કેટલાયે દાયકાઓથી ગુણવત્તાસભર જીવનશૈલીનો અભાવ, માનવીય અધોગતિ, નાગરિકોમાં વધી રહેલી અશિસ્તતા, નિમ્ન સ્તરનું રાજકારણ અને અનામત જેવી પ્રથાથી તોબા પોકારીને 'ભારત છોડો' જેવી માનસિકતા ભણેલા ગણેલા વિદ્યાર્થીઓએ ધરાવવા માંડી છે. તેથી તેઓ અમેરિકા અને અમેરિકાના વિઝા ના મળે તો કેનેડા, ત્યાં નહીં તો બ્રિટન, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, દુબઇ, અબુધાબી, કેન્યા, સાઉદી અરેબિયા જેવા દેશોમાં જવા પણ તૈયાર થઈ જાય છે.

આપણે દાયકાઓથી બ્રેઇન ડ્રેઇન જેવા ટ્રેન્ડ અંગે ચિંતા કરી સેમિનારો અને વર્કશોપ યોજીએ છીએ. તમામ રાજકીય પક્ષો દેશને માટે દેશમાં રહીને પ્રદાન આપવાનું સ્વપ્ન સેવવાની વિદ્યાર્થીઓને હાકલ કરતા રહે છે પણ ખરેખર ભારતના નેતાઓ અને નાગરિકોમાં તેમના કર્તવ્ય અંગેનું કોઈ ભાન જ નથી.

આર્થિક અનામત હજુ ક્ષમ્ય છે પણ ભારતમાં તમામ પક્ષના નેતાઓ, ધારાસભ્યો, સાંસદો – પ્રત્યેક વધતા જતા દાયકામાં ભારતને માનસિકતા અને દેશની પ્રગતિની રીતે પાછળ ધકેલતા જાય છે. નીતિશકુમાર જેવા નેતા પણ વોટબેંકના વમળમાં ખેંચાઈ જઇને એવો પથરો ફેંકે છે કે 'ખાનગી કંપનીઓ'માં પણ અનામત હોવી જોઈએ. એક નેતાએ તો ભારતીય ક્રિકેટ ટીમમાં પણ અનામતના ક્વોટાની માંગણી કરેલ છે. તમામ પક્ષના નેતાઓ, અમલદારો, કર્મચારીઓ, નાગરિકોની માનસિકતાનું સ્તર હલકું અને હલકું થતું જાય છે. નાગરિક શિસ્ત પણ તળિયે ગયેલ છે. આ પરિસ્થિતિમાં ગુણવત્તા ધરાવતા યુવાનો બિસ્તરા પોટલાની તૈયારી કરવાના જ.

અન્ય તરફની પરિસ્થિતિનું અવલોકન કરીએ.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખપદે આવતાની સાથે જ 'અમેરિકન ફર્સ્ટ' અને એચ-વનબી વિઝાની પાંખો કાપી નાખવાની જાહેરાત કર્યા બાદ એવું મનાતું હતું કે હવે અમેરિકા જવાવાળાની સંખ્યામાં કાપ આવશે. પણ તાજેતરમાં જ બહાર પડેલા 'ઓપન કોર્સ ગ્લોબલ રિપોર્ટ'ના આંકડા આશ્ચર્ય ઉપજાવે છે.

ગ્લોબલ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૫-૧૬માં ભારતના ૧.૬૫ લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરવા માટે સ્ટુડન્ટ વિઝા ઉપર ગયા હતા. ૨૦૧૬-૧૭માં આ આંકડો ૧.૮૬ લાખ પર પહોંચી ગયો છે. ટ્રમ્પની લગામ છતાં અમેરિકા જનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૨.૦૩ ટકાનો વધારો થયો છે.

યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ બ્યુરો ઓફ એજ્યુકેશન અને કલ્ચરલ અફેર્સના અહેવાલમાં જણાવાયું છે કે છેલ્લા દાયકામાં અમેરિકામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓનો આંક ડબલ થઈ ગયો છે. અમેરિકામાં વિદેશના કુલ વિદ્યાર્થીઓમાંથી ૧૭.૩ ટકા ભારતીયો છે જે બીજા ક્રમે છે. આ ભારતીય વિદ્યાર્થીઓમાંથી ૭૧ ટકા વિદ્યાર્થીઓ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત વિષયના છે.

૨૦૧૬-૧૭માં ભારતના ૧.૮૫ લાખ વિદ્યાર્થીઓ તો અમેરિકા જવા માટે નસીબદાર પુરવાર થયા. બીજા આટલા જ વિદ્યાર્થીઓને જો તક મળી હોત તો તેઓ પણ ત્યાં જવા તૈયાર હતા. અન્ય લાખો વિદ્યાર્થીઓ એવા છે કે જેઓ પાસે કાં તો આર્થિક સવલતો નથી અથવા તો એ પ્રકારની શૈક્ષણિક લાયકાત નથી.

ઉપરોક્ત વિગતો અત્યારની પરિસ્થિતિનો અરીસો છે. ભારતના વિદ્યાર્થીઓને દેશમાં જ પૂરતી તકો મળી રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનો સમય આવી ગયો છે. ■

## "કહેવતોની દુનિયામાં ડોકિયું"ના જવાબો

(૧) એક તીર દો નિશાન, (૨) હાથના કર્યા હૈયે વાગ્યા, (૩) ડુંગરી દૂરથી રળિયામણા, (૪) હસે તેનું ઘર વસે, (૫) આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય, (૬) એક કાંકરે બે બક્ષી મારવા, (૭) અંગૂઠો દેખાડવો, (૮) કીધે કુંભાર ગધેડે ન ચડે, (૯) ઘર કી મુરગી દાલ બરાબર, (૧૦) દૂધ પાઈને સાપ ઉછેરવો, (૧૧) દીવાલને પણ કાન હોય, (૧૨) બાંધી મુઠ્ઠી લાખની, (૧૩) હાથી જીવતો લાખનો, મરે તો સવા લાખનો (૧૪) મોરનાં ઈંડાં ચીતરવા ન પડે, (૧૫) આંખ આડા કાન કરવા, (૧૬) બિલાડીના ગળે ઘંટ કોણ બાંધે, (૧૭) લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય, (૧૮) ગાજ્યા મેહ વરસે નહીં, (૧૯) ઘોડે ચડીને આવવું

સુપ્રીમ કોર્ટનો પેચીદો મામલો

# નથી ન્યાયતંત્રનું ચીરહરણ, નથી ક્રાંતિ બળવો કે નથી બંડ... છે માત્ર સુપ્રીમ કોર્ટના સ્ફટિકશા સુયોગ્ય આંતરિક વહીવટ માટેનો ત્રેવડો આગ્રહ



પ્રવીણચંદ્ર શાહ

૧૨મી જાન્યુઆરી, ૨૦૧૮, શુક્રવારે બપોરે નવી દિલ્હીમાં જે એક અસામાન્ય ઘટના ઘટી, તેની તત્કાલ અસર અને આઘાતથી આખોય દેશ ઘડીભર સ્તબ્ધ બની ગયો હતો.

અસામાન્ય ઘટના એ હતી કે દેશની સર્વોચ્ચ અદાલત – સુપ્રીમ કોર્ટના – ચાર સિનિયર, વરિષ્ઠ ન્યાયમૂર્તિઓએ એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી હતી અને તેમાં એકઠા થયેલા ટી.વી. પ્રતિનિધિઓ અને અખબારી પ્રતિનિધિઓ સમક્ષ સુપ્રીમ કોર્ટના માનનીય ચીફ જસ્ટિસ દીપક મિશ્રાના કેટલાક નિર્ણયો સંબંધે અને સુપ્રીમ કોર્ટની આંતરિક વહીવટી માટેની એમની ચિંતા, ફીકર અને રંજ વ્યક્ત કર્યા હતા. જે ચાર ન્યાયમૂર્તિઓ આ પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહી, ચારેયનો સંયુક્ત અવાજ પેશ કર્યો હતો તે ચારેય સિનિયર ન્યાયમૂર્તિઓમાં જસ્ટિસ જે. ચેલામેશ્વર, જસ્ટિસ રંજન ગોગોઇ, જસ્ટિસ એમ.બી. લોકુર અને જસ્ટિસ કુરિયન જોસેફનો સમાવેશ હતો.

આ પ્રેસ કોન્ફરન્સ કંઈ લાંબી ચાલી નહોતી, માત્ર વીસેક મિનિટ જ ચાલી હતી પણ અસામાન્ય એટલા માટે બની ગયેલી કે આઝાદી મળ્યા પછી, ૧૯૪૮માં સુપ્રીમ કોર્ટની સ્થાપના થયા પછીના ૬૮-૭૦ વર્ષોમાં ક્યારેય સુપ્રીમ કોર્ટના કોઈ જ જજ સાહેબોએ આવી પ્રેસ કોન્ફરન્સ બોલાવી નહોતી, સુપ્રીમ કોર્ટના



દેશના મુખ્ય ન્યાયાધીશ દિપક મિશ્રા સામે સુપ્રીમના ચાર જજનો બળવો

ન્યાયતંત્રનું ચીરહરણ

સુપ્રીમના ચાર જજ જે. ચેલામેશ્વર, રંજન ગોગોઈ, એમ. બી. લોકુર અને કુરિયન જોસેફે પ્રેસ કોન્ફરન્સ યોજી મીડિયા સમક્ષ સીજેઆઈની 'ફરિયાદ' કરી

ચારેય જજે સીજેઆઈ મિશ્રાને લખેલો સાત પાનાનો પત્ર મીડિયા સામે રજૂ કરી કહ્યું 'સુપ્રીમમાં બધું બરાબર ચાલી રહ્યું' નથી

વધુ અહેવાલ માટે જુઓ પાના નં.૦૩

આંતરિક વહીવટ માટે અજંપો કે રંજ વ્યક્ત કર્યા નહોતા. ટી.વી. પરના સમાચારોમાં અને બીજા દિવસના વર્તમાનપત્રોના પહેલે જ પાને બહુ મોટા ટાઈપમાં આ બાબતના સમાચારોથી દેશભરનું ઘડીભર સ્તબ્ધ બની જવું અને સુપ્રીમ કોર્ટ જેવી અત્યંત માનનીય અને પ્રતિષ્ઠિત સંસ્થા માટે ચિંતાતુર બનવું, સ્વાભાવિક જ હતું.

ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા, નામદાર દીપક મિશ્રા પછી સિનિયોરિટીની દૃષ્ટિએ બીજા નંબરના જસ્ટિસ જે. ચેલામેશ્વરે મીડિયા સમક્ષ સુપ્રીમ કોર્ટની મુશ્કેલીઓ રજૂ કરતા કહ્યું હતું કે આજની આ એક અભૂતપૂર્વ ઘટના છે. છેલ્લા કેટલાક મહિનાઓથી સુપ્રીમ કોર્ટનું વહીવટી તંત્ર યોગ્ય રીતે ચાલી નથી રહ્યું. આશરે બે મહિના પહેલા જ અમે ચારેય જજોએ ચીફ જસ્ટિસને પત્ર લખીને આ બાબત જણાવી હતી, પણ અમે તેમને અમારા મુદ્દા સમજાવવામાં નિષ્ફળ રહ્યા છીએ. આ મુદ્દાઓમાં કેટલાક કેસો ચલાવવાની ફાળવણી (એસાઇનમેન્ટ)ને લગતા હતા. જો સુપ્રીમ કોર્ટ જેવી માનવંત બંધારણીય સંસ્થામાં જ આવું થશે તો દેશનું લોકશાહી માળખું ધ્વસ્ત થઈ જશે. એટલે જ અમે અમારી વાત સમગ્ર રાષ્ટ્ર સમક્ષ મૂકવાનો નિર્ણય કર્યો છે.

હાજર પત્રકારોએ સવાલ કર્યો હતો કે તમોએ કયા કેસોની સુનાવણી સંબંધે ચીફ જસ્ટિસને પત્ર લખ્યો હતો? આના પ્રત્યુત્તરમાં પત્રકારોને, ચારેય જજ સાહેબોએ લખેલા વિગતવાર પત્રની નકલો આપવામાં આવી હતી. **આવી એક નકલ આ મેગેઝિન અને આ લેખના લખનાર પાસે મોજૂદ છે.** પત્રકારોએ પૂછ્યું હતું કે આપનો એક

# લોકશાહી ખતરામાં: સુપ્રીમના ચાર જજે બંડ પોકાર્યું

મુદ્દો સી.બી.આઈ. (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન)ની એક કોર્ટના જસ્ટિસ લોયાના શંકાસ્પદ હત્યાને લગતો હતો, ત્યારે પ્રત્યુત્તર આપ્યો હતો કે 'હા.'. જસ્ટિસ ચેલામેશ્વરે કહ્યું હતું કે ભવિષ્યમાં વીસ વર્ષો પછી કોઈ શાણા લોકો એમ ન કહે કે સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયાના તમામ જજે એમના આત્મા વેચી દીધા હતા એટલે અમે (બે મહિના પહેલાં નામદાર ચીફ જસ્ટિસને લખેલો પત્ર) મીડિયા સમક્ષ (એટલે કે દેશની સમગ્ર જનતા સમક્ષ) જાહેર કરીએ છીએ. ભારત સહિત કોઈ પણ લોકશાહી દેશમાં સુપ્રીમ કોર્ટ જેવી મહાન અને માનનીય સંસ્થાનું કામ, કામગીરી યોગ્ય રીતે ચાલે એ અત્યંત જરૂરી છે. હવે આ પત્રના મુદ્દે શું આગળ ઉપર કરવું તે રાષ્ટ્રે વિચારવાનું છે. કોઈ પણ દેશના ન્યાયતંત્રમાં ચીફ જસ્ટિસ પણ બધા જજોની જેમ સમાન છે. તેઓ કોઈ પણ જજથી વધું કે ઓછું મહત્ત્વ ધરાવતા નથી.

એ ચાર માનનીય ન્યાયમૂર્તિઓને આ પ્રેસ કોન્ફરન્સ બોલાવવાની ફરજ એટલા માટે પડી હતી કે છેક બે મહિના પહેલાં ચીફ જસ્ટિસને એમણે લખેલા ૭ પાનાના વિગતવાર, સન્માનપૂર્વકના પત્રનો નામદાર ચીફ જસ્ટિસ શ્રી દીપક મિશ્રાએ જવાબ વાળવાનો વિવેક પણ દર્શાવ્યો નહોતો. એટલું જ નહીં, પણ પ્રેસ કોન્ફરન્સના જ દિવસે, ઓફિસ કામગીરીનો આરંભ થવા પહેલા જ, ચારેય જજસાહેબો ચીફ જસ્ટિસ સાહેબની ચેમ્બરમાં મળવા પણ ગયા હતા અને કેસોની કામગીરીની વહેંચણીમાં વ્યાજબીપણું જળવાતું નથી, તે જાળવવા વિનંતી કરી હતી. આ વિનંતીને સાંભળી - ન સાંભળી કરીને માનનીય ચીફ જસ્ટિસ મિશ્રા સાહેબે પોતાની જ આપમુખત્યારીની રીતે કેસના કામોની, વિવિધ જજ સાહેબોએ કરવાના કામોની વહેંચણી ચાલુ રાખી હતી. આ વહેંચણીનો છેલ્લામાં છેલ્લો ફટકો એ જ દિવસનો હતો જેમાં નિધન પામેલા સી.બી.આઈ. કોર્ટના જજ લોયાના વિવાદાસ્પદ મૃત્યુ કે હત્યાના મામલાની તપાસ કરવા માટેની બે અરજીઓ સંબંધેનો કેસ, કોઈ પણ સિનિયર જજની બેંચને સોંપવાને બદલે, છેક ૧૧મી કોર્ટની બેંચના જુનિયર ન્યાયમૂર્તિ શ્રી અરુણ મિશ્રાની બેંચને ચીફ જસ્ટિસે ફાળવ્યો હતો. ચારેય સિનિયર જજ સાહેબોની ઉપેક્ષા અને દુર્લક્ષનો આ છેલ્લામાં છેલ્લો, તાજામાં તાજો આજનો ફટકો હતો.

સાત પાનાનો જે વિગતવાર પત્ર ચારેય સિનિયર જજ સાહેબોએ, ચીફ જસ્ટિસ શ્રી દીપક મિશ્રા સાહેબને લખ્યો હતો જેમાં સુપ્રીમ કોર્ટની આંતરિક વહીવટી કામગીરીના અયોગ્યપણા તરફ કિસ્સાવાર ધ્યાન દોરીને, વહીવટને વધારે ન્યાયપૂર્ણ બનાવવાનો આગ્રહ કર્યો હતો. જેના અંગે ચીફ જસ્ટિસ સાહેબે ન તો કેસોની કામગીરીની ફાળવણીની પોતાની મુખત્યારીવાળી રીતમાં ફેરફાર કર્યો હતો કે ન તો એ પત્રનો જવાબ પણ વાળ્યો હતો, તે પત્રના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે હતા :

- **સુપ્રીમના કેસોની ફાળવણી :**

સાત પાનાના પત્રની શરૂઆતમાં જ ચારેય સિનિયર જજ સાહેબોએ ચીફ જસ્ટિસ મિશ્રાસાહેબ તરફ અંગૂલીનિર્દેશ કરી જણાવ્યું છે કે હાલની સુપ્રીમ કોર્ટના વિવિધ કેસોને કેસના ગુણદોષને આધારે ફાળવણી કરાતી નથી.

***<u>લેખકની નોંધ</u>*** **:** આ મુદ્દાને સહી ઢંગથી સમજવા માટે, સરેરાશ વાચકના માટે, સુપ્રીમ કોર્ટના કેસોની ફાળવણી કઇ પધ્ધતિથી થાય છે તે સમજવું ઉપયોગી અને જરૂરી હોવાથી અહીં નીચે તે સરળ રીતે મૂકવામાં આવ્યું છે.


સુપ્રીમ કોર્ટમાં હાલે ૨૫ જજસાહેબો છે અને ૧૪ કોર્ટો છે. દરેક જજની પોતાના માટેની અલાયદી ચેમ્બર્સ (અંગત ઓફિસ) છે. સુપ્રીમ કોર્ટ માટેના જરૂરી એવા બીજા ૨૦ જજોની જગ્યા ખાલી છે, જે ક્યારે ભરાશે તે અનિશ્ચિત છે. સાધારણ રીતે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવતા કેસોના નિકાલ કાયદેસરની પૂરેપૂરી ચકાસણીથી થાય તે માટે સીંગલ જજ સમક્ષ કેસ મૂકાતા નથી. પરંતુ એક કરતા વધુ, એટલે બે - ત્રણ, ચાર કે પાંચ એવા જજોની જોડી કે ત્રિપુટીની બેંચ સમક્ષ મૂકવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટમાં જ્યારે કોઈ પણ કેસ રજૂ કરવામાં આવે છે, પેશ કરવામાં આવે છે તેને અંગ્રેજીમાં કેસ 'ફાઈલ'

કરવામાં આવ્યો એમ બોલાય છે. જ્યારે કેસ ફાઈલ કરાય તે સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીમાં મૂકાય છે. 'રજિસ્ટ્રી' એટલે સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર, એટલે કે મુખ્ય વહીવટી અધિકારી, જેને રજિસ્ટ્રાર કહેવામાં આવે છે. સુપ્રીમના રજિસ્ટ્રારની ઓફિસ અને સ્ટાફ ખૂબ મોટા હોય છે કારણકે આખાય દેશના ૨૯ જેટલા રાજ્યો પાસે અને યુનિયન ટેરિટરિઝ (પ્રદેશો)માંથી અરજદારો ન્યાય માટેની આખરી ધા અહીં નખાવે છે.

જ્યારે કોઈ પણ કેસ ફાઈલ કરાય છે ત્યારે એ કેસને લગતા બધા કાગળો, ડોક્યુમેન્ટ્સ વગેરે બરાબર રજૂ કરાયા છે કે નહીં, તેની ચકાસણી રજિસ્ટ્રારની ઓફિસ દ્વારા કરાય છે. તેને વિષયવાર અને કેટેગરીવાર અલગ કરાય છે. સુપ્રીમના રજિસ્ટ્રાર સમક્ષ લગભગ જુદી જુદી ૪૭થી વધુ કેટેગરીઓ છે. જેમકે પત્ર દ્વારા અરજીઓ (લેટર પિટિશન), પબ્લિક ઈન્ટરેસ્ટ મેટર્સ એટલે ટૂંકમાં જેને PIL – 'પીલ' કહેવામાં આવે છે તે જાહેર પ્રજાના હિત સંબંધેના કેસો, ટેક્સેશન અંગેના કેસો, સર્વિસ (નોકરીઓ) અંગેના કેસો, ક્રિમિનલ અપીલો (ફોજદારી કેસો અંગેની અપીલો), દીવાની બાબતોની અપીલો વગેરે વગેરે. આ વિવિધ વિષયોની કેટેગરીઓના પણ વળી અનેક પેટા વિભાગો હોય છે.

કેસોની ફાળવણી માટેનાં રજિસ્ટરને 'રોસ્ટર' તરીકે બોલાય છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ 'માસ્ટર ઑફ ધ રોસ્ટર' એટલે કે રજિસ્ટર પરના કેસોની ફાળવણીના સર્વોચ્ચ નિયામક ગણાય છે. રજિસ્ટ્રારે વિષય અને કેટેગરી પ્રમાણે તૈયાર કરેલા કેસોનું લિસ્ટ ચીફ જસ્ટિસ સમક્ષ રજૂ કરાય છે અને 'એપ્રુવ' (પરવાનગી કરેલા) કેસો, જેમાં નવા






(ફ્રેશ) કેસો પણ હોય છે, તેની વિગત કોમ્પ્યુટરમાં નાખવામાં આવે છે, જે ઓટોમેટિક રીતે જુદા જુદા બેંચોને ફાળવવાની કામગીરી કરે છે. આમાં એવું બનતું આવ્યું છે કે અત્યંત અગત્યના વિષયો, દેશની સ્થિતિ - પરિસ્થિતિને સંડોવતા બહુ નાજુક અને ગંભીર કેસો ચલાવવાની ફાળવણી, સુપ્રીમ કોર્ટના પહેલા પાંચ જજ સાહેબો (એટલે કે ચીફ જસ્ટિસ એમના પછીના ચાર સિનિયર જજો)ને બદલે નંબર ૫ થી ૧૪ વચ્ચેના જજ સાહેબો - જેમને સાધારણ રીતે 'જુનિયર' તરીકે સંબોધાય છે, તેમને ગંભીર મહત્ત્વના કેસોની ફાળવણી પણ થઈ જાય છે.

કેસોની ફાળવણી - કયા કેસ કયા જજોની બેંચે સાંભળવા, ચલાવવા અને તેનો નિકાલ કરવાની આ પધ્ધતિ – ચાર સિનિયર જજ સાહેબોના ગંભીર અસંતોષના કારણમાનું એક મુખ્ય કારણ રહ્યું છે, જે એમણે એમના સાત પાનાના પત્રમાં ચીફ જસ્ટિસને જણાવ્યું છે. પત્રમાંના કેટલાક બીજા ગંભીર મુદ્દાઓ સંબંધે આ લેખમાં આગળ ઉપર વર્ણન થશે; તે પહેલા કેસ ફાળવણીની અત્યારની અમલી પધ્ધતિ વિશે થોડું વિશેષ જાણી લેવું જરૂરી છે.

સુપ્રીમ કોર્ટમાં સાધારણ રીતે ગોઠવાતી બેંચમાં બે ન્યાયમૂર્તિઓનો સમાવેશ હોય છે, તેનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો છે. સાથે સાથે ચીફ જસ્ટિસને જ્યારે લાગે કે બે કરતાં વધારે – ત્રણ, ચાર કે પાંચ જજોની બેંચ રાખવી જરૂરી છે, તો તે પ્રમાણે રાખવાની સુચના તેઓ રજિસ્ટ્રારની ઑફિસ - રજિસ્ટ્રીને આપી શકે છે. ચીફ જસ્ટિસનો આ ખાસ અધિકાર છે. પરંતુ આવી સુચના કે આદેશ યા હુકમ 'આરબિટરી' – એટલે નરી આપખુદીવાળો કે મનફાવતો ન હોવો જોઈએ.

કોઈ પણ અપીલ કે કેસ સુપ્રીમ કોર્ટમાં જ્યારે 'ફાઈલ' કરાય છે, દાખલ કરાય છે ત્યારે એ અપીલ / કેસ 'સેન્સિટિવ' - અત્યંત નાજુક અને ગંભીર મહત્ત્વનો છે કે નથી તે સ્પષ્ટ હોતું નથી. એ કેસના બધા જ કાગળો અને ડોક્યુમેન્ટ્સ રજિસ્ટ્રારે જોયા / તપાસ્યા પછી જ તેની જાણ ચીફ જસ્ટિસને તેણે કરવાની રહે છે. રજિસ્ટ્રાર - કે તેની ઓફિસની - આ એક ખાસ મહત્ત્વની જવાબદારી છે. રજિસ્ટ્રારે ચીફ જસ્ટિસનું ભાર દઈને ધ્યાન દોરવાનું રહે છે. તે પ્રમાણે ચીફ જસ્ટિસને જાણ થયા પછી ચીફ જસ્ટિસ નક્કી કરે છે કે એ કેસ રાબેતા મુજબના 'રોસ્ટર'માં મૂકવો, યા પોતે જાતે ચલાવશે યા તેના માટેની બેંચ (ખંડપીઠ) સુપ્રીમ કોર્ટના કયા કયા ન્યાયમૂર્તિઓવાળી રાખવી, તે નક્કી કરે છે. જો જાતે - પોતે ચલાવવાના હોય તો પોતાની સાથે કયા સિનિયર કે જુનિયર ન્યાયાધીશોને રાખશે તે નક્કી


SUPREME RIFT OUT IN THE OPEN: An Unprecedented Press Conference Plunges Judiciary Into Its Big

4 Top Judges Revolt Against CJI;

SUPREME BATTLE

કરી, તેવી સુચના રજિસ્ટ્રારને આપે છે. હમણા સુધીનો, સુપ્રીમ કોર્ટના ૬૮ વર્ષોનો શિરસ્તો, પધ્ધતિ એવી રહેતી આવી છે કે 'સેન્સિટિવ' — બહુ નાજુક પ્રકારના કેસો, સુપ્રીમ કોર્ટના પહેલા પાંચ સિનિયર ન્યાયમૂર્તિઓમાંના બે - ત્રણ કે ચાર જજોની બેંચને ચલાવવા અને નિર્ણય - ફેંસલો કરવા સોંપાતા રહ્યા છે.

પણ હમણાં આમ થતું નથી.

- **હમણાનો ગંભીર વાદવિવાદ આ મુદ્દાને કારણે પેશ થયો છે :**

ચારેય સિનિયર જજ સાહેબોએ, બે મહિના પહેલાના એમના સાત પાનાના વિસ્તૃત પત્રમાં જણાવ્યું છે કે આવા એક 'સેન્સિટીવ' કેસમાં ચીફ જસ્ટિસે ગોઠવેલી બેંચના મુખ્ય જજ તરીકે એવા જજની નિયુક્તિ કરી છે, જે જજ સિનિયોરીટીની રીતે છેક ૧૧મા નંબરે છે (એટલે કે ચીફ જસ્ટિસ પછીના ૪ મુખ્ય સિનિયર જજોની સદંતર ઉપેક્ષા કરવામાં આવી છે, જે ૬૮ વર્ષોથી સુપ્રીમ કોર્ટના કેસોની કામોની ફાળવણીના ચાલતા આવતા શિરસ્તા - પધ્ધતિનો ઉઘાડો ભંગ છે.) ચારેય સિનિયર જજ સાહેબોએ એમના પત્રમાં સ્પષ્ટતા કરી જણાવેલું છે કે જજોની નિમણુંકોના મહત્ત્વના આ કેસમાં પાંચ જજોની બેંચે અત્યાર પહેલાં આપેલા ચુકાદા સામેની અપીલનો આ કેસ ગંભીરતા જાળવીને ચલાવવો જરૂરી હોવાથી હમણાના સિનિયર જજોની 'કોન્સ્ટીટ્યુશનલ' (બંધારણીય) બાબતોના મહત્ત્વના મુદ્દાઓ તેમાં સંકળાયેલા હોવાથી, નવી બેંચ તે પ્રમાણે ગોઠવાવી જોઈતી હતી. તેને બદલે છેક ૧૧મા નંબરે આવતા જજની બેંચને આ ભારે ક્ષતિગ્રસ્ત ફાળવણી કરાઈ છે.

આવું જ પુનરાવર્તન છેલ્લા કેટલાક સમય દરમિયાન, ફરીથીને ફરીથી, થતું જ રહ્યું છે, જેની દેશ અને ન્યાયતંત્ર પર દૂરોગામી અસર પડી શકે છે. ગેરવ્યાજબી, બિનજરૂરી ઉતાવળથી અને આપખુદીવાળા નિયત શિરસ્તાનો છેદ જેમાં ઉડાવાયો હોવાનું ચાર સિનિયર જજ સાહેબોને લાગ્યું છે તેના કેટલાક તાજા દૃષ્ટાંતો :

### જસ્ટિસ લુથરાની અપીલ

જસ્ટિસ આર.પી. લુથરાએ હાઈકોર્ટમાં અરજી કરીને અપીલ કરી હતી કે 'મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર' બનાવ્યા વગર સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટમાં જજની નિયુક્તિ ન થઈ શકે. (હમણાં જજોની નિયુક્તિ સુપ્રીમ કોર્ટના સિનિયર જજોના બનેલા 'કોલેજિયમ'થી થાય છે. તેમાં લાગવગ અને વહાલા - દવલાની ગંભીર ગેરરીતિઓ પ્રસરેલી છે તે દૂર કરવાના હેતુએ એવી માંગણી કરાતી રહી છે કે સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ અને સરકારી પ્રતિનિધિઓએ એક સ્પષ્ટ અને સુરેખ માર્ગદર્શિકા (મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર) બનાવવું જોઈએ અને તે માર્ગદર્શિકા પ્રમાણે જ હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટના જજોની નિમણુંકો થવી જોઈએ. ન્યાયતંત્ર - જ્યુડિશિઅરી અને કેન્દ્ર સરકારના કાયદા - મિનિસ્ટ્રી વચ્ચે આ માટેના કાચા ડ્રાફ્ટોની આપ-લે થયા કરે છે, સરકાર દ્વારા, તેનો અધિકાર બહારના વાંધાવચકા ઉઠાવાયા કરે છે, જેને પરિણામે આવા બહુ ઉપયોગી 'મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર' (જજોની નિમણુંકો બારાની મુળભૂત નીતિ, સિધ્ધાંત અને નિયમોને આખરી ઑપ આપી શકાતો નથી) માટે ચારેય સિનિયર જજ સાહેબોએ એમના ૭ પાનાવાળા પત્રમાં ભાર મૂક્યો છે કે 'મેમોરેન્ડમ ઓફ પ્રોસીજર' (અંગ્રેજીમાં ટૂંકમાં MoP) બનાવવામાં વધુ ઢીલ ન થવી જોઈએ. અત્યારે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટોમાં ઘણા જસ્ટિસોના હોદ્દા ખાલી પડ્યા છે. સુપ્રીમ કોર્ટે ઢીલના મુદ્દે કેન્દ્રને નોટીસ પણ મોકલી હતી. ઉપર નિર્દેશ થઈ ચૂક્યો છે તે પ્રમાણે જસ્ટિસ લુથરાએ હાઈકોર્ટમાં ઢીલ સામે અપીલ કરેલી. હાઈકોર્ટે એમની અપીલ રદ કરેલી. એટલે લુથરાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમના ચીફ જસ્ટિસે આવો ગંભીર 'સેન્સિટીવ', દૂરગામી પરિણામો લાવી શકનારો કેસ સિનિયોરીટીમાં છેક ૧૧મા નંબરવાળા જજની બેંચને પોતાની મુખત્યારીથી સોંપી દીધો. ચારેય સિનિયર જજોએ એમના પત્રમાં પૂછ્યું છે કે આ કેસને બંધારણીય બેંચ સિવાયની બીજી કોઈ બેંચને (તે પણ જુનિયર જજવાળી બેંચને) કેમ જ સોંપી શકાય?

### જસ્ટિસ કર્ણનનો કેસ

કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ કર્ણન સામે કેટલાક ગંભીર આક્ષેપો થયેલા. તેવા આક્ષેપોના સ્વીકારપાત્ર ખુલાસાઓ કરવાને બદલે આક્ષેપો કરનારને જ પોલીસને હવાલે કરી

નાખેલો. આક્ષેપો કરનાર સહી દાદ માંગવા સુપ્રીમ કોર્ટે ગયેલો. સુપ્રીમ કોર્ટે આથી જસ્ટિસ કર્ણન પાસેથી ખુલાસા માંગેલા. ખુલાસા આપવાને બદલે જસ્ટિસ કર્ણને સુપ્રીમ કોર્ટના જજ સાહેબ સામે ધરપકડનું વોરંટ કાઢેલું! આથી સુપ્રીમ કોર્ટે જજ કર્ણન સામે 'અદાલતના તિરસ્કાર' માટેની કાર્યવાહી કરેલી. અને અંતે જજ કર્ણનને છ મહિનાની જેલની સજા કરેલી, જે (માજી જજ) કર્ણને ભોગવી. આ અંગેની તેની અપીલનો કેસ સુપ્રીમ કોર્ટ સામે આવ્યો, જે સિનિયર જસ્ટિસો ચેલામેશ્વર અને રંજન ગોગોઇ સહિતની બેંચ સમક્ષ આવેલો. તેમાં બેંચે આપેલા ચુકાદાથી અલગ ચુકાદો જસ્ટીલ ચેલામેશ્વર અને જસ્ટિસ રંજન ગોગોઇએ આપતા જણાવેલું કે આ(વી) સમસ્યા મુદ્દે અમારું માનવું છે કે આપણે (એટલે કે ન્યાયતંત્ર) જજોની નિયુક્તિ સંબંધે હમણાની અમલી, પસંદગીની પ્રક્રિયાની ફેરસમીક્ષા કરવાનો સમય આવી ગયો છે. જસ્ટિસ કર્ણન જેવા કેસમાં (ઇમ્પીચમેન્ટ) મહાભિયોગ સિવાય બીજા પણ કાયદાકીય વિકલ્પોનો વિચાર કરવો જોઈએ. (એટલે કે ટૂંકમાં, ન્યાયતંત્રની હાલની કામગીરીની પધ્ધતિમાં ફેરસુધારણા કરવી જોઈએ.)

## રાકેશ અસ્થાનાનો કેસ

(નવેમ્બર '૧૭) આ કેસમાં સી.બી.આઈ. (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશન)ના સ્પેશિયલ ડાયરેક્ટર તરીકે સરકારે કરેલી નિયુક્તિની કાયદેસરતાને પડકારતી અપીલ, એક NGO (નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઇઝેશન) નામે 'કોમન કૉઝ' દ્વારા કરવામાં આવી હતી. આ કેસ સાંભળવા માટે ગોઠવાયેલી 'બેંચ'માં પછીથી ઉલટ-પાલટ ફેરફારો ચીફ જસ્ટિસે કર્યા હતા. પછીથી જે બેંચે આ કેસ સાંભળ્યો અને ચલાવ્યો તે બેંચમાં











જસ્ટિસ આર.કે. અગ્રવાલ અને જસ્ટિસ એ.એમ. સપ્રે હતા. આ કેસમાં, જે ગંભીર અને દૂરગામી પરિણામો સર્જે તેવો હતો, તેમાં પણ ચીફ જસ્ટિસ મિશ્રા સાહેબે જેને બેંચના મુખ્યાધીશ તરીકે નિમ્યા તે જસ્ટિસ અગ્રવાલનો સિનિયોરીટીની ગણતરીએ છેક અગિયારમો નંબર હતો. (એટલે કે આ કેસમાં પણ સિનિયર જજ સાહેબોની યોગ્યતાની ઉપેક્ષા કરવામાં આવી હતી.) (ચારેય સિનિયર જજ સાહેબોએ એમના વિસ્તૃત પત્રમાં સ્પષ્ટ રીતે ક્યાંય લખ્યું કે કહ્યું નથી, પણ ગૂઢાર્થ એવો નીકળે છે કે ચીફ જસ્ટિસ દ્વારા હમણાં હમણાં ગોઠવાતી બેંચો એવી હોય છે કે જેમની દૃષ્ટિ, વલણ અને લઢણ, કેન્દ્ર સરકાર તરફ સહાનુભૂતિવાળું હોય છે, જેને કારણે સરકારને જ વધુ લાભ અને ફાયદા થાય છે.)

## 'આધાર' કાર્ડ કેસ

'આધાર' કાર્ડ અંગેનો કેસ બે બેંચ સમક્ષ ચાલ્યો છે. આ કેસમાં ઉઠાવાયેલો મૂળ, ભારે મહત્ત્વનો મુદ્દો એ છે કે 'આધાર' કાર્ડ મારફતે દેશની પ્રત્યેકે - પ્રત્યેક વ્યક્તિની અંગતમાં અંગત વિગતો તેમાં આવરી લેવાય છે, જે બંધારણ દ્વારા પ્રત્યેક વ્યક્તિની 'પ્રાઇવસી' — અંગત બાબતોના રક્ષણ - કવચની કલમોનો ભંગ કરે છે. માટે તેમ ન થવા દેવા સરકારને અટકાવવી જોઈએ. (દેશના કરોડો દેશવાસીઓની 'પ્રાઇવસી'ને સાંકળતો અને બંધારણની કલમોનો ઉચ્છેદ કરી શકનારો આ બહુ અગત્યનો મુદ્દો છે કારણકે જો તેમ થતાં ન અટકાવાય તો સરકાર પાસે દેશના કરોડો દેશવાસીઓની અંગતમાં અંગત બાબતો ખુલ્લી રહે અને સરકાર જ્યારે મનફાવે ત્યારે તેનો દુરુપયોગ કરીને કોઈ પણ દેશવાસીને એક યા બીજા, ખોટા કે સાચા આક્ષેપો કરીને દેશવાસીની સ્વતંત્રતાનું ગળું રૂંધી દઈ શકે. જેની સામે બંધારણે સખ્ત મનાઈ કરી છે અને દેશવાસીઓને ચિરંતન રક્ષણ આપેલું છે.) આ કેસ

જ્યારે પહેલી વખત સુપ્રીમ કોર્ટ સમક્ષ આવ્યો ત્યારે તે ચલાવવા માટે સિનિયર જજ, શ્રી ચેલામેશ્વરની અધ્યક્ષતાવાળી બેંચને સોંપાયેલો. આ બેંચે એ કેસ તપાસી ચલાવ્યો અને કેસના અંતર્ગત સંકળાયેલા નાજુક બંધારણીય મુદ્દાઓને કારણે એમ ઠરાવ્યું કે કેસના મુદ્દાઓની દૂરગામી પરિણામોની શક્યતાને કારણે, આ કેસ સુપ્રીમ કોર્ટની વિસ્તૃત બંધારણીય બેંચે સાંભળવો, ચલાવવો અને તેનો ફેંસલો કરવો જરૂરી, ઇચ્છનીય અને આવશ્યક છે.

એટલે, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ મિશ્રા સાહેબે નવી બેંચની રચના કરી જેમાં તેઓના વડપણ હેઠળ, બીજા ચાર જજોને ગોઠવવામાં આવ્યા છે અને બેંચના બીજા સભ્યો તરીકે જસ્ટિસો એ.કે. સીકરી, એ.એન. ખાનવીલકર, ડી.વાય. ચંદ્રચુડ અને અશોક ભૂષણનો સમાવેશ કર્યો છે. ખૂબી, આશ્ચર્ય અને રંજની સ્થિતિ એવી ચીફ જસ્ટિસ સાહેબે પેદા કરી છે કે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ પછીના ક્રમે આવતા નંબર બે થી કરીને પાંચ સુધીના સૌથી વધુ સિનિયર જજ સાહેબોનો સાવ એકડો જ કાઢી નાખ્યો છે અને બે થી પાંચ વચ્ચેના કોઈ દીર્ઘ અનુભવી, બંધારણીય - કાયદાકીય બાબતોના ઊંડા નિષ્ણાત જજ સાહેબની સાવ બાદબાકી જ કરી નાખી છે! કેસનો પેચીદો મુદ્દો '૧૨ ડિજિટ બાયોમેટ્રીક યુનિક આઈડેન્ટીફિકેશન નંબર'નો છે. આવા બહુ તાણાવાણાવાળો કેસ ચલાવવા માટે (ચીફ જસ્ટિસ પછીના) આ નવી બેંચના નંબર બે વાળા જે જજ (જસ્ટિસ સીકરી) છે તે હમણાંના સુપ્રીમ કોર્ટના જજોમાં છેક છઠ્ઠા નંબરના છે. આ કેસ સુપ્રીમ કોર્ટે પહેલી વખત હાથ પર લીધેલો ત્યારે જે બેંચને સોંપાયેલો તેના મુખ્ય જજ શ્રી ચેલામેશ્વર હતા અને એમની જ બેંચે ભલામણ કરી ફેંસલો આપેલો કે આ પેચીદો કેસ વિસ્તૃત બંધારણીય બેંચ સમક્ષ તપાસાવો જોઈએ. ચીફ જસ્ટિસ સાહેબે બે થી પાંચ નંબરના સૌથી વધુ સિનિયર જજ સાહેબોનો એકડો જ ભૂંસી નાખ્યો અને આ બે થી પાંચ પછીના જુનિયર જજોવાળી બેંચના ખોળામાં આ બહુ ગંભીર મુદ્દાઓવાળો કેસ મૂકી દીધો. (આ કેસનો કેટલોક પૂર્વ ઇતિહાસ પણ છે પરંતુ લેખ વધુ પડતો લંબાઈ ન જાય તે હેતુથી પૂર્વ ઇતિહાસની વિગતો અહીં સમાવી નથી. બીજું, જ્યાં જ્યાં સિનિયર - જુનિયર જજ સાહેબોના ઉલ્લેખ આ લેખમાં છે, તેનો **અર્થ બિલકુલ એવો નથી જ** કે જુનિયર જજ સાહેબો, સિનિયર જજો કરતાં નીચલી કક્ષાના છે. બધા જ 'ઇક્વલ' છે. સિનિયર - જુનિયર એ રીતે બોલાય છે કે સુપ્રીમ કોર્ટમાં જે ક્રમ પ્રમાણે નિમણૂંકો થતી આવે તેમાં પહેલા પાંચ સિનિયર ગણાય છે અને તે પછીના જજ સાહેબો જુનિયર તરીકે સંબોધાય છે.)

## મર્હુમ જજ લોયાનો કેસ

આ કેસની ઘટનાવાળી વિગતો વિવાદાસ્પદ છે, ચોંકાવનારી છે, રાજકારણની છાંટવાળી છે, એટલે રસપ્રદ પણ છે. વધારામાં આ કેસ એ છે કે જેનાથી સુપ્રીમ કોર્ટના જજ સાહેબો વચ્ચે કામગીરી બાબતમાં ખાસ્સી તિરાડ પડી છે.


ચાર સિનિયર જજ સાહેબોની પ્રેસ કોન્ફરન્સ શુક્રવાર, ૧૨મી જાન્યુઆરીના થયેલી. તેના આગલા દિવસે, ગુરુવાર ૧૧મી જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી એક અપીલમાં એવી અરજ ગુજારવામાં આવેલી કે સી.બી.આઈ.ની કોર્ટના એક જજ બી. એચ. લોયાનું મૃત્યુ શકમંદ સંયોગોમાં થયું છે તેની ઊંડી અને વિસ્તૃત તપાસ કરવાનો હુકમ સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવે. આ અપીલ (PIL – પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન) એટલે કે જાહેર હિતની જાળવણી માટેના હેતુસરના કાયદા હેઠળ કરાઇ હતી. આ અપીલની ટૂંક વિગત એવી હતી કે ગેંગસ્ટર સોહરાબુદ્દીન શેખની ગુજરાતમાં સ્પેશિયલ પોલીસ અધિકારીઓ દ્વારા બનાવટી એન્કાઉન્ટર (જુઠ્ઠી મુઠભેડ)માં જે હત્યા થયેલી તે આકસ્મિક નહોતી પણ અગાઉથી ગોઠવાયેલા કાવતરાની સ્કીમ પ્રમાણે થઈ હતી, તેની સત્ય હકીકતની તપાસ કરવાનો અને જેઓ આ બનાવટી 'એન્કાઉન્ટર'નું કાવતરું કરનારા આરોપીઓ છે તેમને કાયદેસરની સજા કરવાની દાદ સુપ્રીમ કોર્ટ સમક્ષ માંગવામાં આવી હતી. સોહરાબુદ્દીનની હત્યા કરવાના કાવતરાના આરોપીઓમાં ગુજરાતના કેટલાક પોલીસ અધિકારીઓ ઉપરાંત તે સમયના ગુજરાતના પ્રધાન મંડળના એક પ્રધાન અમિત શાહ, જે ગૃહ ખાતાનાં નાયબ મંત્રીનો હોદ્દો સંભાળતા હતા, તેમનું પણ કાવતરું ગોઠવનારાઓમાંના એક તરીકે સમાવેશ હતો.

મૂળ આ કેસ સી.બી.આઈ.ની એક સ્પેશિયલ કોર્ટમાં ચાલતો હતો, જેના જજ શ્રી એચ.બી. લોયા હતા. સોહરાબુદ્દીનના ગુજરાત પોલીસના કહેવાતા બનાવટી એન્કાઉન્ટરમાં થયેલા મૃત્યુ અંગેની તપાસનો આ કેસ ચાલતો હતો તે દરમિયાનમાં જજ લોયાનું શંકાસ્પદ અને વિવાદાસ્પદ સંયોગોમાં અવસાન નીપજ્યું હતું અને એમના સ્થાન પર નિમાયેલા નવા જજ દ્વારા કેસ ચલાવાઈને જે ચુકાદો આપ્યો તેમાં ગુજરાતના માજી નાયબ ગૃહમંત્રી (અને હાલના બીજેપીના અધ્યક્ષ) શ્રી અમિત શાહને નિર્દોષ ઠરાવી છોડી દેવાયા હતા. જજ લોયાના અવસાન અંગે એમના પુત્ર,

## સ્પેશિયલ જજ લોયા સાહેબ



સી.બી.આઈ.ની સ્પેશિયલ કોર્ટના સ્પેશિયલ જજ લોયા ગુજરાત પોલીસના બનાવટી એન્કાઉન્ટરનો કેસ ચલાવી રહ્યા હતા. જેમાં બીજા આરોપીઓ સાથે અમિત શાહ પણ એક આરોપી હતા.કેસ ચાલવા દરમ્યાન શકમંદ સંયોગોમાં એમનું અવસાન નીપજ્યું હતું. એમના પછી નિમાયેલા જજે અમિત શાહ અને બીજા આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી દીધા હતા. જજ લોયાના શકમંદ મૃત્યુ અંગે તપાસની માંગણી કરતી અરજીઓ મુંબઈ હાઈકોર્ટમાં અને સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. આ કેસ ચલાવવાની બાબતે સુપ્રીમ કોર્ટમાં ગંભીર સ્થિતિ પેદા થઈ હતી.



ગેંગસ્ટર સોહરાબુદ્દીન – જેનું ગુજરાતની પોલીસે બનાવટી એન્કાઉન્ટર કરીને મોત નિપજાવ્યાના આક્ષેપોવાળો કેસ ચલાવનાર જસ્ટિસ લોયાનું વિવાદાસ્પદ સંયોગોમાં મૃત્યુ નિપજ્યું હોવાના આક્ષેપ થયા છે.



ગુજરાતના માજી નાયબ ગૃહપ્રધાન અમિત શાહ – જેઓ બનાવટી એન્કાઉન્ટરવાળા કેસમાં નિર્દોષ થઈ છૂટી ગયા છે.

એમની બે બહેનો અને એમના કાકા સહિતના કુટુંબીઓએ જોરદાર રીતે નિવેદનો કર્યા હતા કે જસ્ટિસ લોયાનું મૃત્યુ કુદરતી કારણોસર નથી થયું પણ ભેદભરેલા કારણોસર થયું છે. માટે તેની ન્યાયિક તપાસ થવી જોઈએ.

દેશના વિરોધ પક્ષોએ આ બાબતે ભારે ઉહાપોહ સર્જ્યો હતો. (જેનો ગર્ભિત હેતુ એવો હતો કે જસ્ટિસ લોયાનું મૃત્યુ એટલા માટે નિપજાવાયું હતું કે જસ્ટિસ લોયા કોઈ પણ રાજકારણી - મોટા માથાની શેહશરમ રાખ્યા વગર કેસ ચલાવતા હોવાથી મુખ્ય આરોપીઓને તક્સીરવાર ઠરાવી સજા કરવાની પૂરી શક્યતા હતી. જેથી ગુજરાતના માજી નાયબ ગૃહપ્રધાન અમિત શાહને પણ વિપરીત અસર ભોગવવી પડત. પરંતુ એમ બનવા પ-હે-લા જ જસ્ટિસ લોયાનું કાસળ કાઢી નખાયું અને તેમની જગ્યાએ નિમાયેલા નવા જજ સાહેબે, અમિત શાહ સહિતના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી દીધા હતા.)

આમ થયા પછી મુંબઈની હાઈકોર્ટ સમક્ષ જસ્ટિસ લોયાના શકમંદ મૃત્યુ અંગે તપાસ કરવાની માંગ કરતી ત્રણ અરજીઓ થઈ હતી. આ અરજીઓના કામ હાથ પર લેવાય ત્યાં એક વધુ અપીલ નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ થઈ હતી.

(ચીફ જસ્ટિસ પછીના) જે ચાર સૌથી મોખરાના સિનિયર જજ સાહેબોએ બિલકુલ સાહજિક રીતે એમ ધાર્યું હતું કે સુપ્રીમ કોર્ટની નિષ્પક્ષતા, ઊંચી પ્રતિષ્ઠા અને દેશભર માટે દૂરગામી અસર પાડી શકે તેવો આ કેસ ચીફ જસ્ટિસ સાહેબ મોખરાના સિનિયર જજોને સાથે રાખીને બેંચ ગોઠવશે. પણ તેથી ઊલટું જ, ચીફ જસ્ટિસ સાહેબે કર્યું. સુપ્રીમ કોર્ટના પચ્ચીસ જજોમાં ઠેઠ દસમા નંબરના ક્રમે આવતા જુનિયર જજ શ્રી અરુણ મિશ્રાના વડપણ હેઠળની બેંચને આ અપીલ ચલાવવા ફાળવણી કરી.

ચારેય સિનિયર - મોસ્ટ જજ સાહેબો માટે આ કારી ઘા સમાન ફાળવણી હતી. પ્રેસ કોન્ફરન્સ (શુક્રવારે થઈ) તેના આગલા દિવસે ગુરુવારે ચીફ જસ્ટિસે આ ફાળવણી કરી, જેના માટે ચારેય સિનિયર જજોએ ચીફ જસ્ટિસને જણાવ્યું કે સાહેબ, આ બરાબર નથી થતું. પણ ચીફ જસ્ટિસે કંઈ દાદ આપી નહીં.

શુક્રવાર (૧૨મી જાન્યુઆરી)ના સવારે સુપ્રીમ કોર્ટના કામકાજ સાડા દસ વાગે શરૂ થાય તેનાથી પંદર મિનિટ પ-હે-લા ચારેય સિનિયર મોસ્ટ ન્યાયમૂર્તિઓ ફરીથી ચીફ જસ્ટિસ સાહેબની ચેંબરમાં રૂબરૂ જઈને ફરીથી છેલ્લી વખત વિનંતી કરી કે સાહેબ, આવો ગંભીર કેસ સિનિયર જજના વડપણવાળી બેંચને સોંપાય તેમાં જ સુપ્રીમ કોર્ટની શોભા અને શાન છે. પણ અફસોસ! ચીફ જસ્ટિસ સાહેબે કડકાઈથી (અંગ્રેજી : બ્લંટલી), લગભગ તોછડાઈથી જવાબમાં

## દેશના ન્યાયતંત્રની શાન અને શોભા વધારનાર અને ઘટાડનારા માજી જજો


(૧)


(૨)


(૩)



(૪)


(૫)



(૬)

ડાબેથી (૧) **જસ્ટિસ પી.ડી. દિનાકરન**ની સુપ્રીમમાં બઢતી થયા પહેલા ભ્રષ્ટાચારના આક્ષેપો થતાં તેમની સામે 'ઈમ્પ્રીચમેન્ટ' મહાભિયાનની તૈયારી થઈ પણ તપાસ દરમ્યાન જ એમણે રાજીનામુ આપ્યું. (૨) **જસ્ટિસ બી.કે. રોયે** બીજા બે જજોના ભ્રષ્ટાચાર સંબંધો પ્રશ્નો ઉઠાવ્યા હતા. (૩) **જસ્ટિસ પારડીવાલા**એ રીઝર્વેશન્સ સંબંધે કડક ટીકા કરતાં તે પાછી ખેંચી લેવી પડેલી. (૪) **જસ્ટિસ સી.એ. કર્ણન,** કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ હતા. તેમણે સુપ્રીમ કોર્ટના જજની સામે ધરપકડનું વોરંટ કાઢ્યું હતું અને સુપ્રીમ કોર્ટની ઘોર અવહેલના કરી હતી. તેમને છ મહિનાની કેદની સજા થઈ હતી, તે ભોગવીને તાજેતરમાં છુટ્યા છે. (૫) **જસ્ટિસ વી. રામસ્વામી**નો ભ્રષ્ટાચાર, તપાસમાં પુરવાર થયો હતો. બીજા જજોએ એમની સાથે બેસવાનો પણ ઈન્કાર કર્યો હતો. એમની સામેની ઈમ્પીચમેન્ટની કાર્યવાહી સફળ થઈ નહોતી. (૬) **જસ્ટિસ સૌમિત્ર સેને**, કોર્ટમાં રીસીવર તરીકે રૂા. ૩૨ લાખનો ગોટાળો કર્યો હતો. હાઈકોર્ટના જજ તરીકે રાજીનામું આપ્યું છે. ઈમ્પીચમેન્ટ વિધિ થવાની બાકી છે.

### અગાઉના બહુચર્ચિત જજ સાહેબો


(૧)


(૨)


(૩)


(૪)

(ડાબેથી) (૧) ઇંદીરાજીવાળી (ઇમરજન્સી) કટોકટી વખતે કટોકટીની જાહેરાત સામે અસંમતિનો અવાજ ઉઠાવનાર જજસાહેબ **એચ. આર. ખન્ના.** (૨) ખન્ના સાહેબની સિનિયોરીટીને કૂદાવીને જજ નિમાયેલા **હમીદુલ્લા બેગ.** (૩) જજ **શ્રી બી.એન. કીરપાલ સાહેબ** જેઓ તે સમયના એક બહુ મોટા ભ્રષ્ટાચારવાળા બાલ્કો (BALCO) કેસ ચલાવનારી બેંચમાં હતા. (૪) **શ્રી ગોપાલ સુબ્રમણ્યમ,** જેમણે સુપ્રીમ કોર્ટના જજ બનવાનો ઈન્કાર કર્યો હતો.

કહ્યું કે હું જે કાંઈ કરું છું તે મારા હક્ક - અધિકારની રુએ કરું છું. મેં ગોઠવેલી બેંચમાં કોઈ ફેરફાર કરાશે નહીં.

સૌથી મોખરાના ચારેય સિનિયર જજ સાહેબો માટે આ વજાઘાત હતો. આખરી કારમો ફટકો હતો.

આ છેલ્લા વજાઘાતથી સમસમી ઉઠેલા જજ સાહેબો જે. ચેલામેશ્વર, રંજન ગોગોઇ (જેઓ ઓક્ટોબર '૧૮માં ચીફ જસ્ટિસ બનવાની સિનિયોરીટીએ પહોંચેલા છે), જસ્ટિસ મદન લોકુર અને જસ્ટિસ કુરિયન જોસેફે, દોઢ કલાક પછી, જસ્ટિસ ચેલામેશ્વરના બંગલાના ગાર્ડનમાં પ્રેસ કોન્ફરન્સ બોલાવી અને પોતાના દ્વારા લખાયેલા સાત પાનાવાળા પત્રની કોપીઓ પત્રકારોને હવાલે કરી.

આ આખાય ઘટનાચક્રમાં ક્યાંય નહોતું ન્યાયતંત્રનું ચીરહરણ, ક્યાંય નહોતી ક્રાંતિ, ક્યાંય નહોતું બંડ કે બળવો. જે હતું તે સુપ્રીમ કોર્ટના સુયોગ્ય, ગુણાનુક્રમ પ્રમાણે, સ્ફટિક શા સ્વચ્છ આંતરિક વહીવટ માટેનો હાર્દિક આગ્રહ, આગ્રહ અને આગ્રહ.

*૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન, તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

## આદરપાત્ર માનનીય જજસાહેબો જેમણે સુપ્રીમ કોર્ટની આન, બાન અને શાન ચિરંજીવ રખાવવાનું સાહસ કર્યું



**જસ્ટિસ જસ્તી ચેલામેશ્વર :** સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ પછીના સૌથી વધુ સિનિયર જસ્ટિસ જસ્તી ચેલામેશ્વર ખુદ ચીફ જસ્ટિસ બનતા બનતા સાવ જરાકથી રહી ગયેલા. આગલા છેલ્લા ચીફ જસ્ટિસ ટી.એસ. ઠાકુર જાન્યુઆરી ૪, ૨૦૧૭ના રિટાયર થયા. તેથી પહેલાં જસ્ટિસ ચેલામેશ્વર ગૌહત્તી હાઈકોર્ટના મે ૩, ૨૦૦૭ના ચીફ જસ્ટિસ બનેલા. જસ્ટિસ ખેહાર નવેમ્બર ૨૯, ૨૦૦૯ના હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનેલા અને હમણાના સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દીપક મિશ્રા ડિસેમ્બર ૨૩, ૨૦૦૯ના હાઇકોર્ટના ચીફ જસ્ટિસ બનેલા. એટલે કે આ બંને જસ્ટિસો કરતાં જસ્ટિસ ચેલામેશ્વર સિનિયર હતા. જસ્ટિસ ખેહાર સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સપ્ટેમ્બર ૧૩, ૨૦૧૧ના બનેલા. જુદી જુદી હાઈકોર્ટોના જસ્ટિસો ચેલામેશ્વર અને દીપક મિશ્રાની નિમણૂંકો સુપ્રીમ કોર્ટના જસ્ટિસો તરીકે ઓક્ટોબર ૧૦, ૨૦૧૧ના થયેલી. તે વખતે જોગાનુજોગ એવું બન્યું કે ચેલામેશ્વર અને દીપક મિશ્રાએ જે સોગંદવિધિ કરી, તેમાં અકસ્માતે જજ ચેલામેશ્વર ઘણા વધુ સિનિયર હોવા છતાં સોગંદવિધિમાં જસ્ટિસ દીપક મિશ્રા આગળ થઈ ગયા અને ચેલામેશ્વરે, એમના પછી સોગંદવિધિ કરી. માત્ર આ કારણસર ચેલામેશ્વર સુપ્રીમના ચીફ જસ્ટિસ થતા થતા રહી ગયા!

જસ્ટિસ ચેલામેશ્વરે ચેન્નાઈની લોયલા કૉલેજમાં ફિઝિક્સનો અભ્યાસ કર્યો અને પછી વિઝાગાપટ્ટમ, આંધ્રમાં કાયદાના સ્નાતક બન્યા. ૧૯૯૫માં તેઓ સિનિયર ઍડવોકેટ બનેલા અને ૧૯૯૭માં આંધ્ર પ્રદેશની હાઇકોર્ટના જજ બનેલા. એ પછી તેઓ ગૌહત્તી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, પછી કેરાલા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનેલા. ઓક્ટોબર, ૨૦૧૧માં એમની બઢતી સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે થયેલી. એમનો કાર્યકાળ જૂન ૨૨, ૨૦૧૮માં સમાપ્ત થાય છે. તે પછી તેઓ રીટાયર થશે.

હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ સાહેબોમાં જસ્ટિસ ચેલામેશ્વરની ઊંચી પ્રતિષ્ઠા 'સાધુ જીવન' જીવનારા ન્યાયમૂર્તિ તરીકે થાય છે.



**જસ્ટિસ રંજન ગોગોઇ સાહેબ :** સિનિયોરીટીની ગણતરીએ ગોગોઇ સાહેબ સુપ્રીમ કોર્ટના ઓક્ટોબર, ૨૦૧૮ના ચીફ જસ્ટિસ બનવાને પાત્ર છે. નોર્થ ઈસ્ટ, ઉત્તર પૂર્વના રાજ્યોમાંથી સુપ્રીમ કોર્ટના જસ્ટિસ કે ચીફ જસ્ટિસ બનવાની ઉચ્ચ કક્ષાએ પહોંચેલા તેઓ સૌથી પહેલા છે. તેમના રીટાયર થવાનો સમય નવેમ્બર ૨૦૧૯નો છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનવા પહેલાં ગૌહત્તી હાઈકોર્ટના તેઓ પરમેનન્ટ જજ હતા. ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે તેઓની બઢતી થઈ હતી. ૨૦૧૬માં જસ્ટિસ ગોગોઈ સાહેબે, સુપ્રીમ કોર્ટના આગલા અને રીટાયર્ડ જજ માર્કન્ડેય કાત્જુ સામે અદાલતમાં તિરસ્કાર માટેની નોટીસ કાઢવાનું હિંમતભર્યું પગલું લીધું હતું.



**જસ્ટિસ મદન બી. લોકુર સાહેબ :** લોકુર સાહેબનો અભ્યાસ દિલ્હી અને અલ્હાબાદ ખાતે થયો હતો. સેંટ સ્ટીફન કોલેજમાંથી ગ્રેજયુએશન કર્યા બાદ દિલ્હી યુનિવર્સિટીની કાયદાકીય ફેકલ્ટીમાં હતા. દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં એમણે વકીલાત કરી હતી. ૧૯૯૭માં તેઓ સિનિયર ઍડવોકેટ બનેલા. તે પછી એડિશનલ સોલીસીટર જનરલ ઓફ ઇન્ડિયા ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બનતા પહેલાં તેઓ ગૌહત્તી અને આંધ્ર હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનેલા.



**જસ્ટિસ કુરિયન જોસેફ સાહેબ :** તેઓ કેરાલામાં જન્મેલા અને અભ્યાસ પણ કેરાલામાં કરેલો. કાયદાની લૉ ડિગ્રી કેરાલાના થિરૂવન્થપુરમ ખાતેની કેરાલા લૉ એકેડેમિ કૉલેજમાંથી મેળવેલી. ૧૯૭૯થી એમણે વકીલાત આરંભેલી. તેઓ એડિશનલ ઍડવોકેટ જનરલ તરીકે નિમાયેલા અને ત્યારબાદ હાઈકોર્ટના જજ બનેલા. કેરાલા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ (એક્ટિંગ) તરીકે તેઓએ બે વખત કામગીરી બજાવેલી. ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે એમની નિમણુંક થયેલી છે.

કચ્છ

# ભૂકંપગ્રસ્ત કચ્છના ઔદ્યોગિક વિકાસે કચ્છને વિશ્વ નકશે સ્થાન અપાવ્યું

• નિમિષ ફડકે • એમ. ડી. શેઠિયા •

પાંચ હજાર વર્ષ જૂની જીવંત સંસ્કૃતિ સાચવીને બેઠેલો કચ્છ પ્રદેશ તેની આ પાંચ હજાર વર્ષની યાત્રામાં તેના જુદા જુદા બંદરો અને એ બંદરો થકી વિશ્વના અનેક દેશો સાથે વિકસાવેલા વ્યાપારને કારણે દુનિયાના નકશામાં અંકિત હતો જ પરંતુ દુર્ભાગ્યે ઈતિહાસનાં આ પાનાઓમાં તેના ઔદ્યોગિક વિકાસની નોંધ પડી નહોતી. આટલા લાંબા ગાળામાં કચ્છમાં એશિયાનું સર્વપ્રથમ કંડલા વિશેષ આર્થિક ક્ષેત્ર સ્થપાયું. ખનિજ આધારિત અનેક ઉદ્યોગો, ૮૦થી ૯૦ના દાયકામાં ઊભા થયા. આમ છતાં વિશ્વ પ્રસિદ્ધ ઔદ્યોગિક ક્રાંતિ વખતે પણ કચ્છની ઉત્પાદકીય પ્રવૃત્તિઓની નોંધ ન લેવાઈ.

આ જિલ્લામાં સ્થપાયેલા સિમેન્ટ ઉદ્યોગ, મરીન કેમિકલ ઈન્ડસ્ટ્રી કે ખાનગી બંદર સ્થાપવા સહિતની ઔદ્યોગિક પ્રવૃત્તિઓને ત્યાં સુધી રાષ્ટ્ર કે દુનિયાએ ગંભીરતાથી ધ્યાનમાં લીધી નહોતી. એ સમયે કચ્છની આ બધી ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું ભવિષ્ય ધૂંધળું ભાસતું હતું.

વર્ષ ૨૦૦૧માં આવેલા ભયાવહ ભૂકંપ પછી શરૂઆતમાં ઔદ્યોગિક સાહસો બાળમરણ પામશે અને સાથે કચ્છના ઔદ્યોગિક વિકાસનું હજારો વર્ષોથી સેવાતું સ્વપ્ન ચકનાચુર થઈ જશે તેવો મત વિવિધ નિષ્ણાતોએ બાંધી લીધો હતો.

પરંતુ આ ભૂકંપ પછી આ પ્રદેશના આર્થિક પુનરોધ્ધાર માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નવા આવનાર ઉદ્યોગો માટે, પાંચ વર્ષ માટે જાહેર થયેલી વિવિધ આર્થિક છૂટછાટોને કારણે આ જિલ્લો સમગ્ર વિશ્વના ઔદ્યોગિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો. વધુમાં અહીં આવેલા કંડલા અને મુંદ્રા જેવા દરિયાઈ બંદરો અને ઉદ્યોગો માટે ઉપલબ્ધ વિશાળ જમીનોને કારણે, આર્થિક છૂટછાટનો સમય પૂરો થયા પછી પણ ઔદ્યોગિક રોકાણનો પ્રવાહ સતત ચાલુ રહ્યો.

આજે કચ્છ જિલ્લામાં લગભગ **રૂા. ૧,૪૦,૦૦૦ કરોડ** (રૂપિયા એક લાખ ચાલીસ હજાર કરોડ)નું ઔદ્યોગિક રોકાણ કાર્યરત છે, જે ૨૦૦૧ના ભૂકંપ પહેલાના રૂા. ૨૫૦૦ કરોડના રોકાણ કરતાં અનેકગણું વધારે છે.

છેલ્લા ૧૫-૧૭ વર્ષ દરમિયાન થયેલા ઔદ્યોગિક રોકાણોને કારણે જિલ્લાએ રાષ્ટ્ર અને વિશ્વમાં ઘણી સિદ્ધિઓ મેળવી છે. કોઈપણ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક સેગમેન્ટ્સ કાર્યરત હોય તેવો કદાચ આ પ્રથમ દાખલો હશે. કચ્છ જિલ્લો વિશ્વવિખ્યાત અનેક બ્રાન્ડ્સનું ઉત્પાદન કરે છે. આ બ્રાન્ડ્સની બ્રાન્ડ વેલ્યુ ખાલી હજારો કરોડો રૂપિયા થાય છે.

છેલ્લા પંદર-વીસેક વર્ષમાં થયેલી ઉપરોક્ત કલ્પનાતીત ઔદ્યોગિક સફર પછી આપણે સૌને ન સમજાતો પ્રશ્ન એ છે કે શું આ કચ્છનાં ઔદ્યોગિક વિકાસની શરૂઆત છે કે પૂર્ણવિરામ? હજુ લગભગ બે લાખ કરોડ રૂપિયાના રોકાણો કાર્યરત થવાના વિવિધ તબક્કે છે એ એક સત્ય છે. જ્યારે બીજી બાજુ આ બધા પ્રોજેક્ટની ગતિ થોડી મંદ પડી હોવાની અને નવા ઔદ્યોગિક પ્રોજેક્ટની ઈન્કવાયરી ઓછી થઈ હોવાની વાતો વચ્ચે સત્ય શું છે? **તાજેતરમાં મળેલા સમાચારો મુજબ કચ્છમાં કાર્યરત ઘણા ઉદ્યોગોએ પોતાના વિસ્તૃતિકરણ માટે કચ્છ સિવાય અન્ય પ્રદેશો પર નજર દોડાવી છે.** તો અમુક ઉદ્યોગ ગૃહોએ કચ્છમાં ઉદ્યોગ સ્થાપવાની જાહેરાત અને ઉદ્યોગો માટેની જમીનની ખરીદી પછી પોતાના નવા પ્રોજેક્ટો અન્ય પ્રદેશોમાં સ્થાપવા માટે મન બદલ્યું છે.

આ બદલાવનું કારણ શું? કચ્છના ઔદ્યોગિકીકરણનું પ્રથમ સંસ્કરણ, કેન્દ્ર અને રાજ્ય સરકારે જાહેર કરેલી વિવિધ આર્થિક છૂટછાટોને કારણે સંપન્ન થયું અને કદાચ પ્રથમ સંસ્કરણનું આ પૂર્ણવિરામ ગણી શકાય.

કચ્છના ઔદ્યોગિકીકરણનું બીજું અથવા આવતું સંસ્કરણ કઈ રીતે લાવી શકાય? આ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, અહીંના લોકો, શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગકારો, ઔદ્યોગિક સંગઠનોએ શું કરવું જોઈએ?

પહેલાં તો આપણે એ સમજી લેવું પડે કે છેલ્લા પંદર વર્ષોમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT), ઓટોમેશન, SCADA, વીજળીના વહન માટેની સ્માર્ટ ગ્રીડ ટેકનોલોજી વગેરેએ ઔદ્યોગિકીકરણની સમગ્ર તાસીર બદલી નાખી છે. તો વળી રીન્યુએબલ એનર્જી, નવો કંપનીઝ એક્ટ, ૨૦૧૩, જીએસટી - એક દેશ, એક ટેક્ષ; Insolvency

## કચ્છ જિલ્લામાં ભૂકંપ પહેલાનું અને પછીનું ઔદ્યોગિક રોકાણ

| **ભૂકંપ પહેલા રોકાણ** | **ભૂકંપ બાદ રોકાણ (૨૦૦૧)** |
|---|---|
| ૨૫૦૦ કરોડ (રૂપિયા પચ્ચીસસો કરોડ) | ૧,૪૦,૦૦૦ કરોડ (રૂપિયા એક લાખ ચાલીસ હજાર કરોડ) |

| **ઇન્ડસ્ટ્રીયલ સેગમેન્ટ / પ્રોડક્ટ્સ** | **ઇન્ડસ્ટ્રીયલ સેગમેન્ટ / પ્રોડક્ટ્સ** |
|---|---|
| સૉ (SAW – submerged arc welding) પાઈપ મેન્યુફેક્ચરિંગ | આર્ક વેલ્ડિંગ પાઇપ ઉત્પાદન (સૉ પાઇપ) માટેની ક્ષમતાના સંદર્ભમાં કચ્છ જિલ્લો વિશ્વનું પ્રથમ ક્રમનું સૌથી મોટું હબ |
| ખાદ્ય તેલ રિફાઈનરીઓ | જિલ્લામાં ખાદ્યતેલની રીફાઇનરીઓ ભારતની કુલ ખાદ્યતેલની જરૂરિયાતના ૫૦ ટકાથી પણ વધુ રીફાઇન કરે છે. |
| દરિયાઇ રસાયણો | કચ્છમાં બ્રોમિન ઉત્પાદનની કુલ ક્ષમતા છે ૭૦,૦૦૦ મેટ્રિક ટન. જે દેશના કુલ ઉત્પાદનના આશરે ૮૫% છે. |
| ઔદ્યોગિક અને ખાદ્ય સોલ્ટ રીફાઇનરીઓ | ઔદ્યોગિક અને ખાદ્ય વપરાશ માટે દેશમાં કુલ મીઠાનું ૩૦% ઉત્પાદન કચ્છ જિલ્લામાં થાય છે. જિલ્લામાં કુલ ૩૦ ખાદ્ય સોલ્ટ રીફાઇનરીઝ છે. |
| સીમલેસ સિલિન્ડર મેન્યુફેક્ચરિંગ | જિલ્લામાં સીમલેસ સિલિન્ડરનું ઉત્પાદન કરવાની વાર્ષિક સ્થાપિત ક્ષમતા આશરે ૧૮,૨૦,૦૦૦ સિલિન્ડર્સ છે. જે વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું ઉત્પાદન કરતું ક્લસ્ટર છે. |
| સ્ટીલ ઉત્પાદક (સ્પોન્જ આયર્ન, ટી.એમ.ટી.બાર) | જિલ્લામાં સ્પોન્જ આયર્ન, ટી.એમ.ટી. બાર અને અન્ય સ્ટીલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતા ૨૦થી વધુ સ્ટીલ પ્લાન્ટ્સ છે. |
| મિનરલ પ્રોસેસિંગ યુનિટ | જિલ્લો વિશ્વનો ત્રીજો સૌથી મોટો બેન્ટોનાઇટ અને બ્લિચિંગ ક્લેનો ઉત્પાદક છે. જિલ્લામાં વૈશ્વિક બોક્સાઇટના વેચાણમાં ૧૫% બજાર હિસ્સો ધરાવે છે. કચ્છ જિલ્લો પ્રોપેન્ટનો ભારતનો સૌથી મોટો ઉત્પાદક છે. |
| સિમેન્ટ | કચ્છના પશ્ચિમી ખૂણે એશિયાનો સૌથી મોટો સિમેન્ટ પ્લાન્ટ આવેલ છે. |
| ટિમ્બર | જિલ્લાના અંજાર, ગાંધીધામ, મુંદ્રા અને ભચાઉ તાલુકા ભારતમાં એકમાત્ર આયાતી લાકડાના કન્વર્ઝન ઝોન છે અને ૨૨૦૦થી પણ વધુ પ્રોસેસિંગ યુનિટ ધરાવે છે. |
| ટેક્ષટાઇલ | વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું ટેક્ષટાઇલ પ્લાન્ટ જિલ્લામાં આવેલ છે. |
| પોર્ટ અને એસ.ઇ.ઝેડ. | સમગ્ર દેશનો કુલ કાર્ગોનો આશરે ૩૫% હિસ્સો કંડલા અને મુંદ્રા બંદર હેન્ડલ કરે છે. કંડલા અને મુંદ્રામાં બંદર આધારિત ૨ મોટા ઝોન આવેલા છે. |
| કોલસા આધારિત પાવર પ્લાન્ટ | કચ્છ કુલ ૧૦,૦૦૦ મેગાવોટ વીજળી પેદા કરે છે. |
| પવન ઊર્જા | ૧૭૦૦ મેગાવોટ વીજળી પેદા કરે છે. |
| સૌર ઉર્જા | ૧૩૦ મેગાવોટ વીજળી પેદા કરે છે. |
| પ્લાય, વીનિયર, પ્લાય બોર્ડ મેન્યુફેક્ચરિંગ | પ્લાય અને પ્લાય બોર્ડ ઉત્પાદન કરતા ૭૫ એકમો છે. |

***આ ઉપરાંત ખાતર, મેટ કોક પ્રોડ્યુસર, એફ.એમ.સી.જી. પ્રોડક્ટ્સ (જેવી કે ટોઇલેટ્રિસ સોપ, ટુથ પેસ્ટ, સી.એફ.એલ. અને એલ.ઇ.ડી. મેન્યુફેક્ચરિંગ), ટાયર ઇન્ડસ્ટ્રીઝ, વિટ્રીફાઇડ અને વોલ ટાઇલ્સ, હોટેલ અને ટુરિઝમ, રસાયણો, સુગર પ્રોસેસિંગ, ઓટો મોબાઇલ્સ જેવા ઇન્ડસ્ટ્રીયલ સેગમેન્ટ / પ્રોડક્ટ્સ પણ આવેલા છે.***

and Bankruptcy કોડ વગેરે સરકારી નીતિઓ અને કાયદાને કારણે ઉદ્યોગોના સંચાલનમાં નવા પરિમાણો ઉમેરાઈ ગયા છે.

ઉપરોક્ત પરિમાણો અને આર્થિક છૂટછાટોને કારણે થયેલા જિલ્લાના પ્રથમ ઘોગિક સંસ્કરણ દરમ્યાન સામે આવેલી ખૂટતી કડીઓને જો યોગ્ય રીતે સમજવામાં આવે તો ઔદ્યોગિકીકરણનું નવું સંસ્કરણ નીચેના મુદ્દાઓ પર કેન્દ્રિત કરવાથી લાવી શકાય :

૧. ઇન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT) પ્રકારના ઔદ્યોગિક કલ્ચરનું નિર્માણ કરવું.
૨. નવા પાણી માટેના સ્રોત ઊભા કરવા અને નળ તથા ભૂતલ જળનું વધારે સારું સંચાલન કરવું.
૩. જિલ્લાનું દેશ-વિદેશના અન્ય વિસ્તારો સાથે વધારે સારું હવાઇ અને રેલ માર્ગે જોડાણ, દરિયાઇ માર્ગો અને દરિયાઇ બંદરોનો વધારે સારો ઉપયોગ અને વિકાસ.
૪. કુશળ અને બિનકુશળ કામદારોની ઉપલબ્ધતા.
૫. શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગ ગૃહો વચ્ચે જીવંત સંવાદ સેતુ. જેથી કરીને વિદ્યાર્થીઓમાં નોકરી માટેની કુશળતામાં વધારો કરી શકાય. 'કેમ્પસ ટુ કોર્પોરેટ'ને બદલે Educational Campus within Corporate premise તરફ આગળ વધવું પડે.
૬. મજબૂત સામાજિક માળખાકીય સુવિધાઓ – Territory level તબીબી સુવિધાઓ અને ઉત્તમ શૈક્ષણિક સંસ્થાઓ.
૭. ઉદ્યોગો અને કોમ્યુનિટી વચ્ચે સુમેળભર્યા સંબંધો.
૮. ઉદ્યોગ ગૃહો દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વ હેઠળ થતા કામો ખરા અર્થમાં છેવાડાના માનવીને ઉપયોગી થાય તેવી પારદર્શકતા દ્વારા કરવામાં આવે.
૯. સમગ્ર જિલ્લાના વિસ્તારોનું ઉદ્યોગોના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે અને તેના કારણે પર્યાવરણ પર ઉદ્યોગો દ્વારા થતી નકારાત્મક અસરને રોકવી. આમ કરવાથી સમાજ અને ઉદ્યોગો વચ્ચેનું ઘર્ષણ પણ નિવારી શકાશે.
૧૦. જમીન સુધારણા કાયદા.
૧૧. શ્રમ સુધારણા કાયદા.
૧૨. વધારે વ્યવહારુ અને પારદર્શક ખનીજ લિલામી નીતિ.
૧૩. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા તેના દ્વારા જાહેર કરાયેલી નીતિઓનું શબ્દશઃ અને તેની ભાવનાઓ પ્રમાણે અમલ થાય. જેથી કરીને ઉદ્યોગકારોને બિનજરૂરી કાયદાકીય ગૂંચવણોમાં અટવાવું ન પડે.
૧૪. Ease of Doing Business માં વધારે અસરકારક કામ થાય અને તે દેખાય તેવું હોય.
૧૫. 'Make in India' હેઠળ ઘરેલુ ઉદ્યોગોને વિદેશી ઉદ્યોગો સામે રક્ષણ મળે.
૧૬. NPA થયેલા ઔદ્યોગિક બેંક ખાતાઓ તરફની બેંકોની, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અને સરકારી નીતિઓ, આ પ્રકારના એકમો ફરી ઉત્પાદનમાં આવીને રોજગારીનું સર્જન કરે અને રાષ્ટ્ર નિર્માણમાં ઉપયોગી થાય તેવા પ્રકારની હોવી જોઈએ, નહીં કે આ પ્રકારની અસ્ક્યામતો ખોટ ખાઈને, લોનની વસુલાત કરવા તરફની.

જો ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કચ્છના બીજા ઔદ્યોગિક સંસ્કરણની શરૂઆત કરવામાં આવે તો જિલ્લામાં રહેલી વિશાળ જમીન બેંક, બે કુદરતી દરિયા, બંદરો, વિન્ડ અને સોલાર માટેની સાનુકૂળ કુદરતી પરિસ્થિતિઓ અને કુદરતી સાહસિક પ્રકૃતિ ધરાવતા આ જિલ્લામાં ઔદ્યોગિક પ્રગતિના નવા સંસ્કરણને અવતરતું કોઈ રોકી નહીં શકે.

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

# કચ્છની તવારીખ : ઐતિહાસિક પશ્ચાદભૂ – ૨

• સંપાદક : પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

મહારાઓશ્રી દેશળજીએ સોનાના સિક્કા છાપવાનું ચાલુ રાખ્યું પણ પ્રાગમલજીએ બંધ કર્યું. ખેંગારજી ત્રીજાના સમયમાં સોનાની કોરી છપાઇ. બારવીસુ પાયદલ અને છ વીસ ઘોડેસવાર, ચાર વીસુ ઊંટને, લશ્કર લારોલાર, બે વીસુ નાયક અને દસ જમાદાર, સમસ્ત કચ્છના સૈન્યમાં, પાંચ પાંચ સુબેદાર બે મેજર અને તે ઉપર એક કર્નલ સરદાર અડતાલીસમાં ખપી ગયા. કચ્છડાના ઝુંઝાર કચ્છી સિક્કાના આ લશ્કરમાં સૌથી નાના તાંબિયાને પૈદલ (પાયદળ) ગણવામાં આવેલ છે. પાંચિયાના તાંબિયાં બારવીસું એટલે ૨૪૦, દોકડા ઘોડેસવાર છવીસું એટલે ૧૨૦, ઢીંગલાનાં ઊંટી સવાર ૮૦, ઢબુ નાયક ૪૦, આધિયાં જમાદાર ૧૦, કોરી સુબેદાર પાંચ, અઢિયા મેજર બે, અને બધા ઉપર એક કર્નલ તે પાંચિયો. સન ૧૯૪૮માં કચ્છી બહાદુર ખપી ગયા. રાવશ્રી ખેંગારજી અને આઠમા એડવર્ડના સિક્કા વિરલ છે કારણકે ઇંગ્લેન્ડમાં પણ ગાદી ત્યાગ કરતાં તેવા સિક્કા પડાયા નથી.

- **અંગ્રેજો સાથે મહત્ત્વના કરાર**

૧. રાવજી દેશળજીએ ગુલામોના વેપાર પર પ્રતિબંધ મૂક્યો ........ તા. ૬-૨-૧૮૩૬
૨. જાડેજા રજપૂતોમાં દીકરીને દૂધ પીતી કરવાનો રિવાજ હતો તે સામે કરાર થયા ....... (૧) તા. ૧૩-૧૦-૧૮૧૯, (૨) તા. ૯-૧૦-૧૮૨૦, (૩) તા. ૨-૩-૧૮૪૦
૩. સતીપ્રથા પર પ્રતિબંધ ........ તા. ૧૭-૯-૧૮૫૪
૪. રાવે અંગ્રેજોને કિલ્લો તથા તુણા બંદર આપ્યા ........ તા. ૧૪-૧-૧૮૧૬
૫. કંપની સરકારે તા. ૧૪-૧-૧૮૧૬ના જે દંડ લાદેલ તે રદ કર્યો ........ તા. ૧૮-૬-૧૮૧૬

★

૧. મહારાઓશ્રી લખપતજીના સમયમાં આઇના મહેલની રચના ........ ઈ.સ. ૧૭૫૨-૬૦
૨. રાવશ્રી રાયધણજીના સમયમાં બારભાયા રાજ રચાયું ........ ઈ.સ. ૧૭૮૮
૩. પ્રથમ દવાખાનું શરૂ થયું ........ ઈ.સ. ૧૮૪૯
૪. મહારાઓશ્રી દેશળજીએ સૌપ્રથમ પ્રાથમિક શાળા શરૂ કરી ........ ઈ.સ. ૧૮૫૦
૫. સ્વામી આનંદે કાયદા શબ્દબદ્ધ કર્યા ........ ઈ.સ. ૧૮૬૯
૬. કચ્છ મ્યુઝિયમની સ્થાપના ........ તા. ૧-૭-૧૮૭૭
૭. કચ્છ મ્યુઝિયમની મકાનની પાયા વિધિ ........ તા. ૧૪-૧૧-૧૮૮૪
૮. જ્યુબિલી હોસ્પિટલની પાયા વિધિ ........ ઈ.સ. ૧૮૮૫
૯. માંડવીનો રૂકમાવતી પુલ ખુલ્લો મુકાયો ........ તા. ૨૫-૧૦-૧૮૮૩
૧૦. નાગપંચમી સવારી શરૂ થઇ ........ ઈ.સ. ૧૭૨૯
૧૧. નાગપંચમી સવારી બંધ થઇ ........ ઈ.સ. ૧૯૪૮
૧૨. વ્રજવાણીના ઢોલી સાથે ૧૦૮ આહીરાણી સતી થઇ ........ અખાત્રીજ, સંવત ૧૫૧૧, સને ૧૪૫૫
૧૩. ભુજની સ્થાપના ........ માગશર સુદ-૫, ૧૬૦૫ તા. ૬-૧૨-૧૫૪૯
(નોંધ : કેટલાક વિદ્વાન સુદ-૬ માને છે, કોઈ વદ-૫ માને છે. પણ માગશર સુદ- વધુ ગ્રાહ્ય લાગે છે.)
૧૪. અંજારની સ્થાપના ........ સને ૧૫૪૬, માગશર વદ-૮, ૧૬૦૨
૧૫. મુંદ્રાની સ્થાપના ........ ઈ.સ. ૧૬૪૪
૧૬. માંડવીની સ્થાપના ........ ઈ.સ. ૧૫૮૧
૧૭. વીજળી સ્ટીમર ડૂબી ........ સને ૧૮૮૯ (કારતક સુદ-૫, સંવત ૧૯૪૫)
૧૮. મહારાઓને સવાઇ બહાદુર તથા દીવાનને દીવાન બહાદુરનો ઇલ્કાબ ........ તા. ૮-૧૧-૧૮૮૮, ઈ.સ. ૧૮૮૫

*(ક્રમશઃ)*

# વતનના વાવડ – કચ્છના વિવિધ સમાચાર (સંક્ષિપ્તમાં)

## કચ્છના બે સેવાભાવી જૈનને સમાજરત્ન એવોર્ડ

કચ્છી જૈન ગૂર્જર સમાજ માટુંગા (પાખાડી) મુંબઈના ઉપક્રમે તાજેતરમાં યોજાયેલા એક સમારોહમાં કચ્છ માંડવીના ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ **વાડીલાલભાઈ દોશી** અને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર ભુજના **નલિનીબેન પી. શાહ**ને સમાજરત્ન એવોર્ડથી સન્માનિત કરાયા હતા. તેમજ સમગ્ર ભારતભરમાંથી ઉચ્ચ શિક્ષણમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવેલા કુલ ૩૪ તેજસ્વી છાત્રોનું અનુક્રમે ગોલ્ડન અને સિલ્વર મેડલ, મોમેન્ટો એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું.

## સી.એ.ની ઇન્ટર એક્ઝામમાં કચ્છી યુવાન પ્રથમ

કચ્છના યુવાને સી.એ. આઈપીસીસીમાં સમસ્ત ભારતમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ સરહદી એવા આ જિલ્લાનું તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે **કચ્છમાંથી પ્રથમવાર કોઈ વિદ્યાર્થી સમગ્ર ભારતમાં પ્રથમ આવેલો છે.** છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં પણ કોઈ પ્રથમ આવ્યું નથી.

મૂળ લલિયાણાના અને હાલે ભુજ સ્થાયી થયેલા તથા છઠ્ઠીબારી રિંગ રોડ પર સ્ટેશનરીની દુકાન ધરાવતા ધર્મેન્દ્રભાઈ મનસુખલાલ શેઠના પુત્ર **જય શેઠે** પ્રાથમિક અભ્યાસ ભુજના એન્કરવાલા વિદ્યાલયમાં તથા માધ્યમિકનો અભ્યાસ વી.ડી. હાઈસ્કૂલ ખાતે કર્યો. ત્યારબાદ સી.એ.નો અભ્યાસ વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલય - અમદાવાદ ખાતે રહીને કરી રહ્યા છે.

જય શેઠ સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે સી.એ. ઈન્ટર એક્ઝામમાં ૭૦૦માંથી ૫૩૦ માર્કસ મેળવી સર્વોચ્ચ ક્રમે રહેવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને ફાઈનલમાં પણ આવા જ ઉત્કૃષ્ટ દેખાવ માટે તેઓ પ્રયત્નશીલ છે. સી.એ.નો કોર્સ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને મેસેજ આપતા તેમણે જણાવ્યું કે, આ કોર્સમાં ફેરફાર થઈ ગયા છે અને પહેલાં કરતાં હવે અઘરું થઈ જતાં સખત મહેનત માંગી લેશે.

*દુનિયા સાથે લડી લેનારા ઘરઆંગણે જ હારી જતા હોય છે.*

## દેશના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટથી કચ્છ વિકાસની વધુ ક્ષિતિજો ખૂલશે

ઔદ્યોગિક સલામતીના કારણે ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણ વધ્યું છે તથા સિંગલ વિંડો સિસ્ટમનાં કારણે રાજ્યમાં ઉદ્યોગોને સહયોગ મળી રહ્યો હોવાનો હરખ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટના મુંદ્રા તાલુકામાં ભૂમિપૂજન પ્રસંગે તાજેતરમાં કર્યો હતો.

મુંદ્રા તાલુકાના કુંદરોડી - રતાડિયા પાસે મુખ્યમંત્રીશ્રીએ આ ઉદ્યોગનું ખાતમુહૂર્ત કર્યું હતું. રાષ્ટ્રની સ્ટેનલેસ સ્ટીલની આયાતમાં આ સૂચિત પ્રોજેક્ટનાં કારણે વિદેશી હૂંડિયામણ બચશે.

કુંદરોડી અને રતાડિયાની સીમમાં પ્રોજેક્ટ સ્થળે ખડા કરાયેલા વિશાળ શમિયાણા નજીક મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ યોજનાનું શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કર્યા બાદ અન્ય મહેમાનોની સાથે મંચસ્થ થયા હતા. સ્વાગત પ્રવચન કરતાં ઈસ્કોન કંપની ગ્રુપના ચેરમેન પ્રવીણભાઈ કોટકે માહિતી આપતાં જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમમાં ચીનની કંપની સાથે અમે એમ.ઓ.યુ. કર્યું હતું. પ્રકલ્પમાં કુલ તબક્કાવાર ૧૫ હજાર કરોડનું મૂડીરોકાણ થશે. ૫૦૦ એકરમાં આકાર લેનારી પરિયોજનાનું ૧૮ માસ બાદ ઉત્પાદન શરૂ થઈ જશે. આ યોજનાથી ૧૦ હજાર લોકોને રોજગારી મળશે. તેમણે કહ્યું કે, અમારી સાથે જોડાયેલી ચીનની ટીનશાન કંપની સ્ટીલ ઉદ્યોગમાં વિશ્વની સૌથી મોટી કંપની છે.

કુંદરોડી નિવાસી જાણીતા ઉદ્યોગપતિ **દામજીભાઈ એન્કરવાલા, વિજયભાઈ છેડા** તથા તાલુકા પંચાયત પ્રમુખ રણજિતસિંહ જાડેજા, ડાહ્યાલાલ આહીર, વાલજીભાઈ ટાપરિયા વગેરેએ મુખ્યમંત્રી શ્રી રૂપાણીનું સન્માન કર્યું હતું. કંપનીના ડાયરેક્ટર **પ્રતીકભાઈ શાહે** પ્રોજેક્ટની વિગત વિશાળ સ્ક્રીન ઉપર પ્રેઝન્ટેશનથી આપી હતી. કુંદરોડી અને રતાડિયા ગામની ગાયો માટે કંપની તરફથી ૫-૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરાઈ હતી.

ચીનની ટીનશાન કંપનીના **ચેરમેન પી. શોને** ચીની

ભાષામાં સંબોધન કર્યું હતું, જેનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો હતો. તેમણે રાજ્ય સરકાર તરફથી સારો સહયોગ મળ્યો હોવાનું જણાવી ઉમેર્યું હતું કે અમને સ્ટીલ ઉદ્યોગમાં લાંબો અનુભવ છે અને આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પાર પાડીશું.

મુંદ્રા પોર્ટ નજીક હોવાથી આ સ્થળની પસંદગી કરવામાં આવી છે. પ્રોજેક્ટમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ધવલ આચાર્યનું સન્માન કરવામાં આવ્યું હતું. અદાણી કું.ના મુકેશભાઈ સક્સેના અને ભાગીદાર કંપનીના ઋચિત શાહ, હર્ષ કોટક, મહાવીર અગ્રવાલ, પ્રવીણભાઈ કોટક, જયેશ કોટક સહિતના કંપનીના ડાયરેક્ટરોએ મહેમાનોનું સન્માન કર્યું હતું.

**સમગ્ર પરિયોજના ચીનની ટીનશાન કંપની સાથે ભારતની ઇસ્કોન સનરાઇઝ ગ્રુપ ઓફ કંપની, સનલાઇટ અને વી.ડી. ગ્રુપનું જોઇન્ટ સાહસ છે.** ઈન્ડોનેશિયા સહિતના દેશોમાંથી સ્ટીલ પ્લાન્ટનો કાચો માલ દરિયાઇ માર્ગો ઉપરથી મુંદ્રા બંદરે અને બાદ કંપનીના આ પ્રોજેક્ટ સુધી પહોંચતો કરવામાં આવશે. બાદ સ્ટીલની તૈયાર થયેલી પ્લેટોની દેશ અને વિદેશમાં નિકાસ કરવામાં આવશે.

## કચ્છી સંસ્થાના મુંબઈમાં યોજાયેલા વાર્ષિકોત્સવમાં એક કરોડ એકત્ર

કચ્છમાં ગૌસેવા અને વિવિધ સામાજિક પ્રવૃત્તિ કરતી સંસ્થા કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળનો ૪૨મો વાર્ષિક ઉત્સવ ઘાટકોપર મુંબઈ ખાતે તાજેતરમાં યોજાયો હતો. આ નિમિત્તે યોજાયેલી સંતવાણીમાં દાતાઓ વરસી પડ્યા હતા. એકાદ કરોડનું ફંડ એકઠું થયું હતું. આ રકમ કચ્છમાં ગૌસેવા, વિવિધ સાર્વજનિક પ્રવૃત્તિમાં વપરાશે તેવી જાહેરાત કરાઈ હતી.

એરોલી ખાતે ઓસમાણ મીર, ગીરધર ભાનુશાલી, ઉર્વશીબેન રાદડિયા, કચ્છી હાસ્ય કલાકાર વસંત મારાજ (પનુડો) સહિતના કલાકારો દ્વારા સંતવાણી, લોકડાયરો વગેરેની રજૂઆત થઈ હતી.

આ પ્રસંગે સંસ્થાપક મનજીભાઈ ભાનુશાલીએ દાતાઓએ સંસ્થાની પ્રવૃત્તિમાં મદદરૂપ થતાં ગૌસેવા સહિતની પ્રવૃત્તિને બળ મળ્યું હોવાનું જણાવી દાતાઓનો આભાર માનવાની સાથે કચ્છમાં આરોગ્ય સહિતની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરાશે એવું જણાવ્યું હતું. આ નિમિત્તે મહારાષ્ટ્ર સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી નસીમખાન, વાસી મહાનગર પાલિકાના વિપક્ષી નેતા વિજય અરેલે, અબડાસાના પૂર્વ ધારાસભ્ય ઈબ્રાહીમ મંથરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે રાતા તળાવ ખાતેની સંસ્થામાં ચાલતી ગૌસેવા સહિતની પ્રવૃત્તિમાં સંસ્થાપક મનજીભાઈના યોગદાનની સરાહના કરી હતી.

## એમ.આર.આઈ. મશીનમાં ફસાતાં કચ્છી યુવાનનું મૃત્યુ

ટેકનોલોજી કેટલી હદે જીવલેણ બની શકે છે તે ઉજાગર કરતો એક બનાવ મુંબઈમાં બન્યો છે. મુંબઇની નાયર હોસ્પિટલમાં રાજેશ મારૂ નામનો કચ્છી યુવાન પોતાના સંબંધીના એમ.આર.આઈ. સ્કેન કરાવવા માટે ગયો હતો. આ દરમ્યાન એમ.આર.આઈ. મશીને રાજેશ મારૂને ઝટકભેર પોતાની તરફ ખેંચી લેતા ઓક્સિજન સિલિન્ડર ફાટી ગયું હતું અને ઓક્સિજન રાજેશના પેટમાં ઘૂસી જતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

પોલીસે ઘટના સંદર્ભે ૨૪ વર્ષીય તબીબ સૌરભ લાંજરેકર અને વોર્ડબોય વિઠ્ઠલ ચવ્હાણ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી છે. દરમ્યાન, પાલિકા વહીવટીતંત્રે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તબીબ સહિત ત્રણને સસ્પેન્ડ કર્યા છે. ધારાસભ્યની વિનંતીને પગલે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મૃતકના પરિવારજનોને પાંચ લાખની આર્થિક મદદની જાહેરાત કરી હતી.

આ મામલે મૃતકના પરિવારજને કહ્યું હતું કે, સ્કેન દરમ્યાન વોર્ડબોયે કહ્યું હતું કે એમ.આર.આઈ. મશીન બંધ છે પણ હકીકતમાં મશીન ચાલુ હોવાથી ઓક્સિજન સિલિન્ડર જીવલેણ નીવડ્યું હતું. આ રીતે વોર્ડબોયની બેદરકારીથી રાજેશે જીવ ગુમાવ્યો છે. આ બનાવની ફરિયાદ થતાં હવે કાયદાકીય તપાસ શરૂ કરવામાં આવી છે અને નાયર હોસ્પિટલ સામે કેસ પણ દાખલ કરી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગારમેન્ટની દુકાનમાં કામ કરતો સેલ્સમેન રાજેશ મારૂ તા. ૨૭-૧ના રોજ સાંજે ૭ વાગે તેના બીમાર સંબંધીને એમ.આર.આઇ. માટે હોસ્પિટલમાં લઈ ગયો હતો. તે સમયે વોર્ડબોયે રાજેશને ગળામાંથી સોનાની ચેઈન અને ઘડિયાળ સુરક્ષા માટે કાઢી લેવાનું કહ્યું હતું. પરંતુ તે સમયે જ વોર્ડબોયે દર્દીઓ માટેનું ઓક્સિજનનું સિલિન્ડર રાજેશને વોર્ડની અંદર લાવવાનું કહ્યું હતું.

રાજેશે તે માટે આનાકાની કરી ત્યારે વોર્ડબોયે એમ.આર.આઈ. મશીન બંધ હોવાનું કહ્યું હતું. તે દરમ્યાન રાજેશ વોર્ડમાં ગયો હતો. એમ.આર.આઈ. મશીને તત્કાળ સિલિન્ડર સાથે રાજેશને ખેંચ્યો હતો. તેથી રાજેશ સિલિન્ડર સાથે મશીનમાં ફસાયો હતો. તે પ્રવાહી ઓક્સિજનનો વાયુ વધુ પડતા પ્રમાણમાં સુંઘવાને કારણે રાજેશનું મરણ થયું હતું.

## કચ્છમાં કચકડે કંડારાયેલી ફિલ્મો અંગે

*– પ્રદીપ જોશી*

કચ્છમાં કચકડે કંડારાયેલી ફિલ્મો વિશે અગાઉ અનેકવાર લખાઈ ગયું છે. એટલે તેનો ઈતિહાસ નથી લખવો પણ જાન્યુઆરી-૨૦૧૮નો મહિનો કચ્છના કલાકારો માટે શુકનવંતો નીવડ્યો એમ કહી શકાય. વર્ષો પૂર્વે કચકડામાં ધરબાયેલી બે સારી ફિલ્મો આ મહિનામાં રિલીઝ થઈ. જેમાંની એક બળુકી ફિલ્મ "**ધાડ**." જેનું શુટિંગ વર્ષ ૨૦૦૦ના અંતમાં થયું. આ ફિલ્મમાં કચ્છના ૩૫થી ૪૦ કલાકારોએ નાની-મોટી ભૂમિકા ભજવી હતી અને એવી જ એક હિંદી ફિલ્મ "**ધ ફ્લેગ**"નું શુટિંગ મહદ્ અંશે કચ્છમાં જ ૨૦૦૭માં થયું હતું.

સિલ્વર સ્ક્રીન પિક્ચર્સ લિ.ના બેનરની સજીવ બાલય લિખિત દિગ્દર્શિત મુવીના સ્ક્રીન પ્લે અને સંવાદો સંજય માસુમે લખ્યા છે. જ્યોર્જ મેથ્યુકટ્ટુ કરણ નિર્મિત ફિલ્મના કેમેરામેન તરીકે જાણીતા કસબી હરિ નાયર હતા. ગીત સમીરના અને સંગીત લલિત પંડિતનું છે. જેમાં મુખ્ય ભૂમિકામાં અસ્મિત પટેલ, રાહુલદેવ, મિલિંદ સોમણ, વિજયરાજ ઉપરાંત અભિનેત્રી શીતલ શાહ, મધુ શર્મા વગેરેએ અભિનય આપ્યો છે. આ ફિલ્મના કચ્છના શુટિંગ દરમ્યાન તેના યુનીટ અને શુટિંગ દરમિયાનની તમામ સ્થાનિક જવાબદારી **ભુજના જાણીતા કલાકાર નયન રાણા**એ બખૂબી સંભાળી હતી. શુટિંગ મોટાભાગે લોરિયા વિસ્તારમાં થયું છે.

આઝાદી પૂર્વે અંગ્રેજો સામેના ગ્રામીણ લોકોના જંગની કાલ્પનિક કથા આ મુવીમાં વણી લેવાઈ છે.

દિલ્હીના રજત ભલા, ગુજરાતી કલાકાર ભાવિની જાની ઉપરાંત કચ્છના સ્વ. એલ.એલ. ચીનીઆરા, કમલ મારૂ, **પ્રદીપ જોશી** (આ લખનાર), હંસા સોની, મીરા ભટ્ટ, ચિન્મય ભટ્ટ, કવિતા સોની, પ્રકાશ ગોસ્વામી, નયન રાણા, સમૃદ્ધિ રાણા, જીતુ લુહાર, નેહા ભટ્ટ, જીગર ઠક્કર, સુરેશ બીજલાણી, રમેશ ગોહીલ તથા અન્યો તેમજ ગ્રામીણ લોકોએ પોતાની વિવિધ ભૂમિકા તેમાં નિભાવી છે.

પ્રારંભિક તબક્કે કચ્છના શુટિંગ દરમ્યાન આર્થિક બાબતોને લઈને તેનું શુટિંગ બંધ કરી દેવાયું જે પાછળથી ફેબ્રુઆરી-૨૦૦૮માં આવેલા મીઠાના અગરો અને જંગલ વિસ્તારમાં તેનો સેટ ઊભો કરાયો હતો. જેમાં આ લખનાર સહિત ૧૧ કલાકારોને એક સપ્તાહના શુટિંગ માટે નયન રાણાની રાહબરીમાં બોલાવાયા હતા. એ ફિલ્મનું શુટિંગ પૂર્ણ કર્યા બાદ શરૂમાં તેનો સૌને ઇંતેજાર હતો પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ એ ભૂલાતી ગઈ. હમણાં સાવ અચાનક ગત તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૧૮ના મહારાષ્ટ્ર - ગુજરાત સહિતના વિવિધ થિયેટરોમાં "**હમારા તિરંગા**"ના નામ સાથે રિલીઝ થઈ છે.

સ્થાનિક મલ્ટીપ્લેક્સ વિનય સિનેમાનામાલિક અર્જુન જગેશિયાના જણાવ્યા પ્રમાણે આ ફિલ્મ કચ્છના કોઈ થિયેટરમાં રિલીઝ થઈ નથી. જેના કારણે કચ્છના સ્થાનિક કલાકારોને ઘરઆંગણે આ ફિલ્મ નિહાળવાથી વંચિત રહેવું પડશે.

૨૦૦૮ બાદ 'હુતૂતૂતૂ આવી રમતની ઋતુ' અને 'દુનિયાદારી' જેવી ફિલ્મો અને ટી.વી. શો 'અર્જુન'માં અભિનય ઉપરાંત વિવિધ જવાબદારી નિભાવનાર અભિનેત્રી શીતલ શાહે મોબાઈલ ફોન પર આ ફિલ્મના રિલીઝ થવા અંગે આનંદની લાગણી વ્યક્ત કરી જૂના સંસ્મરણો તાજા કરી, **કચ્છના લોકોના પ્રેમની સરાહના કરી હતી. કચ્છના લોકેશન પણ ખૂબ જ સુંદર છે અને તેનાથી પણ વધારે લાગણીશીલ કચ્છીજનો છે એવું તેણે ઉમેર્યું હતું.**

આમ કચ્છના કલાકારોને મોજ પડે એવી બે ફિલ્મ "ધાડ" અને "હમારા તિરંગા"એ એક નવી ચેતના જગાવીને સાબિત કર્યું છે કે જો કથા કચકડે કંડારાયેલી હોય તો તે મોડી વહેલી રૂપેરી પરદે આવે જ છે. તેમાં સમય કેટલો નીકળે એ ગૌણ બાબત છે. 'ધાડ' મુંબઈમાં પણ રિલીઝ થઈ છે.

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

શિક્ષણ

# પરીક્ષા વાલીની કે વિદ્યાર્થીની?



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, પરીક્ષાની સીઝન આવી ગઈ છે ત્યારે આપણે સૌએ વિદ્યાર્થી-વાલીની માનસિક પરિસ્થિતિની ચિંતા કરવી જરૂરી છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાની અસર વિદ્યાર્થીની કારકિર્દી પર ખૂબ જ મોટી થાય છે. આ વાતને મશહુર લેખક ડૉ. અશોક પટેલ બહુ સારી રીતે સમજાવે છે. આ બાબતથી વિદ્યાર્થી અને વાલી સારી રીતે પરીચિત હોવાથી ખૂબ જ ગંભીરતાથી લે છે. આમ તો કોઈ પણ વિદ્યાર્થીની પરીક્ષાને તેના વાલી દરેક વખતે ગંભીરતાથી જ લેતા હોય છે. જે બાબત એક રીતે જોવા જઈએ તો સારી બાબત છે. પણ વાલી અને તેમાં પણ મમ્મીઓ દરેક પરીક્ષાને વધારે પડતી ગંભીરતાથી લે છે ત્યારે એવું લાગે છે કે પરીક્ષા વાલીની છે કે વિદ્યાર્થીની? ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરતાં બાળકના પાઠ્ય પુસ્તકની વિગત બાળકને આવડે છે તેના કરતાં તેની મમ્મીને વધારે આવડતી હોય છે. બાળકને પરીક્ષાની સ્કીમની જેટલી ખબર હોય છે તેના કરતાં તેની મમ્મીને વધારે ખબર હોય છે. પરીક્ષા સમયે મમ્મીનું રૌદ્ર સ્વરૂપ અને પપ્પાનું બિચારાપણું જોવા મળે છે. પણ બોર્ડની પરીક્ષામાં તો મમ્મી અને પપ્પા બંનેનું રૌદ્ર સ્વરૂપ અને વિદ્યાર્થીનું બિચારાપણું જોવા મળે છે. પરીક્ષા પૂર્વે શું ખાવું, ક્યારે ખાવું અને કેટલું ખાવું તે મમ્મી, પપ્પા અને તેમના મિત્રો નક્કી કરે છે. જેનો સતત ચોકીપહેરો પણ રહેતો હોય છે. વિદ્યાર્થીએ ક્યારે આરામ કરવો, કેટલો આરામ કરવો તે પણ આ મમ્મી-પપ્પા જ નક્કી કરતા હોય છે. તે સમયે તેમના મોઢામાંથી નીકળતા એક એક શબ્દની નકારાત્મક અસર વિદ્યાર્થી પર જે પડે છે તેની તેમણે ક્યારેય કલ્પના કરી નથી. વળી પાછા એ જ મમ્મી-પપ્પા કહે છે પણ ખરા કે, 'અમે તો તેની પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. તેને જેટલું વાંચવું હોય તેટલું તેની રીતે વાંચે છે. પરીક્ષાનું જે પરિણામ આવે તે અમને મંજૂર છે' વગેરે. પણ મમ્મી-પપ્પાના શબ્દો જુદા અને વર્તન જુદું હોય છે. સોસાયટીના અન્ય સભ્ય સાથે સારા દેખાવા માટેના શબ્દો અને વર્તન હોય છે. પરીક્ષાના દિવસો જેમ જેમ નજીક આવતા જાય તેમ તેમ મમ્મી-પપ્પાનું ટેન્શન વધતું જાય છે. જે જોઈને પેલો વિદ્યાર્થી પણ બાપડો - બિચારો બનીને ટેન્શનમાં આવી જાય છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ધોરણ-૧૦ નાપાસ તેની મમ્મી કે પડોશી સલાહ આપતા હોય છે! આધુનિક જમાનાની આધુનિક શુભેચ્છાઓ તો વળી ખરી જ. પરીક્ષા શરૂ થવાના આગલા દિવસે વિદ્યાર્થીના સગા-સ્નેહીજનો પેન કે બુકે લઈને બેસતાં વર્ષની જેમ શુભેચ્છા વ્યક્ત કરવા નીકળી પડે છે ત્યારે મમ્મી-પપ્પા બોલે છે કે, 'આ મળવા આવનાર સગાઓથી તો અમારો દીકરો ખૂબ જ ડિસ્ટર્બ થાય છે. તેનું ભણવાનું બગડે છે. આ લોકોએ સમજીને જ ન આવવું જોઈએ.' પણ જો કોઈ નજીકના સગા મળવા ન આવે અને દૂરના સગા મળવા આવે તો વળી આ મમ્મી-પપ્પા કહે છે કે, 'જોયું, ફલાણા ભાઈ મળવા પણ ના આવ્યા!' પરીક્ષાના દિવસે પેપર કેવી રીતે લખવું, શું લખવું વગેરેની સલાહ આપતાં વાલી ક્યારેક તો ઉશ્કેરાટમાં એવું પણ સંભળાવી દે છે કે, 'કોઈ ખાલી જગ્યા જેવું ન આવડતું હોય તો બાજુવાળાને પૂછી લેજે. એ ચોરી ના કહેવાય.' જે શાળામાં વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા હોય તે શાળાના શિક્ષકોને આગલા દિવસે વાલી દ્વારા મળવા જવું અને ક્યારેક દબાણ લાવવા તે બાબતો જ વિદ્યાર્થીને વધારે દબાણમાં લાવી દે છે. પરીક્ષાની આગલી રાત્રે અગત્યના પ્રશ્નો માટે અન્ય વાલી કે શિક્ષકોનો સંપર્ક કરવો તે કોઈપણ રીતે યોગ્ય ન હોવા છતાં વાલી તે બાબત ચૂકતા નથી. પેપર આપીને બહાર નીકળતા વિદ્યાર્થીને પહેલો પ્રશ્ન એ હોય છે કે કેવું પેપર ગયું? જો પેપર ખરાબ ગયું હોય અને વિદ્યાર્થી સાચો જવાબ આપે કે પપ્પા, થોડું ખરાબ ગયું છે તો કેટલાક વાલી ગુસ્સે થઈને બિચારા વિદ્યાર્થીને ખખડાવી નાખે છે. અમે કહેતા હતાં કે ભાઈ વાંચ. પણ અમારું સાંભળે છે કોણ? હવે લોઢા ટીપવા જજે વગેરે... આવા સમયે વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે. ભલે એક પેપર ખરાબ ગયું, બાકીના સારા જશે. જે થયું તે થઈ ગયું. તેનો વિચાર કરવાના બદલે બાકીનાં પેપર વિશેની ચર્ચા કરવી વધારે યોગ્ય ગણાશે. કોઈ પેપર ધાર્યા કરતા કઠિન નીકળે તો તેમાં વાલીઓની એક જ ચર્ચા કે આખું વર્ષ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)

અતીતમાં નજર

અતીતની અટારીએથી-૧૦

# વાઇસરોય લોર્ડ મિન્ટોનો પ્રત્યુત્તર : મુસ્લિમ કોમની તરફેણ

• ભરત ભટ્ટ •

- **ઐતિહાસિક સંદર્ભ :**

આ અગાઉની કડી ક્રમાંક-૯ માં આપણે આગાખાનના નેતૃત્વવાળા મુસ્લિમ પ્રતિનિધિમંડળે રજૂ કરેલા ઇસ્લામી હક્કોના ખતપત્ર વિશે વાત કરી. આ કડીમાં વાઇસરોય લોર્ડ મિન્ટોએ તે હક્કોના ખતપત્રના જવાબમાં આપેલા વક્તવ્યને આવરી લીધું છે. લોર્ડ મિન્ટોએ આપેલા જવાબી વક્તવ્યએ મુસ્લિમ પ્રતિનિધિમંડળના સભ્યોના મનમાં તેઓની માંગણીઓ પરત્વે વાઇસરોયની હમદર્દી વિશે કોઈ શંકા રહેવા દીધી નહીં.

એવું સામાન્યપણે મનાય છે કે હિંદ અને બ્રિટનમાં સ્થિત સંબંધિત અધિકારીઓના નિર્દેશન પ્રમાણે મુસ્લિમ પ્રતિનિધિ મંડળની સંરચના થઇ અને આ આખી ઘટનાને ઘાટ આપવામાં આવ્યો હતો. એની સાબિતી રૂપે લેડી મિન્ટોની ડાયરીમાં ટપકાવેલી નોંધ - ટીપ્પણીનો ઉલ્લેખ કરવામાં આવે છે. લેડી મિન્ટોએ લખ્યું હતું : ‘આજે એક બહુ મોટી ઘટના ઘટી છે. હિંદ અને હિંદના ઇતિહાસને ઘણા લાંબા સમય સુધી (દૂરોગામી) અસર કરે એવી મુત્સદ્દીગીરીભરી ચાલ ૬.૨ કરોડ લોકોને બંડપ્રેરક (બ્રિટીશ શાસનના) વિરોધમાં સાથે જોડાવાથી રોકતા પગલાથી આ જરાય ઓછું નથી.’ પરંતુ, આટલા બધા મોભાદાર વગવાળા લોકો બ્રિટીશ સત્તાધીશોથી છેતરાઇ જાય એ માનવું મુશ્કેલ છે, સિવાય કે તેઓ પોતે (બ્રિટીશના) નિર્દેશન મુજબ વર્તવા ઇચ્છુક હોય. આ ઘટનાક્રમને સર સૈયદ અહેમદ ખાને મુસ્લિમોને કોંગ્રેસમાં ન જોડાવાની અને બ્રિટીશને વફાદાર રહેવાની આપેલી સલાહના સંદર્ભમાં જોવો જોઈએ. સૈયદ એહમદ ખાનના નિધન પછી વગદાર અલીગઢ સ્કૂલે પણ આ બેવડી નીતિ અનુસરવા મુસ્લિમોને સલાહ આપવાનું ચાલુ રાખ્યું હતું. બંગાળના ભાગલાના કારણે મોટાભાગે હિંદુઓએ ચલાવેલા આક્રમક આંદોલને પણ હિંદુઓનો વિરોધ કરવા મુસ્લિમોને ઉત્તેજન આપ્યું.

આ કડીમાં વાઇસરોયે આપેલા જવાબે હિંદમાં બ્રિટીશ શાસનની નવી નીતિની શરૂઆત કરી. સૌપ્રથમ, હિંદ અને મુસ્લિમ એ બે જુદી જુદી રાષ્ટ્રીય પ્રજા છે જેના હિતો અને દૃષ્ટિકોણ અલગ અલગ છે એ સિદ્ધાંતને અધિકૃત સ્વિકૃતિની મહોર મળી અને બીજું, બ્રિટીશ સરકારે મુસ્લિમોને વ્યવહારમાં તેઓની અયોગ્ય તરફેણ કરવાનું વચન આપ્યું.

લોર્ડ મિન્ટોએ લંડન સ્થિત સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા (હિંદ માટેના વિદેશ સચિવ) જહોન મોર્લે સાથે મળીને ૧૯૦૯ના કાયદામાં મુસ્લિમોને અલગ મતદાર મંડળ આપવા સાજીશ રચી. મુસ્લિમોને સરકારી શાસનતંત્રમાં જવાબદાર હોદ્દાઓ પર નીમવા માટે (કાર્યદક્ષતામાં થોડીક ઉણપની કિંમતે પણ) શિક્ષિત મુસ્લિમોની અંધાધૂંધ શોધખોળ આદરી. ખરે જ, મુસ્લિમો એક તરફદારી પામતી કોમ બની ગયા.

- **વક્તાનો પરિચય :**

લોર્ડ મિન્ટો (૧૮૪૫-૧૯૧૪) બ્રિટીશ વસાહતી વહીવટદાર હતા અને હિંદના વાઇસરોય (૧૯૦૫-૧૯૧૦ દરમ્યાન) હતા. તેઓએ પ્રસિદ્ધ શિક્ષણસંસ્થાઓ ઇટન અને કેમ્બ્રિજમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓ ક્રિમિયાના યુદ્ધ અને ૧૮૯૭ના બીજા અફઘાન યુદ્ધમાં સ્ટાફ ઓફિસર હતા. કેનેડાના ગવર્નર જનરલ હેન્રી લાંસડાઉનના તેઓ મિલિટરી સચિવ રહ્યા હતા. હિંદના વાઇસરોય તરીકે તેઓની રાજકીય કુનેહને લીધે અંગ્રેજોના અફઘાન સાથેના સંબંધો સુધર્યા હતા. ૧૯૦૬માં સીમલા ખાતે મુસ્લિમ પ્રતિનિધિઓ પ્રત્યે તેઓએ દાખવેલો પક્ષપાત ૧૯૦૯ના મોર્લે - મિન્ટોના સુધારાના કાયદામાં મુસ્લિમો માટે અલગ મતદારમંડળ રચીને સિધ્ધ થયો. તેના કારણે મુસ્લિમોના અલગાવવાદના બીજ રોપાયા કે જે ભવિષ્યમાં હિંદના ભાગલામાં પરિણમ્યા.

## વક્તવ્ય

આપ નામદાર અને સજ્જનો, આપના ભાષણમાં સમાયેલા અનેક મુદ્દાઓનો હું જવાબ આપું તે અગાઉ સૌ પ્રથમ આપ સૌને હું સીમલામાં આવકારું છું. આજે અહીં આપ સૌની હાજરી પૂરેપૂરી અર્થપૂર્ણ છે. આજે તમે રજૂ કરેલા દસ્તાવેજ પર ઉમરાવો, જુદા જુદા રાજ્યોના મંત્રીઓ, મોટા જમીનદારો, વકીલો, વેપારીઓ અને સમ્રાટના બીજા ઘણા પ્રજાજનોના દસ્તખત છે. હિંદની સુશિક્ષિત મુસ્લિમ કોમનાં આકાંક્ષાઓ અને દૃષ્ટિકોણને વાચા આપતા આ પ્રતિનિધિ મંડળને હું આવકારું છું.

આ મોટા ભૂખંડમાં વસતા અલગ અલગ વંશીય જાતિના લોકોને બ્રિટીશ શાસન તરફથી મળેલા લાભને તમે જાણ્યા

એથી તમારા વાઈસરોય તરીકે હું ગર્વ અનુભવું છું. તમે પોતે, કે જેઓ વીજયી અને શાસક (વંશીય) જાતિના વંશજ છો, આજે મને આભારની લાગણી સાથે તમે કહ્યું છે કે હિંદમાં બ્રિટીશ શાસને વ્યક્તિગત સ્વાતંત્ર્ય, પૂજા-પ્રાર્થનાનું સ્વાતંત્ર્ય સલામત રાખ્યા છે. સાર્વજનિક નોકરી-સેવા માટે તૈયાર થવા મુસલમાન લોકોને મદદ કરવા અગાઉના બ્રિટીશ પ્રયત્નોની નોંધ લેવી રસદાયક નીવડશે. ૧૭૮૨માં વોરેન હેસ્ટિંગ્સે કલકત્તા મદરસાની સ્થાપના કરી. તેનો હેતુ હતો - મદરસાના વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે હિંદુઓ સાથે હરીફાઈ કરવાની વધુ તક મળે. ૧૮૧૧માં મારા પુરોગામીએ મદરસામાં સુધારા કરવા અને આખા હિંદમાં ઠેકઠેકાણે મોહમેડન કૉલેજો સ્થાપવાની હિમાયત કરી હતી. પછીના વર્ષોમાં મોહમેડન એસોસિએશનના પ્રયત્નોને લીધે મુસલમાનોની શૈક્ષણિક પરિસ્થિતિ અને સાર્વજનિક સેવાઓમાં તેઓની નોકરી બાબતનો ઠરાવ સરકારે ૧૮૮૫માં પસાર કર્યો. આ પ્રયત્નની ફળશ્રુતિરૂપે અલીગઢ કૉલેજ નામની મહાન સંસ્થા સર સૈયદ એહમદ ખાનની ઉમદા અને વિશાળ માનસભરી ભક્તિથી સ્થપાઈ, કે જે પોતાના સહધર્મીઓને તેઓએ સમર્પિત કરી.

જુલાઈ ૧૮૭૭માં લોર્ડ લીટને અલીગઢનો શિલાન્યાસ કર્યો. અલીગઢે પોતાના યશ અને ગૌરવ પ્રાપ્ત કર્યા છે. તેના વિદ્યાર્થીઓ પોતાના ધર્મના સિદ્ધાંત પ્રમાણે જીવનની લડતમાં આગળ ધપ્યા છે, વફાદારી અને દેશભક્તિના આદર્શને બરોબર વળગીને. હવે જ્યારે હિંદના રાજકીય ભાવિ અંગે ઘણાં ટીકાત્મક વલણ અને વિવેચન થઈ રહ્યા છે ત્યારે તમારા ભાષણમાં અસરકારક રીતે વ્યક્ત થયેલ મુસલમાનોના ઇતિહાસ, વફાદારી, વ્યવહારુ સામાન્ય સમજ અને સચોટ તર્કમાં સર સૈયદ એહમદ ખાનની પ્રેરણા અને અલીગઢના બોધપાઠ, તેજસ્વીપણે ચમકી રહ્યાં છે.

પૂર્વ બંગાળ અને આસામના વિષય પર ચર્ચા કરવા હું ઈચ્છુક નથી. છતાં હું આશા રાખું કે કોઈની પણ લાગણીઓને ઠેસ પહોંચાડ્યા સિવાય, એ નવા પ્રાંતના મુસલમાનોએ (કે જે વિશે અનિવાર્યપણે ઘણી ગેરસમજ રહી છે) આ નવી પરિસ્થિતિમાં દર્શાવેલા નરમાશ અને વિવેક માટે તેમનો આભારી છું. અલબત્ત, તે સાથે હું સ્વાભાવિક બંગાળી લાગણીઓ પ્રત્યે મારી હમદર્દી પ્રગટ કરું છું. પૂર્વ બંગાળ અને આસામની મુસ્લિમ કોમ હંમેશાંની માફક બ્રિટીશ ન્યાય પર ઠોસ ભરોસો રાખી શકે છે અને તેઓની વફાદારીની પ્રશંસાના રૂપમાં ન્યાયોચિત વ્યવહારની તથા તેઓના હિતોના રક્ષણની ખાતરી રાખી શકે છે.

સજ્જનો, જે સમયે રાજકીય વાતાવરણ ઘણું બદલાઈ રહ્યું છે ત્યારે તમે મને સંબોધન કર્યું છે. આપણને સૌને લાગે છે કે (હકીકતના) અસ્તિત્વનો ઈન્કાર કરવો તે એક મૂર્ખાઈ હશે. નવી આશાઓ અને આકાંક્ષાઓ હિંદમાં ગુંજી રહી છે. આપણે તેમને ધ્યાન બહાર ન રાખી શકીએ - એમ કરવા ઈચ્છવું આપણા માટે ખોટું નીવડશે - પરંતુ શા કારણે આ અજંપો છે? ગેરશાસનના શિકાર કરોડો લોકોના અસંતોષને કારણે તો નથી - જો કોઈ એમ કહેતું હોય તો હું તે નકારું છું - જે લોકોને અસર નથી થઈ તેમનો વિરોધ નથી.

આનું (અજંપાનું) કારણ શિક્ષણનો પ્રસાર છે કે જેનો લાભ વસતિના બહુ નાના અંશે લીધો છે. બ્રિટીશ શાસને પ્રથમ તેનાં બીજ રોપ્યાં અને હવે બ્રિટીશ શાસન તેનાં પરિણામને શક્ય તેટલી સારી રીતે તેના વિકાસ અર્થે યોગ્ય દિશા નિર્દેશન કરી રહ્યું છે. સજ્જનો, મને એવું કહેવા માટે કે "યુરોપિયન પ્રકારની પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ (representative institutions) હિંદના લોકો માટે બિલકુલ નવી છે" અથવા તો તેને અહિંયા દાખલ કરવા માટે ઉંડો વિચાર અને પૂરતી કાળજી જરૂરી છે, તેને માટે મારી ક્ષમા માંગવાની જરૂર નથી. પશ્ચિમી વિચાર, પશ્ચિમી સભ્યતાના બોધપાઠ, બ્રિટીશ વ્યક્તિત્વનું સ્વાતંત્ર્ય હિંદના લોકો માટે ઘણું કરી શકે છે. પરંતુ હું તમારી સાથે સહમત છું કે તેઓએ તે માટે રાજકીય પદ્ધતિઓનો અવ્યવહારુ આગ્રહ ન સેવવો જોઈએ.

અને હવે સજ્જનો, હું રાજકીય ભાવિ અંગે તમારા જ પોતાના વલણના મુદ્દા પર આવું છું. મુસલમાન કોમ, કે જેના વતી તમે બોલો છો, તેમના વલણની વાત છે. મને ખાતરી છે કે તમે એ સ્વીકારશો કે સંબંધિત પરિસ્થિતિની વિગતવાર ચર્ચા વિચારણા અને સાર્વજનિક બાબતોના વહીવટમાં (મુસલમાન) કોમની હિસ્સેદારીના દાવાના અધિકાર અંગે તમારી સાથે વિગતે ચર્ચા કરવી મારા માટે અશક્ય છે. અત્યારે તો હું માત્ર સર્વસાધારણ સિદ્ધાંતોની વાત કરી શકીશ. તમે જાણો છો તેમ, મેં તાજેતરમાં પ્રતિનિધિત્વના પ્રશ્નો પર વિચારણા કરવા નિયુક્ત કરેલી સમિતિ સમક્ષ તમે ઉઠાવેલા મુદ્દાઓ રાખ્યા છે. હું તમારા સૂચનોને નક્કી તેઓ (સમિતિ)ની વિચારણા માટે રજૂ કરાવીશ. અલબત્ત, સાથે સાથે હું આશા રાખું છું કે તમારા સૂચનોમાં સમાવેલી ટીપ્પણીઓના મુખ્ય સૂરનો જવાબ, કોઈ પણ પ્રકારે સમિતિના અહેવાલને બાધ્યકર્તા ન રાખતા, હું આપી શકીશ.

હું સમજું છું એ મુજબ, તમારા સંબોધનનું મુખ્ય તત્ત્વ છે

– પ્રતિનિધિત્વ પર આધારીત કોઈપણ માળખા કે તંત્રમાં – ભલે એ પછી નગરપાલિકા હોય, જિલ્લા બોર્ડ હોય અથવા વિધાન પરિષદ હોય, કે જેમાં મતદાન વડે ચૂંટણી પદ્ધતિ દાખલ કરવાની હોય કે તે પદ્ધતિનો વિસ્તાર વધારવાનો હોય, તે બધામાં મુસલમાનોનું એક કોમ તરીકે પ્રતિનિધિત્વ થવું જોઈએ. તમે એમ કહો છો કે અત્યારે જે રીતે મતદારમંડળ બન્યા છે એમાંના ઘણા કિસ્સાઓમાં મુસલમાન ઉમેદવારને પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ શકવાની આશા રાખી શકાય નહીં. અને તમે યોગ્ય દાવો કરો છો કે તમારી કોમના રાજકીય મહત્ત્વ અને (બ્રિટીશ) સામ્રાજ્યને કોમે આપેલી સેવાના સંદર્ભમાં તમારા સંખ્યાબળના આધારે તમને એ અધિકાર હોવો ઘટે. હું પૂર્ણ રીતે તમારી સાથે સહમત છું. મહેરબાની કરીને મારી (વાતની) ગેરસમજ ન કરતા. કઈ રીતે કોમોનું પ્રતિનિધિત્વ મેળવી શકાય તે દર્શાવવાનો હું કોઈ પ્રયત્ન કરતો નથી, પરંતુ હું તમારી જેટલો જ શ્રદ્ધાપૂર્વક માનું છું કે હિંદમાં કોઈપણ મતદાન આધારીત પ્રતિનિધિત્વ, આ ભૂખંડમાં વસતી કોમોની માન્યતાઓ અને પરંપરાઓને ધ્યાનમાં લીધા વગર જો અમલમાં મૂકાય તો તે નિષ્ફળ જ જશે. હિંદના મોટાભાગના લોકોને પ્રતિનિધિત્વ પર આધારિત સંસ્થાઓ અંગે કોઈ જ જ્ઞાન નથી. સજ્જનો, હું તમારી વાત સાથે સહમત છું કે નગરપાલિકા અને જિલ્લા બોર્ડ, સ્વશાસનની સીડીના શરૂઆતના પગથિયા જેવા છે અને લોકોના રાજકીય શિક્ષણના ક્રમિક વિકાસ માટે આપણે એ દિશામાં જોવું જોઈએ.

દરમ્યાનમાં હું માત્ર એટલું જ કહી શકીશ કે કોઈપણ શાસકીય વહીવટી પુનઃરચના કે જેની સાથે હું સંકળાયેલો હોઈશ, તેમાં મુસલમાન કોમના રાજકીય અધિકારો અને કોમી હિતોને પૂરું રક્ષણ મળશે તેની ખાતરી રાખશો. તમે અને હિંદના લોકો ભરોસો રાખજો કે બ્રિટીશરાજ આપ નામદાર સમ્રાટના હિંદના સામ્રાજ્યમાં વસતા અનેકવિધ લોકસમૂહોની ધાર્મિક માન્યતાઓ અને કોમી પરંપરાઓને માન આપવામાં ગૌરવ અનુભવે છે.

***નોંધ*** *: સ્વાભાવિક છે કે કોઈપણ વિદેશી શાસક ખ્યાલ રાખે કે શાસિત પ્રજા એમની સામે એકજૂથ ન બને. દુનિયામાં સર્વ ઠેકાણે વિદેશી શાસકોએ જાતજાતના કીમિયા યોજી શાસિતોને વિભાજિત રાખ્યા છે. હિંદના ભૂખંડ પર વસતી અનેકવિધ પ્રજામાં ધર્મ, ભાષા, જ્ઞાતિ અને પરંપરા તથા માન્યતાઓના સ્વરૂપમાં અનેક વાડાઓ હતા. તેમાં શાસકોએ મુત્સદ્દીગીરી વાપરી ઓછા પ્રયત્ને સૌથી કમજોર કડી પર એવા સંસ્કાર કર્યા કે જેણે આવતી અનેક પેઢીઓ સુધી જનમાનસમાં વિષ ઘોળ્યું. એક રાષ્ટ્ર તરીકે ઉભરવાની હિંદના ભૂખંડની શક્યતાઓ પર કોમવાદના નાગે ફૂંફાડા મારવાનું શરૂ કરી દીધા. મોર્લે-મિન્ટોની જોડીએ લોર્ડ કર્ઝને બંગભંગથી શરૂ કરેલી પ્રક્રિયાને અધિકૃત રીતે ઘણી કુનેહથી લાંબાગાળાનું ઈંધણ પૂરું પાડ્યું. હિંદને ધર્મના સંકુચિત વાડામાં વિભાજિત કરતાં પરિબળો બળવત્તર બનતા ચાલ્યા.*

***મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨***

## પરીક્ષા વાલીની કે વિદ્યાર્થીની?

**(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)**

વાંચ્યું નહીં, પછી પેપર અઘરું જ લાગે ને! અથવા તો શિક્ષક પર તૂટી પડશે કે આવું તો પેપર કઢાતું હશે. વર્ગમાં ભણાવતા જ નથી વગેરે. પરીક્ષા અગાઉના કેટલાક દિવસ વાલી ઑફિસમાંથી રજા લઈને વિદ્યાર્થીની સામે સતત હાજર રહે છે. વિદ્યાર્થી કરતાં તેના વાલી વધારે ઉજાગરા કરે છે. આ બધી બાબતની અસર વિદ્યાર્થી પર પડ્યા વિના રહેતી નથી. જેથી અપરિપક્વ ગણાતો વિદ્યાર્થી ઝડપથી દબાણ અનુભવવા લાગે છે. ત્યારે જ તેના મનમાં થાય છે કે મમ્મી-પપ્પાની ઈચ્છા મુજબનું પરિણામ આવશે કે કેમ? આ દબાણ દિવસે દિવસે વધતું જાય છે. જે પરીક્ષાની આગલી રાત્રે વિશેષ જોવા મળે છે. આ વખતે વાલી પાછા વિદ્યાર્થીને સલાહ આપે છે કે ગભરાવવાનું નહીં, હિંમત રાખ વગેરે. અરે ભાઈ! તમારામાં હિંમત હતી? જો તમે જ હિંમત હારી ગયા છો તો પછી તમારું બાળક પણ હિંમત હારી જવાનું જ છે. શાળાના દરવાજા સુધી મૂકવા જનારા અને પરીક્ષા પૂરી થઈ ગયા પછી બહાર નીકળતાં વિદ્યાર્થીને શરબતની બોટલ ધરનાર વાલીના આ વર્તનો જ વિદ્યાર્થીને દબાણયુક્ત બનાવે છે. ટૂંકમાં, આજનો વાલી પરીક્ષાર્થી બની ગયો છે. તેમનું બાળક ગમે તે ભોગે અશક્યને પણ શક્ય બનાવીને પરીક્ષામાં ઊંચું પરિણામ મેળવે તે જ તેમનો હેતુ હોય છે. જે વિદ્યાર્થીને ડિપ્રેશન કે ટેન્શનમાં લાવી મૂકે છે. **વાલીઓ પોતાના સંતાનોના મિત્ર બનો, નહીં કે દબાણકારી વાલી, તેવી મારી એક શિક્ષક તરીકેની સૌને વિનંતી છે.** શિક્ષક પણ વાલીઓને સમજાવવાની કોશિશ કરે. ટ્યુશનિયા શિક્ષકોની વાતમાં આવીને વાલીઓ પોતાના બાળકને માર્કસનું મશીન ના બનાવે તેવી મારી અપીલ છે.

## અમર - અકબર - એન્થનીનો અદ્દલ દાખલો આનાથી વધુ શું હોઈ શકે?

| | | |
|---|---|---|
| ૨૩ ડિસેમ્બર, ૨૦૧૭ | હનુમાન જયંતી | અમર |
| ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭ | ઈદે મિલાદ | અકબર |
| ૨૫ ડિસેમ્બર, ૨૦૧૭ | ક્રિસમસ | એન્થની |

વાયબ્રન્ટ હાસ્ય

# લાફ્ટર થેરાપી

## લાફ્ટર ઇસ ધી બેસ્ટ મેડિસિન – (૨)

• તુલસી કંસારા •

લાફ્ટર થેરેપી શ્રેણીના પ્રથમ મણકામાં આપણે લાફિંગ ક્લબ વિશે પ્રાથમિક માહિતી મેળવી. આજે આપણે લાફ્ટર થેરેપીની કસરતોમાં પહેલા ૧૫ મિનિટના રાઉન્ડમાં કરવાની 'વોર્મિંગ અપ' (warming up)ની કસરતો વિશે વિગતે જોઈએ તે પહેલાં પ્રથમ રાઉન્ડની શરૂઆત આ કસરતોથી શા માટે કરવામાં આવે છે તેનું કારણ જાણીશું. આમ તો તમે જાણો જ છો કે અંગ્રેજીમાં 'વોર્મિંગ અપ' એટલે ગરમ કરવાની પ્રક્રિયા.

આવી ગરમ કરવાની પ્રક્રિયા જ્યારે કોઈપણ ધાતુ – પછી તે લોખંડ હોય કે તાંબુ, સોનું હોય કે ચાંદી, તેને ઘાટ આપવા માટે પ્રથમ કરવી પડતી હોય છે, જેથી તે નરમ પડે, તેની બરડતા ઓછી થાય અને પછી તેને ટીપવામાં આવે તો તેને ઘાટ આપી શકાય. બરાબર તેવી જ રીતે આપણા શરીરના કોઈપણ મસલ્સ કે સ્નાયુઓને સ્ટ્રેચિંગ કે બેન્ડિંગ, મતલબ ખેંચીને કે વાળીને કસરત આપવાની હોય તો પ્રથમ તેમને તપાવવા પડે. આમ પ્રથમ શરીરને, તેના દરેક અંગોને ગરમ કરવા માટે ડૉ. મુકુંદ મહેતા દ્વારા લાફિંગ ક્લબ માટે વોર્મિંગ અપ કસરતોની ભલામણ કરવામાં આવેલ છે અને તેને અનુસરવામાં આવે છે. આ કસરતો ક્રમબદ્ધ રીતે નીચે મુજબ કરવાની હોય છે.

- **વોર્મિંગ અપ :**

લાફિંગ ક્લબની આ કસરતો કરાવવા માટે તેમજ ગ્રુપનું નિયમન કરવા અને શિસ્તબધ્ધ રીતે આદેશો આપવા માટે ત્રણ ફેસિલીટર કે મદદકર્તાઓ આવકાર્ય છે. ત્રણ એટલા માટે કે મુખ્ય કસરત કરાવનાર નિયામકને સ્ટ્રેસ ઓછો પડે, આદેશો ભૂલાય નહીં અને સમય જળવાય તેમજ થોડી વિવિધતા પણ રહે.

નિયમિત સમયે (સામાન્ય રીતે ઉનાળામાં સવારે ૬.૩૦ વાગે અને શિયાળામાં સવારે ૬.૪૫ વાગે) ગ્રુપ એકત્રિત થઈ જાય એટલે નિયામક શરૂઆત એમ કહીને કરાવશે કે લાફિંગ ક્લબની વોર્મિંગ અપ કસરતોની પહેલી સાઈકલ શરૂ કરીએ છીએ અને ત્યારબાદ નીચે મુજબ આદેશો આપશે. આ આદેશો જો હિંદી ભાષામાં આપવામાં આવશે તો વધારે અસરકારક રહેશે. દા.ત. ***"લાફિંગ ક્લબ કી વોર્મિંગ અપ એક્સરસાઈઝ કી પહલી સાઈકલ શુરૂ કરને જા રહે હૈં...'***

**૧. અટ્ટહાસ્ય**

**<u>આદેશ કે કમાન્ડ</u> :**

***સાઈકલ નંબર એક, એક્સરસાઈઝ નંબર એક. 'મુંહ ખુલ્લા રખકે દિલસે ખડખડાટ હંસના હૈ...'*** (મોઢું ખુલ્લું રાખીને, દિલથી ખડખડાટ હસવાનું છે.)

"વો...ર્મ...અપ..."

આ સાથે જ ગ્રુપના દરેક સભ્યો પોતાના બંને હાથ પોતાની સામેની દિશામાં "હો...હો..."ના અવાજ કરતાં બે વખત થોડા ઉપરની તરફ લઇ જશે અને ત્યારબાદ કોણીથી પોતાની તરફ લાવતી વખતે "હા...હા..."ના ઉચ્ચાર ખુલ્લા અવાજે કરશે. આ ક્રિયા સાત વખત કરવામાં આવશે. આ સાત વખતમાંથી જ્યારે આ ક્રિયા ચાર વખત પૂરી થશે, ત્યારે નિયામકની જમણી કે ડાબી તરફની સહાયક વ્યક્તિ, બધા સાંભળે તેવી રીતે 'એ...ક, દો... અને તીન...' એમ અનુક્રમે પાંચમી, છઠ્ઠી અને સાતમી ક્રિયા વખતે બોલશે અને તીન સાથે સાતમી ક્રિયા પૂરી થતાં જ ગ્રુપના બધા જ સભ્યો 'હા...હા...હા.. હા...'ના ખડખડાટ હાસ્યથી આકાશને ભરી દેશે, વાતાવરણને ગજવી દેશે.

જે સહાયક વ્યક્તિ આ "એ...ક, દો અને તી...ન" બોલશે તે ચોક્કસ કરશે કે તેનો અવાજ દરેક વખત "હો...હો... હા...હા..."ના અવાજ સાથે તાલ મેળવે અને છેલ્લા "હા... હા..."ની સાથે જ "તીન" બોલાય અને પછી તુરત જ અટ્ટહાસ્ય શરૂ થાય. અને આ અટ્ટહાસ્ય કરતી વખતે ગ્રુપના બધા જ સભ્યો બંને હાથ, પેલા લાફિંગ બુદ્ધાની મૂર્તિમાં દેખાય છે તે રીતે, શરીરની ઉપર તરફ લઈ જશે અને મોઢું પણ થોડું ઉપર તરફ જશે. આવી રીતે ખડખડાટ હાસ્ય પાંચ વખત કરવાનું છે. દરેક વખતે અટ્ટહાસ્ય પછી હાથ નીચે આવશે અને ફરી અટ્ટહાસ્ય સાથે ઉપર તરફ જશે.

પાંચ વખત અટ્ટહાસ્યની ક્રિયા પૂરી થતાં જ નિયામક આદેશ આપશે "ડી...પ... બ્રિધીંગ." અને ગ્રુપના દરેક સભ્યો ઊંડો શ્વાસ લેતાં લેતાં બંને હાથ આકાશ તરફ લઈ જશે અને મસ્તકને થોડું પાછળ ઝુકાવી, આકાશ તરફ જોઈને એકાદ સેકન્ડની સ્થિરતા બાદ ઉચ્છવાસ વખતે મસ્તક સીધું કરીને બંને હાથ નીચે લાવશે. આ ક્રિયા પાંચ વખત કરશે.

પાંચમી વખતે મસ્તકની સાથે શરીરને પાછળની તરફ શક્ય તેટલું વાળવાનું રહે છે કારણકે ત્યારબાદ તુરત જ આગળ ઝુકવાનું થશે. આ દરેક શ્વાસોચ્છવાસની ક્રિયા વખતે શરૂઆત નિયામકની એક તરફની વ્યક્તિ એક, બે, ત્રણ, ચાર અને

પાંચ બોલશે અને તેની બીજી તરફની વ્યક્તિ છેલ્લી પાંચમી ક્રિયા પછી તુરત જ "આ....ગે.... ઝુકેંગે"નો આદેશ આપશે. એટલે ગ્રુપના બધા જ સભ્યો બેકવર્ડ બેન્ડિંગની પોઝીશનમાંથી પરત આવીને આગળ ઝુકશે અને હાથને નીચે તરફ બે વખત આજુબાજુ ચલાવીને પોતાના શરીરને સીધું કરશે.

**૨. મૌન હાસ્ય :**

વોર્મિંગ અપની બીજી એક્સરસાઇઝ વખતે નિયામક નીચે મુજબ આદેશ આપશે.

<u>**આદેશ કે કમાન્ડ**</u> **:**

***સાઇકલ નંબર એક, એક્સરસાઈઝ નંબર બે, મોઢું બંધ રાખીને, ગાલ ફુલાવીને, મૌન હાસ્ય કરવાનું છે... "વો...ર્મ...અ...પ..."***

આ સાથે જ ગ્રુપના બધા જ સભ્યો ઉપર દર્શાવેલ પહેલી એક્સરસાઇઝની વોર્મિંગ-અપ ક્રિયા ફરીથી કરશે અને સાતમી ક્રિયા વખતે તીન બોલવાનું પૂરું થતાં જ ગ્રુપ મૌન હાસ્ય કરશે. ત્યારબાદ "ડી...પ...બ્રિધીંગ" અને અન્ય ક્રિયાઓ તેમજ આદેશો ઉપર (પહેલી એક્સરસાઇઝ) મુજબના જ રહેશે.

**૩. અશ્વ હાસ્ય :**

વોર્મિંગ અપની ત્રીજી એક્સરસાઇઝ વખતે નિયામક નીચે મુજબ આદેશ આપશે :

<u>**આદેશ કે કમાન્ડ**</u> **:**

***સાઈકલ નંબર એક, એક્સરસાઈઝ નંબર થ્રી, મોઢું ખુલ્લું રાખીને, ગળું ફુલાવીને, અશ્વ હાસ્ય કરવાનું છે... "વો...ર્મ...અપ..."***

આ સાથે જ ગ્રુપ પહેલી એક્સરસાઇઝની ક્રિયાઓ ફરીથી કરશે અને સાતમી ક્રિયા વખતે તીન બોલવાનું પૂરું થતાં જ ગ્રુપ અશ્વ હાસ્ય કરશે. ઘોડા જેવો હણહણાટી કરતો અવાજ કાઢશે. ત્યારબાદ "ડી...પ...બ્રિધીંગ" અને અન્ય ક્રિયાઓ તેમજ આદેશો ઉપર મુજબના જ રહેશે.

તમે જો ગણતરી કરશો તો ખ્યાલ આવશે કે આ કસરતોમાં માત્ર એક જ સાઇકલ પૂરી કરતાં દરેક કસરત કરનાર ૧૫ વખત ડીપ બ્રિધીંગ કરે છે અને તે રીતે ત્રણ સાઇકલ પૂરી થતાં ૪૫ ડીપ બ્રિધીંગ થશે અને આ ડીપ બ્રિધીંગના ફાયદાઓની વાત કરીએ તો, તમે જ્યારે ઓફિસમાં કામ કરતા હો કે ઓફિસની બહાર ફરતા હો અને સતત એકાદ કલાક કામ કરતાં થાક લાગે કે કંટાળો આવે ત્યારે જો શાંતિથી દસેક વખત પણ ડીપ બ્રિધીંગ કરી લો અને ત્યારે પછીની ફ્રેશનેસ અનુભવી જુઓ તો તમને ખ્યાલ આવશે કે આ ઊંડા શ્વાસોચ્છવાસ અને તે દ્વારા શરીરમાં જતા વધારે ઓક્સિજનને કારણે મળતી તાજગીની મજા શું છે. પરંતુ હા, સવારની તાજગીની મજા સાથે તમે સવારના પહોરમાં આ કસરતો ઉપર મુજબની નિયમબદ્ધ પદ્ધતિથી કરો તો તમને તમારા આખા દિવસનો ઓક્સિજનનો ક્વોટા તો મળી જ રહે પરંતુ સાથે સાથે શરીરની ઈમ્યુન સિસ્ટમ - રોગ પ્રતિકારક શક્તિ પણ અદ્‌ભુત રીતે વિકસતી તમે અનુભવી શકો.

પહેલી સાઇકલ પૂરી થતાં જ, બીજી સાઇકલ ઉપર મુજબ શરૂ કરવામાં આવશે અને આદેશોમાં માત્ર "સાઇકલ નંબર એક"ની જગ્યાએ "સાઇકલ નંબર બે" અને પછીના આદેશો ઉપર મુજબ જ આપવાના રહેશે.

આ વોર્મિંગ અપની કસરતોની ત્રણ સાઇકલ કરવાની છે અને તે પૂરી થતાં જ લગભગ બારથી પંદર મિનિટ થશે. ત્યારબાદ શરૂ થશે બે વખત "હો... હો... હા... હા..." કરતાં ભાંગડા ડાન્સ કે ઊંચા કૂદકા મારવાની કસરત જે માત્ર ત્રણ વખત જ કરવાની રહેશે અને ત્યારબાદ "સ્પાઇસો" નામની કસરત એકવીસ વખત બંને હાથોને ઝડપથી પોતાની તરફ ખેંચી - થોડા ઊંચે લઈને નીચે લાવવાની કસરત, જેમાં હાથ ઉપર જાય ત્યારે નાકેથી શ્વાસ લેવાનો અને હાથ નીચે આવે ત્યારે મોઢેથી શ્વાસ બહાર કાઢવાનો હોય છે. અહીં પણ તમે અનુભવશો કે એક પ્રકારનો પ્રાણનો જ આયામ - પ્રાણાયામ થાય છે.

આ ક્રિયા પૂરી થતાં જ ગ્રુપ નિયામક "બ્રેક ફોર જોક્સ"ની દસ-પંદર મિનિટની રીસેસ પાડશે અને ગ્રુપના સભ્યો વંદે માતરમનો નારો લગાવીને વર્તુળાકારે એકઠા થશે અને શરૂ થશે, વાતચીત, રમૂજો, જોક્સ કે હેલ્થ ટીપ્સ વગેરે શેર કરવાનો દોર. જે લગભગ દસેક મિનિટ સુધી ચાલશે. અને ફરી એક વખત નિયામક પોતાની ફરજ બજાવતા ગ્રુપને "હોલ બોડી" કસરતો કરવા માટે આદેશો આપવાનું શરૂ કરશે. "હોલ બોડી"ની કસરતો વિશે હવે પછીના હપ્તામાં જાણીશું. દરમિયાનમાં, અહીં એક વાત કરવી જરૂરી છે કે, તમે આટલી, ઉપર દર્શાવેલ "વોર્મિંગ અપ"ની કસરતો ઘેર, બગીચા કે કોઈપણ ખુલ્લી જગ્યામાં એકલા કરવાની પ્રેક્ટિસ કરી જોજો અને ત્યારબાદ તમારા મિત્રવર્તુળ સાથે તમે પ્રેક્ટિસ કરશો તો ખ્યાલ આવશે કે એકલા કસરત કરવામાં કેટલી તકલીફ પડે છે. ના નિયમિતતા રહે અને ન તો સમય જળવાય. પરંતુ જો તમે ગ્રુપમાં કરશો તો ગ્રુપ ડાયનામિઝમ (સામૂહિક ગતિશીલતા)ની અસર થશે અને એકબીજાને સહારે નિયમિત રીતે તમે ચોક્કસ સમયે અને ચોક્કસ જગ્યાએ આ કસરતો કરી શકશો.

- **લાસ્ટ એન્ડ ફર્સ્ટ :**

***એક સારો મિત્ર દવાની ગરજ સારે, જ્યારે એક સારું ગ્રુપ દવાની દુકાન - મેડિકલ સ્ટોર કહી શકાય.***

***૫૦૪/ડી, સાર્થક ટાવર, રામદેવનગર ચાર રસ્તા, સેટેલાઇટ રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***

*With Best Compliments From*

***Exclusive Business Partner***

Lyson® DIGITAL INKJET INKS

aryan™

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem

PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

સ્વાસ્થ્ય

# મને વધારે પડતા વિચારો આવે છે – (૨)



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખમાં આપણે જાણ્યું કે (૧) વધારે પડતા વિચારો આવવા, (૨) વિચારો પર વ્યક્તિનો કાબૂ ન હોવો, (૩) મરવાના વિચારો આવવા, (૪) અકારણ શંકાઓ આવવી તથા (૫) વિચારોને લીધે રોજિંદા જીવન વહેવાર, કામ પર નકારાત્મક અસર થતી હોય તો આ બધા મનની (માનસિક) બીમારીના લક્ષણો છે.

હતાશાની બીમારીમાં નીચે પ્રમાણેના વિચારો આવે છે : (૧) નકારાત્મક વિચારો, (૨) અંધકારમય ભવિષ્યના વિચારો, (૩) અપરાધભાવના વિચારો, (૪) મરવાના વિચારો, (૫) આત્મહત્યાના વિચારો.

આ લેખમાં ચિત્તભ્રમ - મનોભ્રમ (સ્કિઝોફ્રેનિયા)ની બીમારીમાં દર્દીને આવતા વિચારો વિશે જાણકારી મેળવીએ.

વિચારો વિશે નીચે પ્રમાણેની અન્ય માહિતી મેળવવી જરૂરી છે. વિચારો વાતચીત, પ્રશ્નોત્તરી અને / અથવા લખાણ પરથી જાણી સમજી શકાય છે.

(અ) વિચારોની હારમાળા (Flow of thoughts)

(બ) વિચારોનો વિષય (content of thoughts)

(ક) વિચારો પ્રત્યે દર્દીનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા.

(ડ) વિચારો પ્રત્યે કુટુંબીજનોનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા.

**(અ) વિચારોની હારમાળા :**

દર્દી વિચારોમાં ખોવાઇ જાય છે. દર્દી એમાંથી બહાર આવી શકતો નથી. ઘણી વખત આજુબાજુનું ભાન રહેતું નથી. આજુબાજુ શું થઈ રહ્યું છે એના તરફ ધ્યાન નથી રહેતું.

★ વિચારો ઘણી વખત ત્રુટક ત્રુટક આવે છે. બે વિચારો વચ્ચે થોડોક સમય શૂન્યાવકાશ આવી જાય છે (thought block).

★ ઘણી વખત બે વિચારો વચ્ચે કોઈ મેળ નથી હોતો (derailment).

**(બ) વિચારોનો વિષય :**

ભ્રમ (delusion) ખોટી માન્યતા જેવા ભ્રમ આવે. ગમે તેટલું સમજાવ્યા છતાં દર્દી સમજે નહીં. ગમે તેટલી હકીકત / સત્યની સાબિતી આપીએ છતાં દર્દી પોતાના વિચારો બદલે નહીં. એ વિચારોને જ સત્ય સમજે તથા એ વિચારો (ભ્રમ) પ્રમાણે વર્તણૂંક કરે (કેસ નં.-૧)

★ દર્દીને શંકાઓ આવે. બધા મારી વાતો કરે છે, લોકો મારી વિરુધ્ધ છે, મારા દુશ્મન છે, હું જ્યાં જાઉં છું ત્યાં મારી પાછળ આવે છે. સી.આઈ.ડી., પોલીસ મારી પાછળ છે. વીજાણું યંત્રો દ્વારા મારા પર દેખરેખ રખાય છે. મને ખાવામાં ઝેર આપશે, હું ઘરની બહાર નીકળીશ તો મને શારીરિક નુકસાન પહોંચાડશે, વગેરે. (કેસ નં.-૨)

★ લોકો મારા પર નજર રાખે છે, મારો પીછો કરે છે. ઘરના બારીબારણાં, બારીના પડદા દિવસના પણ બંધ રાખે છે જેથી મને કોઈ જોઈ ન શકે. (કેસ નં.-૨)

★ જીવનસાથી પર શંકાઓ કરે, જીવનસાથી બીજા જોડે પ્રેમ કરે છે એમ દ્રઢપણે માને (Paranoid delusion) .

★ મારા વિચારો બીજા લોકો જાણી જાય છે, મારી વાતો, મારા વિચારો, ટી.વી. વર્તમાનપત્રોમાં છપાય છે. મારા વિચારો ફેસબુક, ટ્વીટર પર આવે છે (Thought broadcasting) (કેસ નં.-૩)

★ મારા વિચારો મારા નથી પરંતુ બીજી વ્યક્તિએ મારા મનમાં એના વિચારો મૂકી દીધા છે. હકીકતમાં હું નથી બોલતો કે વિચારતો. એ લોકો બોલે / વિચારે છે. (Thought insertion).

★ દર્દી એમ દ્રઢપણે માને છે કે ઓળખીતી વ્યક્તિઓ એ જ નથી, હૂબહૂ એમના જેવી જ બીજી વ્યક્તિઓ છે. એક દર્દીએ એની જોડે વાત કરતી વખતે (મનોવૈજ્ઞાનિક તપાસ કરતી વખતે) કહ્યું કે ડૉક્ટર તમે ડૉ. ગડા નથી પરંતુ એમના જેવી જ બીજી વ્યક્તિ છો, બીજા ડૉ. ગડા છો (Capgrass Syndrome).

● **કેસ નં.-૧ :**

પ્રફુલ અને દમયંતીના (નામ બદલ્યા છે) લગ્નને ૧૫

વર્ષ થયા હતા. પ્રફુલ સરકારી નોકરી કરે છે તથા દમયંતી શાળામાં શિક્ષિકા છે.

બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. વડીલોએ સમજાવ્યા બાદ પણ ઝઘડા ચાલુ જ હતા. નોબત છુટાછેડા સુધી આવેલ. એક હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સકની સલાહ લીધી. ઊંડાણમાં કેસ સ્ટડી નીચે મુજબ છે.

લગ્નના ત્રણેક વર્ષ બાદથી પ્રફુલને દમયંતી પર શંકાઓ આવતી હતી. દમયંતીને કામ પર સ્કૂલે જવા ઘરેથી પ્રફુલથી વહેલા નીકળી જવું પડતું હતું. છેલ્લા ત્રણેક વર્ષથી પ્રફુલ ઘણી વખત કામ પર જવાને બદલે દમયંતીની સ્કૂલે પહોંચી જતો હતો. દમયંતીને ખબર ન પડે એ પ્રમાણે સ્કૂલની બહાર દમયંતી પર નજર રાખતો હતો કે ક્યાંય બહાર નથી જતી ને? કોઈની જોડે વાત કરતી નથીને?

સાંજે ઘરે આવીને પ્રફુલ દમયંતીનો મોબાઇલ ફોન ચેક કરતો. કોના કોના ફોન દમયંતી પર આવ્યા છે તથા દમયંતીએ કોને કોને ફોન કર્યા છે એની પૃચ્છા કરતો. બપોરના લંચ સમયે દમયંતીની સાથી ટીચરને ફોન કરી દમયંતી વિશે પૂછપરછ કરતો.

પ્રફુલ પોતાના કામ પર ઓફિસે હોય ત્યારે એને સતત દમયંતીના વિચારો આવતા હતા. દમયંતી સ્કૂલમાં હશે કે ક્યાં કોઈની જોડે બહાર ગઈ હશે. આથી પ્રફુલને પોતાના કામમાં ભૂલો થતી હતી.

દમયંતી જોડે અલગથી વાત કરતાં એણે જણાવ્યું કે પ્રફુલ કહે છે એવું કાંઈ નથી. આ બધી એની ખોટી શંકાઓ છે. હું મારા કામ પર શાળાએ જાઉં છું અને ત્યાંથી સીધી ઘરે આવું છું.

'પ્રફુલને જવાબો આપીને હું ત્રાસી ગઈ છું. ગમે તેટલી સાબિતી આપું, પણ પ્રફુલને શંકાઓ રહે છે. એના મનનું સમાધાન થતું નથી.'

પ્રફુલને પણ પૂછતાં એણે કોઈ સમાધાનકારી સાબિતી આપી ન હતી.

**નિદાન :**

પ્રફુલનો કેસ ભ્રમણાની બીમારી (Delusion Disorder) છે. કાઉન્સેલિંગ કે સમજાવવાથી ભ્રમણાની બીમારી દૂર થતી નથી. એના માટે દવાની સારવારની જરૂરત છે. ભ્રમણાની બીમારીમાં સારવારમાં દવાઓ મુખ્ય ઘટક છે.

**સારવાર :** પ્રફુલના કિસ્સામાં દવાઓ (એન્ટીસાઇકોટીક મેડિકેશન) શરૂ કરી. થોડા સમયમાં પ્રફુલના વિચારો તથા વર્તણુંકમાં પરિવર્તન આવ્યું.

કાઉન્સેલિંગમાં પ્રફુલને પોતાના વિચારો તથા વર્તણુંકની નકારાત્મક અસર સમજાઇ. આથી સારવારમાં ઝડપી રાહત મળી.

- **કેસ નં.-૨ :**

૨૮ વર્ષના રોહિતે (નામ બદલ્યું છે) લેખકની કેબીનમાં બેસતા જ કહ્યું, "ડૉક્ટર, બહાર વેઇટીંગ રૂમમાં બેઠેલા ભાઈઓ મારા પર નજર રાખે છે. હું ઘરેથી નીકળ્યો ત્યારથી બે-ત્રણ જણ મારો પીછો કરે છે. એક જણ ઉપર અહીં વેઇટીંગ રૂમ સુધી આવ્યો છે, જ્યારે બીજા ભાઈ નીચે કમ્પાઉન્ડમાં રાહ જુએ છે. મારા મમ્મી-પપ્પા આ વાત માનવા તૈયાર નથી. ડૉક્ટર અંકલ, તમે મારા મમ્મી-પપ્પાને સમજાવો. મને ઘરે જવાનો ડર લાગે છે. હું તમારી હોસ્પિટલમાં દાખલ થઈ જાઉં છું."

**નિદાન :** આ એક પેરાનાઇડ ડીલ્યુઝન (Paranoid Delusion)નો કેસ છે.

દવાઓની સારવાર બાદ રોહિતના વિચારો બદલાયા.

- **કેસ સ્ટડી નં.-૩**

૨૪ વર્ષની સ્નાતક (ગ્રેજ્યુએટ) રેખા (નામ બદલ્યું છે) મક્કમપણે માનતી હતી કે એના મનમાં જે વિચારો આવે છે એ તરત જ ફેસબુક તથા ટ્વીટર પર આવી જાય છે તથા બધા લોકો એ વાંચી લે છે. આથી બધા મારા મનમાં રહેલા વિચારો જાણી જાય છે (thought broadcasting).

રેખા ચોક્કસપણે કહેતી કે એ જ્યારે ઓળખીતી વ્યક્તિઓને મળે છે ત્યારે ઓળખીતા સંબંધીઓના હાવભાવ બદલાઈ જાય છે. આ હાવભાવ બદલવાનું કારણ છે કે એ બધાએ ફેસબુક તથા ટ્વીટર પરથી એના વિચારો જાણી લીધા છે.

રેખાની મોટી બહેને જણાવ્યું કે રેખાનું કે ઘરની બીજી કોઈ વ્યક્તિનું ફેસબુક કે ટ્વીટર પર એકાઉન્ટ જ નથી.

સારવાર : સારવાર (દવાઓ તથા કાઉન્સેલિંગ) બાદ ઉપરોક્ત વિચારોમાં બદલાવ આવ્યો.

**(ક) પ્રતિભાવ તથા પ્રતિક્રિયા :** શંકાઓને / વિચારોને દર્દી સાચું માને છે એટલે ભયભીત રહ્યા કરે છે. ઘરની બહાર નીકળતો નથી. ઘરમાં બારીબારણાં બંધ રાખે છે, પડદા બંધ રાખે છે. જેથી બહારના લોકો એને જોઈ ન શકે. ઘરમાં ન જમે અથવા જાતે બનાવીને જમે. બધા લોકો જમતા હોય એવી જગ્યાએ (હોટલમાં) જમે. (હોટેલ

કે જાહેરમાં જમવામાં ઝેર ન આપી શકાય.)

**(ड) વિચારો વિશે કુટુંબીજનોનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા** : કુટુંબીજનો દર્દીને સમજાવવાનો પ્રયત્ન કરે. દર્દીને પોતાના વિચારો છોડી દઈ હકારાત્મક વિચારો લાવવાની કોશિશ કરવા સલાહ આપે. છતાં દર્દી પોતાના વિચારોને સાચું માને. ઘણી વખત દર્દી કુટુંબીજનોની આ સમજાવવાની વર્તણુંક નકારાત્મક અર્થમાં લે. સ્વજનોના મનમાં શું છે એના કરતાં દર્દી સ્વજનોની વર્તણુંક, વાણીનું કેવી રીતે અર્થઘટન કરે છે એ મહત્ત્વનું છે.

ઘણી વખત દર્દીને એમ લાગે છે કે 'કુટુંબીજનો, સ્વજનો બહારના લોકો સાથે ભળી ગયા છે તથા મારી વિરુદ્ધ થઈ ગયા છે.' એટલે દર્દી કુટુંબીજનોથી અલગ અને વિમુખ થતો જાય છે તથા કુટુંબીજનોને સાથ સહકાર આપતો નથી.

અન્ય મનની બીમારીઓમાં ઉત્પન્ન થતા વિચારો વિશે આવતા લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

*જરૂરત નથી કે બધું તોડવા માટે પત્થર જ જોઈએ,*
*સૂર બદલીને બોલવાથી પણ ઘણું બધું તૂટી જાય છે.*

## ભારતની વસતિ વધારાનો ચાર્ટ

| જાતિ | ૨૦૦૧ | ૨૦૧૧ |
|---|---|---|
| કુલ વસતિ | ૧૦૨ કરોડ | ૧૨૧.૦૯ કરોડ |
| હિંદુ | ૮૨.૩૫ કરોડ | ૯૬.૬૩ કરોડ |
| મુસ્લિમ | ૧૩.૮ કરોડ | ૧૭.૨૨ કરોડ |
| ખ્રિસ્તી | આંકડા ઉપલબ્ધ નથી | ૨.૭૮ કરોડ |
| શીખ | ” | ૨.૦૮ કરોડ |
| બૌધ્ધ | ” | ૮૪ લાખ |
| જૈન | ” | ૪૫ લાખ |
| અન્ય ધર્મી | ” | ૭૯ લાખ |
| ધર્મનો ઉલ્લેખ ન કરનાર | ” | ૨૪ લાખ |

*ઉપરની વિગતો પરથી રસ ધરાવનાર વ્યક્તિએ પોતાના વિશ્લેષણો તૈયાર કરી લેવા. દા.ત. કઈ જ્ઞાતિમાં કેટલા ટકાનો વધારો થયો, ટકાવારી પ્રમાણે જ્ઞાતિની સંખ્યા વગેરે.*


**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110
**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com


## જોગાનુજોગ

- રાષ્ટ્રપિતા : ગુજરાતી
- પ્રધાનમંત્રી : ગુજરાતી
- ભાજપ પ્રમુખ : ગુજરાતી
- પૈસાદાર વ્યક્તિ : ગુજરાતી
- ચલણી નોટ પર ફોટો : ગુજરાતી
- આર.બી.આઈ. ગવર્નર : ગુજરાતી
- GSTનો કાયદો બનાવનાર (હસમુખ અઢિયા) : ગુજરાતી
- GSTનો અમલ કરવાવાળો : ગુજરાતી
- GSTનો વિરોધ કરવાવાળો પણ : ગુજરાતી
- આ લખનાર પણ : ગુજરાતી
- અને આ વાંચવાવાળો પણ : ગુજરાતી

*આનાથી વધારે સારો સમય શું હોઈ શકે?*

*બધા ગુજરાતી ભેગા થાય એટલે દેશને પ્રગતિના પંથે લઈ જાય!*

પરફોર્મન્સ

# સમય જોઇને સંબંધ રાખે એના કરતાં સંબંધ જોઈને સમય આપે તે સાચો સંબંધ!



ભોલાભાઈ ગોલીબાર

એક વખત એક ખેડૂત જંગલમાં લાકડી વીણવા ગયો. ત્યાં એણે એક અદ્‌ભુત દૃશ્ય જોયું. એક શિયાળના બે પગ નહોતા અને એ ઢસડાતા ઢસડાતા ચાલતો હતો. ખેડૂતે વિચાર્યું કે આ શિયાળ શિકાર તો નહીં કરી શકતો હોય, પછી જીવતો કઈ રીતે રહી શકે છે? એણે જોયું તો એક સિંહ પોતાના મોઢામાં એક શિકાર પકડીને આવી રહ્યો હતો. બધા જાનવર ભાગવા લાગ્યા. ખેડૂત પણ ઝાડ પર ચઢી ગયો. એણે જોયું તો સિંહ શિયાળ પાસે આવ્યો અને પ્રેમથી પોતાના શિકારમાંનો થોડોક ભાગ શિયાળ માટે મૂકીને એ જતો રહ્યો.

બીજા દિવસે પણ ખેડૂતે આ જ દૃશ્ય ફરી જોયું. એજ રીતે સિંહ આવીને શિયાળ માટે પોતાના શિકારમાંથી થોડો ભાગ મૂકીને ત્યાંથી જતો રહે છે. ખેડૂત આ અદ્‌ભુત લીલા માટે ભગવાનને બે હાથ જોડી નમન કરે છે. ખેડૂતને અહેસાસ થયો કે ભગવાન જેને જન્મ આપે છે એના માટે રોટલાની વ્યવસ્થા પણ કરે છે.

ખેડૂત એક નિર્જન સ્થળ પર જતો રહ્યો. ત્યાં એ ચૂપચાપ બેસી ભોજનની રાહ જોવા લાગ્યો. ઘણાં દિવસ વીતી ગયા, પણ કોઇ ન આવ્યું. એ ખાધા પીધા વિના મરણ પથારીએ પડી ગયો. એક સંત ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. એમણે આ ખેડૂતને જોયો. સંતે એ ખેડૂતને પાણી પીવડાવ્યું અને પોતાની પાસે રહેલું ભોજન એને આપ્યું. ખેડૂત સંતના ચરણોમાં પડી ગયો. એણે સંતને શિયાળવાળો પ્રસંગ કહી પૂછ્યું, 'ભગવાને એ અપંગ શિયાળ પર દયા દાખવી, પણ હું મરતા મરતા બચ્યો. ભગવાને મારી સાથે આવું કેમ કર્યું? શું ભગવાનને મારા પર સહેજ પણ દયા ન આવી?'

સંતે ખેડૂતના માથે હાથ ફેરવતા કહ્યું, 'તું એટલો નાસમજ છે કે ભગવાનનો ઈશારો પણ ન સમજી શક્યો. તે એવું કેમ ન વિચાર્યું કે ભગવાન તને એ સિંહની જેમ મદદ કરનારો બનાવવા માંગતા હતા. એ તો સિંહ જેવો મદદગાર જોવા માંગતા હતા, ન કે શિયાળ જેવો લાચાર.'

આપણા જીવનમાં પણ ઘણી વખત એવું થાય છે કે આપણે ઘણી વસ્તુઓને જેમ સમજવી જોઈએ એના કરતાં ઊંધી રીતે સમજીએ છીએ. ભગવાને આપણા બધામાં કેટલીક શક્તિઓ આપી છે, જેનાથી આપણે મહાન બની શકીએ છીએ. જોકે, પસંદગી આપણે કરવાની છે. સિંહ બનવું કે લાચાર શિયાળ.

★

યમરાજ : 'કોણ છે તું?'

ડ્રાઇવર : 'સાહેબ, હું બસનો ડ્રાઇવર છું.'

યમરાજ : 'આ લે સોનાની શાલ અને અંદર જઇને સોનાના રૂમમાં જતો રહે.'

યમરાજે એક સાધુને પૂછ્યું, 'કોણ છો તમે?'

સાધુ : 'હું સાધુ છું અને ચાલીસ વરસથી લોકોને ભગવાન વિશે સારી સારી વાતો કહું છું.'

યમરાજ : 'લો આ સુતરાઉ કપડા અને અંદર જઈ બહાર સૂઈ જાઓ.'

સાધુ ગુસ્સે થઈ ગયા અને કહ્યું, 'યમરાજ, આ બેફામ ફાસ્ટ ગાડી ચલાવનારને સોનાની શાલ અને સોનાનો રૂમ અને મેં આખી જિંદગી ભગવાનની વાતો કરી જ્ઞાન આપ્યું તો મને સુતરાઉ કપડા!'

યમરાજ : 'પરફોર્મન્સ, મારા ભાઈ પરફોર્મન્સ... જ્યારે તું જ્ઞાન આપતો હતો ત્યારે ભક્તો સૂઈ જતા હતા, પણ આ ડ્રાઈવર જ્યારે બેફામ બસ ચલાવતો હતો ત્યારે લોકો સાચા હૃદયથી ભગવાનને યાદ કરતા. હંમેશાં પરફોર્મન્સ જોવામાં આવે છે, પોઝીશન નહીં.'

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

*દાદા-દાદી, નાના-નાની, મામા-મામી, કાકા-કાકી, ભાઈ-ભાભી, પતિ-પત્ની – આ રીતે દરેક જોડકામાં પુરુષનું નામ પ્રથમ આવે છે.*

*પરંતુ....*

*સીતા-રામ, રાધા-કૃષ્ણ, ગૌરી શંકર - લક્ષ્મી નારાયણ જેવા ભગવાનોની જેમ "મા-બાપ"માં સ્ત્રીનું નામ પ્રથમ આવે છે. તેથી મા-બાપ ભગવાનની જેમ પૂજવા લાયક છે.*

સ્મૃતિ પટ

# એક લટાર... યાદોંના આલ્બમમાં!



પાર્થ દવે - પત્રકાર

૨૨ વર્ષ અગાઉનું જૂનું આલ્બમ ખૂલ્યું. આલ્બમ જૂનું છે, પણ વ્યક્તિઓ હજુ 'તાજા' જ છે. પુંઠામાં અંદરના ભાગમાં તિરાડ પડી ગઈ છે. મહેંદીથી રંગાયેલા એ હાથ-પગ, ફોટો પડાવવાની અલગ અલગ સ્ટાઇલ, સખી-બહેનપણી સાથે ફોટાઓ... ઝીણું ભરતકામ કરેલો એ ઝભ્ભો, ગળામાં ચેન, વાળ કોરા, સેવિંગ કરાવેલું સહેજ હોઠ નીચે કરીને હસતું મોઢું... માણસમાત્રને 'તૈયાર' થવું ગમે છે. પાનાં ઉથલે છે. ચહેરાઓની ઓળખાણ પડતી જાય છે. કોઈક ઝીણામાંથી જાડું થયું છે, કોઈક ઉલટું. લગભગ ફોટા નાયક-નાયિકાનાં પોઝ લઈને પાડવામાં આવ્યા છે. એ ફોટામાં આજુબાજુ બેકગ્રાઉન્ડમાં જે ચહેરા ડોકાય છે, એ ૨૨ વર્ષ જૂના છે. આજે જે બાળકના પપ્પા છે, તે આમાં ખુદ બાળક છે. અમુક ચહેરા તરત જ 'ફ્લેશ' થાય છે, અમુક વાર લાગે છે. આજે જે 'છે' નહીં, જેની હયાતી નથી એ વ્યક્તિ 'સ્થિર' રહીને કશુંક કરી રહી છે! આજે ગહેરા વિષાદમાં રહેતી વ્યક્તિનું ખડખડાટ હાસ્ય દેખાય છે. આ સંગ્રહેલી યાદો ખોલવાની મજા છે. ક્યારેક યાદો દઝાડે પણ છે. આ ત્યારના ફોટા છે જ્યારે હું ન હતો, ને ફોટામાં એ વ્યક્તિઓ છે જે આજે નથી. નથી છતાં આજુબાજુ અનુભવાય, અનાયાસે સપનામાં આવી જાય, ઘરના એક રૂમમાં આવીએ ને રોજ સવારે બોલાવા માટે આવતો એવો અવાજ – એ જ અવાજ સંભળાય ત્યારે થાય કે સંબંધોના આ કેવા તારે બંધાયેલા છીએ કે, બધું જ છૂટે છે પણ એ નથી છૂટતું. મમ્મી-પપ્પા સાથે દાદા-દાદી, નાના-નાની, કાકા-કાકી, મામા-મામી, ફઈ-ફુઆ વગેરે બધે જ સંબંધો જન્મથી જ ફિક્ષ જ હોય છે! ૨૨ વર્ષ અગાઉ દેખાઈ રહ્યા છે એવા સંબંધો આજે પણ છે? માણસ મોટો થતો જાય છે, ત્યારે રોકેલા ફોટોગ્રાફર દ્વારા ખેંચાયેલી ક્ષણો દિવસો જતાં વધુ ને વધુ કિંમતી થતી જાય છે. છેલ્લું પાનું આવે છે. દરેક ચહેરા પર આનંદ દેખાય છે. પાનું ઉથલાવી આલ્બમ બંધ કરું છું. આલ્બમ ઘણી જ બધી વખત જોવાઈ ગયું હશે એમ લાગે છે. વાંચેલા શબ્દો કે જોયેલાં દૃશ્યો જ નહીં, પણ ક્યારેક સ્થિર રહેલા ફોટા પણ હચમચાવી શકે છે.'

★

'યે જવાની હૈ દીવાની' મુવીનો એક ડાયલોગ છે કે, યાદોં એ મીઠાઈનાં બોક્ષ જેવી હોય છે. મીઠાઈનું બોક્ષ એકવાર ખોલો એટલે એમાંથી ફક્ત એક ટુકડો ન ખાઈ શકો! આ પૃથ્વી પર, દુનિયામાં સતત આપણી સાથે સૌથી વધારે જો કોઈ વસ્તુ રહેતી હોય, તો એ બેશક, આપણી જીવાયેલી જિંદગીની યાદો હશે. આપણું અતીત, આપણો ભૂતકાળ, અંધારામાં પડછાયો પણ સાથ છોડી દે છે પણ આપણા વિચારો, આપણો ભૂતકાળ, આપણા મનમાં ધરબાયેલા સુખદ પ્રસંગો અને દુઃખદ ઘટનાઓ એક સેકન્ડ માટે પણ દૂર જતા નથી.

ખલીલ ધનતેજવી સાહેબના શેર : 'દરિયો તરી જવાનું વિચારું છું રોજ હું, દરરોજ એ વિચારમાં ડૂબી જવાય છે!'ની જેમ દરેક વ્યક્તિ રોજ કશું ને કશું, કૈંક ને કૈંક તો વિચારતો જ હોય છે. 'ભૂતકાળથી ભાગો નહીં અને ભવિષ્યથી ડરો નહીં, વર્તમાનમાં જીવો.' આ રીતનું ઘણી વખત સાંભળ્યું, વાંચ્યું છે. પણ જે માણસ ક્યારેય હસ્યો ન હોય અથવા રડ્યો ન હોય એની કદાચ યાદદાસ્ત ખાલી હશે, ભૂતકાળ નહિંવત હશે એમ કહી શકાય. પણ એ શક્ય છે? આમ પણ ભવિષ્યમાં સફળતાની અપેક્ષા રાખનાર વ્યક્તિ પાસે પોતાનો જીવાયેલો માતબર ભૂતકાળ તો હોવો જ જોઈએ ને! દરેક વ્યક્તિની એક દોડતી, ઉડતી, ભાગતી... જીવાયેલી – એક 'ગુઝશિતા' જિંદગી હોવાની. આજે આ બધું અચાનક યાદ આવવાનું કારણ ઉપરોક્ત પહેલાં ફકરામાં લખાયેલું, તારીખ ૬ ઓગસ્ટ, ૨૦૧૩નું જૂની યાદોંના આલ્બમમાં લટાર મારતું ફેસબુક પરનું મારું સ્ટેટસ છે! કહો કે એ એવી વ્યક્તિની જીવાયેલી જિંદગી છે, એમની યાદો છે, જે આજે હયાત નથી!

નજીકના સગાવહાલાં ઘરે આવે ત્યારે કે ક્યારેક એમ જ આપણે કબાટ, શોકેસ કે માળિયા ફંફોસીને ઘરના આલ્બમ શોધી કાઢીને જોતા હોઈએ છીએ. જીવનના ફ્લેશબેકમાં જવાનો સૌથી સહેલો અને સારો રસ્તો હોય તો એ ફોટો આલ્બમ છે. આલ્બમ જોતી વખતે સાદી, સીધી, સરળ વ્યક્તિ પણ ફિલોસોફર બની

શકે એવી ભરપૂર શક્યતા રહેલી છે! ત્યારના, એ સમયના પસાર થઈ ગયેલા પ્રસંગો આલ્બમની બારે ધસી આવે છે. ફોટામાં રહેલા ચહેરાઓ જાણે વાત કરવા માંડે છે. એક પછી એક દશ્યો આંખો સામે ઉપસવા માંડે છે. ઉપર લખ્યું છે એમ આ યાદો દઝાડે છે, ખૂંચે છે. એક જગ્યાએ વાંચેલું કે આ ભૂતકાળ ખરજવા જેવો છે! એ થાય, ચર બહુ આવે, ક્યારેક મીઠી ચર આવે. એને ઉપર ઉપરથી, મુલાયમ હાથે પંપાળો તો બરાબર પણ એને બહુ જ ઘસવાથી, નખ ખોતરવાથી લોહી નીકળે! અમારા રમૂજી, મોજીલા પપ્પાનાં કાકાએ એમના દીકરા- મારા કાકાના લગ્નની સીડી આપી. બહુ ખુશ હતા. અચાનક એ જતા રહ્યા. હવે એ સીડી જોવાનો જીવ નહોતો ચાલતો. હવે જ્યારે પણ એ પ્લે થશે ત્યારે એ ખિલખિલાટ હસતો ચહેરો અંદર ડોકાવાનો અને સ્ક્રીનની સામે બેઠેલી નજીકની વ્યક્તિ પોતાના ભૂતકાળમાં, પાછલી જિંદગીમાં હૃદય પર ભાર સાથે અનાયાસે ઉતરી જવાની.

તૂટેલાં સપનાંઓ, છૂટેલી વ્યક્તિઓ, બાકી રહી ગયેલી વાતો અને પાછલા જીવનનો ચાલતો અફસોસ... આ બધું તો છે જ, પણ યાદોમાં. ભૂતકાળમાં ચિક્કાર આનંદ પણ હોય છે.

અંગ્રેજીમાં એક શબ્દ છે : 'નોસ્ટાલ્જીયા' (nostalgia) જ્યારે વ્યક્તિ પોતાના બચપણને યાદ કરે છે, એવી વ્યક્તિઓને સ્મૃતિપટ પર જુએ છે જેને કેટલાય વર્ષોથી જોઈ નથી કે જોઈ નથી શકવાના... પણ એમના કારણે, એમને યાદ કરવાથી, સારું લાગી રહ્યું છે. એ જ જૂના-પુરાણા વિચારો મમળાવ્યા કરવાની ઇચ્છા થયા કરે, કે પછી પોતાનાં સમયનું કોઈ ગીત વાગી રહ્યું છે, ને તે સાંભળતા સાંભળતા પોતાની એ દુનિયામાં ખોવાઇ જવાની, ખોવાઈ રહેવાની મજા આવે છે. એ વ્યક્તિને 'નોસ્ટાલ્જીક' કહી શકાય. 'નોસ્ટાલ્જીયા' શબ્દનો ગુજરાતી પર્યાય નથી, પણ અતીતની ઝલક... પુરાણી ઘટનાઓને મમળાવી... જૂનાં સમયની, પોતાના ઘરની યાદ, વગેરેને સ્મૃતિમાં બહેલાવ્યા કરવાના સંતોષને, અતીતના અનંત આનંદને 'નોસ્ટાલ્જીયા' કહી શકાય. બસ, એ આપણા આનંદને વાગોળતા વર્તમાનમાં, 'આજે' જીવવાનું છે અને આપણી આજ એ ભવિષ્યની સારી કે ખરાબ 'ગઈકાલો' જ બનવાની છે!

આજે, હવે તો મોબાઈલ કે કેમેરામાં અઘધ સંખ્યામાં પાડેલા ફોટાઓ... એક દિવસ મોબાઈલ કે લેપટોપના કોઈ ફોલ્ડરમાં, કોઈ આલ્બમનાં નામે યાદોં બની સચવાઇ રહેશે...

*૨૦૧, નારાયણ કૃપા કોમ્પ્લેક્સ,*
*સત્યમ ફ્લેટ્સની સામે, પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઇટ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૯૧૩૦ ૫૬૧૧૧*

## ભારતના કેટલાક મંદિરોની આવક


| | મંદિર | દૈનિક આવક | વાર્ષિક આવક |
|---|---|---|---|
| ૧. | શિરડી સાંઇબાબાનું મંદિર | ૯૮ લાખ | ૩૬૦ કરોડ |
| ૨. | તિરૂપતિ બાલાજી મંદિર | ૬.૨૪ કરોડ | ૨૨૪૮ કરોડ |
| ૩. | વૈષ્ણોદેવી મંદિર | ૧.૩૬ કરોડ | ૫૦૦ કરોડ |
| ૪. | ગુરુવયરા પાન મંદિર | ૧૩.૧૫ કરોડ | ૪૮૦૦ કરોડ |
| ૫. | મહાલક્ષ્મી મંદિર (મહારાષ્ટ્ર) | ૪.૧૦ લાખ | ૧૪.૬૬ કરોડ |
| ૬. | સિદ્ધિ વિનાયક મંદિર (મુંબઈ) | ૨૩ લાખ | ૮૪ કરોડ |
| ૭. | મીનાક્ષી મંદિર (તામિલનાડુ) | ૧.૬૪ કરોડ | ૬૦૦ કરોડ |
| ૮. | લિંગરાજ મંદિર (ઓરિસ્સા) | ૧.૪૨ કરોડ | ૫૨૦ કરોડ |
| ૯. | કાશી વિશ્વનાથ મંદિર (ઓરિસ્સા) | ૧.૨૨ લાખ | ૪.૫ કરોડ |

આ રીતે ગણતરી કરીએ તો ભારતના ટોચના ૫૦ જેટલા મંદિરોની વાર્ષિક આવક રૂા. ૧૧,૦૦૦ કરોડ જેટલી થવા જાય છે.
અન્ય તરફ ભારતના ૨૬ ટકા લોકો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે.
તેનો મતલબ એ થયો કે ૧૨૫ કરોડમાંથી ૩૨.૫ કરોડ લોકો ગરીબીની રેખાની નીચે આવે છે.
આ ૩૨.૫ કરોડ લોકોને ૧૧,૦૦૦ કરોડ રૂપિયા વહેંચવામાં આવે તો દરેકને રૂા. ૩.૩૬ લાખ પ્રાપ્ત થાય.
ભારતની જનતાએ સમાનપણે પ્રગતિ સાધવામાં હજુ ઘણું કરવાનું બાકી રહે છે.
વિચારસરણીમાં બદલાવ ખૂબ જ જરૂરી છે.

વાર્તા

વાતવાતમાં

# સુખડીનો સ્વાદ



બલવીરસિંહ જાડેજા

દરિયાપારના દેશોમાં ઠંડીની શરૂઆત થતાં જ જેમ યાયાવર પક્ષીઓનું ભારતમાં આગમન થાય, તેમ નાતાલ અને તે પહેલાં જ આપણા એન.આર.આઈ. ગુજરાતીઓ પણ મળેલી રજામાં "હાશકારો" કરવા, કે વ્યવહાર પતાવવા, ભારતમાં આવી જાય છે. કેટલાક વયસ્કો કે સિનિયર્સ લાંબો સમય રહી જાય ને યુવાનો-યુવતીઓ, જોબ કરનારા, પંખીઓના બચ્ચાને પાંખો આવતા ઉડી જાય તેમ જલ્દી જલ્દી કામ આટોપી ભાગી જાય.

અમારા બાળપણનો સહઅધ્યાયી જય આચાર્ય, વિદેશમાં નિવૃત્ત થયા પછી, નિરાંતે આવેલો જાણી અમારી શાળા જીવનના મિત્રોનું ગ્રુપ, શહેરના તેના ઘરે મળવા ઉપડ્યું. પીઝા અને બર્ગર તો ત્યાં કાયમ હોય જ. એટલે અમારા માસી જમના બાએ દીકરા જય અને મીનાભાભી માટે દેશી, શુધ્ધ અને સાત્ત્વિક ભોજનનો આગ્રહ રાખે તે સ્વાભાવિક હતું. પાણી પીધા પછી, સૌના માટે, ચોખ્ખા ઘી ની સુગંધવાળી, ગરમા ગરામ બનાવેલી સુખડીથી માસીએ અમારા મિત્ર વર્તુળનું સ્વાગત કર્યું.

સૌના મોંમાં પાણી આવવું સ્વાભાવિક હતું પણ અમારો સૌનો મિત્ર પશુ ચિકિત્સક મનસુખ "જરૂર" જેવી સુખડીની ડીશ માસીએ આપી એવો જ હસવા લાગ્યો. સૌને આશ્ચર્ય થયું. પણ તરત જ મનસુખે સુખડીનું ચોસલું મોં માં મૂકી ઈશારાથી એના સ્વાદ અને સોડમની તારીફ કરી, ફરી હસી પડ્યો. સૌ મિત્રો માટે એકાએક, મોટેથી મનસુખનું હસવું એ અણધારી ઘટના હતી. "મનસુખભાઈ કેમ હસો છો?" મીનાભાભીએ આશ્ચર્યથી પૂછ્યું.

'કાંઈ નહીં. એ તો એવું છે ને કે સુખડી જોઈ એટલે સુખડીના સ્વાદની એક વાત યાદ આવી ગઈ." કહીને ફરી મિત્ર મનસુખ હસી પડ્યો.

"એલા એવી તે કેવી વાત જે અમે નથી જાણતા. તેં તો કોઈ દિવસ જણાવી નથી." બાલુભા બાપુએ ધમકાવતા કહી દીધું.

"વાત જ એવી છે. પણ તમે બધા પાછા કહી દો એટલે કોઈ દી' તમને કીધું નહોતું."

"અરે, હોય કાંઈ? અમે ભાઈબંધો છીએ કે દુશ્મન તારા? બોલ, બોલ શું વાત છે?" ઈશ્વરે મનસુખને હૈયાધારણ આપી.

અમારા મિત્રોની જેમ સૌ, મીનાભાભી અને માસી પણ ઇંતેજારથી મનસુખની વાત સાંભળવા ઊભા રહી ગયા.

મનસુખ મુંઝાણો.

"અરે બોલ, બોલ યાર, મુંઝાશ શું કામ? નહીં કહીએ કોઈને બસ, 'સોગનથી!'

મનસુખને ધરપત થઈ એટલે પહેલા બાકી રહેલી સુખડી ખાધી અને પછી સુખડીની વાત કરી.

"તમને તો ખબર છે કે શાળામાં આપણે સ્વામી વિવેકાનંદના પુસ્તકો વાંચતા અને 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' એ સ્વામી વિવેકાનંદના સુત્ર અનુસાર મારે ડૉક્ટર થવું હતું પરંતુ ઇંગ્લીશ કેમેય કરીને આવડતું નહીં. મેટ્રીકમાં ગોખી ગોખીને પાસ માર્કસ તો આવ્યા પણ એનાથી ડૉક્ટરની લાઇનમાં ગજ વાગે નહીં. એટલે છેવટે ડૉક્ટર તો ડૉક્ટર સમજીને પશુ ડૉક્ટર થવાનું નક્કી તો કર્યું પણ આજકાલ ડૉક્ટર બનવા માંગતા યુવાનોની જેમ, મેડિકલમાં નંબર ન લાગે તો ડેન્ટલ ડૉક્ટર બનવા પ્રવેશ લઈને મન મનાવે છે એમ મેં પણ પશુ ચિકિત્સકને બદલે તેના આસિસ્ટન્ટ એટલે કે 'લાઈવ સ્ટોક આસિસ્ટન્ટ'માં એડમિશન મળ્યું એટલે પેંડા વેચ્યા. આટલી તો તમને બધા મિત્રોને ખબર જ છે.

"હા, એ તો ત્યારથી જ અમે બધા મિત્રો તને મનસુખ ઘોડા ડૉક્ટર કહીને બોલાવતા થઈ ગયા હતા" એવું સુરેશે યાદ દેવડાવ્યું.

"પણ એની આ સુખડી સાથે શું લેવાદેવા છે, મનસુખ?" માસીએ આકળા થઈને પૂછ્યું.

"હવે એ જ વાત આવે છે" કહીને મનસુખે સૌની ઇંતેજારી વધારી મૂકી.

પછી તો મેં આણંદમાં વેટરનરી કોલેજમાં લાઈવ સ્ટોક આસિસ્ટન્ટના કોર્સમાં એડમિશન લીધું. ફરી કોલેજ ખૂલવાના સમયે આપણી સાથે ભણતો દિનેશ પણ વિદ્યાનગરમાં સિવિલ એન્જિનિયર બનવા ભેગો થઈ ગયો. પરદેશમાં તો ગામનું કૂતરું પણ વહાલું લાગે, આ તો જૂનો સહઅધ્યાયી અને

પાછો આપણા જ શહેરનો. એ વખતે તો ઘરની બહાર પહેલ વહેલા જતા એટલે ઘર બહુ યાદ આવતું હોય. એટલે જ્યારે એકાદ-બે દિવસની રજા પડે એટલે ઘર યાદ આવે અને સૌ ઘરે ભાગે, એવી પરિસ્થિતિ હતી. અમે ઘરે આવતા-જતા રહેતા. કોઈવાર સાથે, કોઈવાર વારાફરતી. એ વખતે તૈયાર નાસ્તા, આજની જેમ મળતા નહીં. સૌ ઘરે આવે ત્યારે ઘરવાળા નાસ્તાના ડબ્બાઓ ભરીને પૂરી, ગાંઠિયા, સુખડી, લાડુ વગેરે ડબ્બાઓમાં ભરીને આપતા. જેનો નાસ્તો આવે તેને ત્યાં બધા મિત્રો નાસ્તા ઉપર તૂટી પડતા. આ રીતે બીજા ગામના મિત્રોનો પણ વારાફરતી નાસ્તો આવતો અને સફાચટ થઈ જતો.

"મનસુખ, તું આવી લાંબી વારતા કર્ય મા ને મોણ નાખ્યા વિના સુખડીની વાત કર્ય મારા ભઇ!" કરશને કંટાળીને કહી દીધું.

"હવે બન્યું એવું કે એકવાર હું ઘરે આવ્યો ત્યારે દિનેશના ઘરનાએ દિનેશ માટે એક ડબ્બો નાનું તાળું મારીને આપ્યો અને એક પરબીડિયું જેમાં કાગળ હતો તે પણ આપ્યો. મેં કહ્યું, આ તાળું કઈ રીતે ખોલશે દિનેશ, ચાવી આપો?" તો કહે, 'એક ચાવી એની પાસે છે. તું તારે લઇ જા ને.'

હું તો લઇને ઘરે આવ્યો. બીજે દિવસે જવાનું હતું પણ મને ખોટું લાગ્યું, 'મારી ઉપર વિશ્વાસ નહીં કે ચાવી આપી નહીં અને પરબીડિયું બંધ કરીને કાગળ આપ્યો!' કોઈને કહેતા નહીં પણ મને થયું કે, "આ તો વિશ્વાસભંગ કહેવાય. માટે હવે તો વિશ્વાસઘાત કરવો પડે."

બસ, પછી તો પરબીડિયાની પાછળ પાણી લગાડી મેં ખોલીને વાંચ્યું. જેમાં લખ્યું હતું કે, 'મનસુખ સાથે તાળું મારીને ડબ્બો મોકલ્યો છે, જેની બીજી ચાવી તારી પાસે છે. ડબ્બામાં સુખડીના ૨૦ ચોસલા મૂક્યા છે તે ખોલીને ગણી લેજે અને નિરાંતે ખાજે. એક સાથે વધારે ખાતો નહીં, નહિંતર તબિયત બગડશે વગેરે વગેરે...'

મને તો બહુ માઠું લાગ્યું. બસ મારી ઉપર વિશ્વાસ નહીં. મેં તો પતરાનો ડબ્બો જે સ્ક્રુ (Screw)વાળો હતો તેના પાછળની બાજુના સ્ક્રુ ખોલી નાખ્યા અને તાજી સુખડીની મઘમઘતી સુગંધ લીધી એટલે મારી દાનત વધુ બગડી. જોયું તો સુખડીના ૨૦ ચોસલા હતા પણ મોટા મોટા અને જાડા જાડા. બસ, મારે એટલું જ જોઈતું હતું. મોટા ચોસલાના બરોબર અડધા ટુકડા કરીને, ગણીને ૨૦ ચોસલા ડબ્બામાં હતા તેમજ મૂકી દીધા અને બાકીના ૧૫થી ૧૬ ચોસલા મારા ઘરેથી લઇ જવાના ડબ્બામાં બીજા નાસ્તા સાથે મૂકી દીધા. ભૂકો થયો એ મેં સ્વાદ ખાતર ખાઈને ટેસ્ટ કર્યો. મજા પડી ગઈ.

બધા મિત્રો અને માસી પણ હસવા લાગ્યા.

'પછી?'

પછી શું, મેં તો દિનેશને જઇને ડબ્બો અને ફરીથી હતું તેવું જ ચોંટાડેલું પરબીડિયું આપ્યું અને દિનેશને મારો નાસ્તો ખાવાનું આમંત્રણ આપી અને એની સુખડી ખાધી. પાછો મારા રૂમ પર આવી ગયો.

હવે બે દિવસ પછી દિનેશ સાંજે મારી રૂમ પર આવ્યો અને એવી જ સુખડી મેં એને ખાવા આપી.

"વાહ, સરસ છે લ્યા. તારી સુખડી મારા ઘરના જેવી જ છે હોં!"

"અરે સુખડી તો બધાની સરખી જ હોય ને યાર, મારા ઘરની કે તારા ઘરની, હેં સાચુ કહેજે!"

"હા... હોં... ઇ તારી વાત હાચી." કહીને દિનેશ ગયો અને હું તે દિવસે કોઈ દિવસ હસ્યો ન હોય એટલું હસ્યો અને ફરી આજે હસ્યો.

સૌએ મનસુખને તાળીઓ અને હાસ્યથી બિરદાવ્યો પણ મનસુખે ફરી કહ્યું, "જોજો હોં, તમે દિનેશને કોઈ કહેતા નહીં હોં...!"

"અરે હોય કાંઈ, અમે તો એટલું જ કહેશું કે સુખડીનો સ્વાદ બધે સરખો જ હોય. પછી તે તારા ઘરની હોય, મારા ઘરની હોય કે મનસુખના ઘરની હોય" કહીને ઇશ્વરે ચોખવટ કરી.

"ના હોં યાર! તો તે એને દાળમાં કાંઈક કાળું છે એવું લાગશે."

"મનસુખ ગભરાઇશ નહીં. લે આ વધુ સુખડી ખા. હું બધાને કહી દઉં છું કે કોઈ કહે નહીં કે સુખડીનો સ્વાદ સરખો જ હોય" કહીને માસીએ મનસુખને બીજી ડિશ ભરીને સુખડી ખવડાવી.

**વાતવાતમાં :**

બહાર મળતી મીઠાઈને બદલે, ઘરમાં માતા, બહેન, ભાભી, પત્ની કે દીકરીના હાથે બનાવેલી સુખડી ખાઈને વિચારજો કે 'સુખડી આટલી સ્વાદિષ્ટ કેમ લાગે છે?' કારણકે તેમાં ઘરના સભ્યોનો પ્રેમ, લાગણી અને પોતાના માટેની ભાવના હોય છે.

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોનીની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

## ગુજરાતની તાસીર

- પક્ષના વડા : રૂપાણી
- વિપક્ષના વડા : ધાનાણી
- અપક્ષ નેતા : મેવાણી
- પાવર આપનાર : અદાણી
- નેટવર્ક આપનાર : અંબાણી

વાર્તા

# વસવસો

• રમીલા પી. મહેતા •

આમ અચાનક સાવ આવું બની જશે તેની વિનયને કલ્પના પણ નહોતી. તે કોર્ટમાંથી આવીને પોતાની ઓફિસમાં રાબેતા મુજબ કામ કરવા બેઠો. ઘણી બધી ટપાલ જોવાની હતી. હજુ તેણે બે-ચાર ટપાલ જોઈ લીધી ત્યાં તો ડૉક્ટર શાહ આવીને બેઠા. ડૉ. શાહ સાથે તેને ઘણાં જ સારા સંબંધો હતા, ઘરોબો હતો તેમ કહી શકાય. કારણ ગમે ત્યારે ઓફિસમાં આવી વાતોના ગપાટા મારવાની તેને છૂટ હતી. અન્ય કોઈને સમય પસાર કરવા ઓફિસમાં આવવા દે તેવો વિનય નહોતો. ડૉ. શાહ ગયા, ને વાતાવરણમાં કોલાહલ અને હાસ્ય વેરતા ગયા.

પણ ટપાલ જોવાની રહી ગઈ. સાંજ ઘેરી બનતી હતી. ઘેરથી ફોન આવ્યો, આશાનો હતો. ઉઠતાં ઉઠતાં તેણે કેલેન્ડર પર નજર ફેરવી. આજે મંગળવાર થયો. આવતી કાલે રજા...તેણે તારીખ ફાડી નાંખી. કાર સ્ટાર્ટ કરી. તે ઘેર પહોંચ્યો ત્યારે બંને બાળકો દરવાજા પાસે ઉભા રાહ જોતા હતા. પપ્પાને ભેટી પડ્યા...આખો દિવસ કોર્ટ, ઓફિસ અને ક્લાયન્ટમાંથી વિનયને પણ એટલો બધો સમય નહોતો મળતો કે તે બાળકોને વહાલ કરે, તેની સાથે રમે, મેઘનાને ઉંચકીને તે વહાલ કરતો હતો, ત્યાં મુન્નાએ પપ્પાના ખિસ્સામાંથી ચોકલેટ કાઢી લીધી. મેઘના જોઈ ગઈ અને તેણે બૂમાબૂમ કરી મૂકી.

બાળકો સમેત તે ઘરમાં ગયો. ફરી એ જ રૂટીન વર્ક. નાઈટ ગાઉન પહેરી કેસની ફાઈલમાંથી અભ્યાસ કરવા માંડ્યો. મોડી રાત સુધી તે કામમાં જ પરોવાયેલો રહ્યો. સવારે ફરી ઓફિસમાં ગયો. બીજા વધારાના કાગળ વચ્ચે ગઈકાલ સવારની ટપાલ દબાઈ ગઈ. આજે કોર્ટમાં રજા હતી. તેણે ઓફિસે વધારે સમય કામ કર્યું.

તેણે ત્રણ-ચાર આજની તારીખની ટપાલ જોઈ. હજું પેલું અજાણ્યા અક્ષરવાળું કવર નીચે દબાઈ રહ્યું. તેણે પોતાના ક્લાયન્ટની ટપાલ જોઈ. ખાસ નવું નહોતું. એ જ જૂની વિગતો. તેને બગાસું આવ્યું, તેણે પાણી પીધું.

‘કેમ આજે આવતા વેંતજ બગાસા ખાવા માંડ્યા? શું, કાગળમાં કંઈ એવી વિગત છે? વિનયના ભાગીદારે પૂછ્યું. ‘ના’ આજની ટપાલમાં ખાસ કંઈ નવું નથી. એ જ ઘીસી પીટી વાતો. કેમ જાણે આપણે દાન સખાવત કરવા બેઠા છીએ. હા, પણ પેલા દેસાઈવાળા કેસનું શું થયું? હું બે ચાર દિવસથી પૂછવાનું ભૂલી જાઉં છું...’ વિનયે ચાનો કપ મોઢે માંડતા પૂછ્યું.

હજુ તેની તારીખ પડ્યા કરે છે. લાગતું નથી કે આ વર્ષમાં તેનો ફેંસલો આવે. ફરી બંને પોતપોતાના ટેબલ પર પડેલા પત્રોનો નિકાલ કરવામાં પડ્યા. વિનયના હાથમાં ત્રણ દિવસથી જે પત્ર આવતો આવતો રહી જતો હતો તે અંતે હાથમાં આવ્યો. તેણે કવર આમતેમ ફેરવી જોયું. પત્ર બહાર કાઢી, અક્ષરો ઉકેલવા, પહેચાનવા મથામણ કરી. અક્ષરો અતિ સુંદર અને મરોડવાળા હતા. અંતે નામ વાંચી લીધું. મોકલનારનું નામ સરનામું વાંચ્યા બાદ યાદ કરવા પ્રયાસ કર્યો. કેમે કરી કોઈ અનુરાગ વકીલનું નામ યાદ જ ન આવ્યું.

‘સુભાષ’ આ અનુરાગ વકીલ કોણ છે? તું ઓળખે છે? ના, અનુરાગ વકીલનું નામ તો મને યાદ નથી. પણ ક્યાંથી પત્ર આવ્યો છે?’ કલકત્તાથી પત્ર આવ્યો છે’ વિનયે પત્ર પર નજર ફેરવતાં જવાબ આપ્યો.

ત્યાં ફોનની ઘંટી વાગી. પત્ર બાજુ પર મૂકી તેણે ફોન એટેન્ડ કર્યો. ત્યારબાદ સમય થતાં બંને મિત્રો જરૂરી કામ અંગે એક પાર્ટીને મળવા ગયા. રસ્તામાં સુભાષે પૂછ્યું, ‘વિનય પેલો પત્ર, હા, એ અનુરાગ વકીલ નામ કહ્યું - તેના પત્રમાં વિગતો શી હતી?

‘હજુ માત્ર ઉપરછલ્લી જ નજર ફેરવી છે. કંઈ મેડિકલ કેસ હોય તેવું લાગે છે.’

‘પણ આપણે વળી મેડિકલ કેસથી શું લાગે વળગે? યાર, ક્યારેક તો પૈસા સિવાય બીજો વિચાર કર. તેને કંઈ મદદની જરૂર છે. વિગતવાર તો મેં પણ વાંચ્યું નથી. વિનયે કંઈ રૂક્ષ સ્વરે જવાબ આપ્યો. સુભાષ સમજી ગયો કે વિનયનો આજે મૂડ ઠીક નથી લાગતો. કામ પતાવી વિનય ઘેર જ ગયો. ખિસ્સામાંથી સિગારેટની ડબ્બી કાઢતાં પેલો પત્ર આંગળી વચ્ચે આવ્યો. તેણે સિગારેટ સળગાવી પત્ર વાંચવા માંડ્યો.’

***મહાશય,***

*મારો આ પત્ર કહો કે નમ્ર અરજી આપના સુધી પહોંચશે ત્યાં સુધી કશુંક*

*અશુભ ન બને તેવી પરમાત્માને પ્રાર્થના. મારું મન શંકાથી ભરાઈ ગયું છે. આપશ્રી એક સારી સધ્ધર સંસ્થાના પ્રમુખ છો. તમારી સંસ્થાની દાન સખાવતની વિગતો મેં અત્રેના સ્થાનિક અખબારમાં વાંચી છે, તેથી આપને પત્ર લખવા પ્રેરાઉં છું.*

*હું મારી આખી વાત ટૂંકમાં આપને જણાવું છું. પરિવારમાં અમે બંને ભાઈઓ છીએ. માતા પિતાનું સુખ અમારા નસીબમાં નહોતું. મારાથી નાનો ભાઈ શશાંક હાલ એન્જિનિયર છે. હું જાતે એક ખાનગી પેઢીમાં નોકરી કરું છું. મારી માતા નાના ભાઈને મારા ખોળામાં મૂકી સ્વર્ગે સિધાવી ત્યારથી આજ સુધી મેં શશાંકને પુત્રવત ગણી ઉછેર્યો. તેના શિક્ષણ માટે મેં મારાથી બનતું બધું કર્યું. હું જાતે ભણીને નોકરીએ લાગ્યો. નાના ભાઈને ઈજનેર બનાવ્યો. અંતે એ વિજયી દિવસ પણ આવ્યો. ભાઈ એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં પાસ થયેલો. સમાચારથી મને લાગ્યું કે, મારા જીવનની આ સિદ્ધિ મેં પ્રાપ્ત કરી છે. મારે જે પ્રાપ્ત કરવાનું હતું તે આ છે. મારા મા પિતાના ફોટાને બંને ભાઈઓ પગે લાગ્યા અને ખોબલે ખોબલે આંસુડે રડી પડ્યા. એ આંસુ હર્ષનાં હતાં. નાનો ભાઈ નોકરીએ લાગ્યો. બે ત્રણ વર્ષ સરસ રીતે પસાર થયા. નાના ભાઈનું જીવન ગોઠવાતું જતું હતું. ધીમે ધીમે અમારું ઘર, ઘર જેવું લાગ્યું. હવે ઘરમાં એક ખામી હતી. મનમાં નક્કી કરેલું કે નાના ભાઈના લગ્ન કરી તેને સારી રીતે ગોઠવી દઈને પછી યોગ્ય પાત્ર શોધી હું લગ્ન કરીશ.*

*તમને થશે કે હું મૂળ વાત કહેવાને બદલે આવી આડી અવળી વાતો શા માટે કરું છું. પણ હું મારા નાના ભાઈ શશાંક વિશે બધી વિગતો જણાવું તો કદાચ તમને મારી સચ્ચાઈ વિષે વિશ્વાસ બેસે. હાલ જમાનો એવો વિચિત્ર છે, લોકોના મન, એટલી હદે મેલાં બની ગયાં છે કે પૈસા મેળવવા માટે જૂઠું કરતાં અચકાતા નથી. પૈસા માટે માનવી શું નથી કરતો એ પ્રશ્ન છે.*

*પણ આપ મારી વાત પર વિશ્વાસ રાખજો. હું મારા જીગરના ટુકડા સમાન નાના ભાઈના જીવન સાથે ખેલ ખેલું એવો નીચ વૃત્તિનો નથી. મારા નાના ભાઈની બંને કિડની ફેઈલ ગઈ છે. શહેરની મોટી હોસ્પિટલમાં દાખલ કરેલ છે. છેલ્લા પાંચ દિવસથી કિડની ડોનરની માગણી જેટલી રકમ રૂપિયા પંચોતેર હજાર જેવી માતબર રકમ માટે દોડાદોડ કરું છું. આજે અખબારમાં આપના ટ્રસ્ટની વિગતો વાંચીને પ્રેરણા થઈ તેથી લખી નાખ્યું. ખબર નથી તમારા હૈયામાં મારી સચ્ચાઈ વિષે સ્થાન છે કે નહીં... પણ ડૂબતો તરણું ઝાલે તેમ મેં પણ આપને પત્ર લખી નાખ્યો છે, ડોક્ટરની મોંઘીદાટ ફી, ઓપરેશનનો ખર્ચ, દવા વગેરે બધું ગણતા નેવું હજાર જેવી રકમનો ખર્ચ છે. હું સામાન્ય માનવી. ક્યાંથી લાવું? શું મધ્યમ વર્ગના માનવી માટે કોઈ આશરો નથી? આપની સંસ્થા જેવી સેવાભાવી સંસ્થા મદદ કરે છે. તે અમારા જેવા માનવી માટે ઘણો મોટો આધાર છે. આપ આપની સંસ્થામાંથી કે અન્ય કોઈ પાસેથી મદદ મેળવી અમને મદદ કરી શકતા હો તો કોઈ માનવીનું જીવન બચી જશે. મારે આપ સાથે કોઈ પરિચય નથી તેમ છતાં આપને પત્ર લખવા પ્રેરાઉં છું. શક્ય તેટલો જલ્દી જવાબ નીચેના સરનામે લખશો.*

**ભવદીય,**
**અનુરાગ વકીલ**

વિનયે પત્રની તારીખ વાંચી. આજથી આઠ દિવસ પહેલાં પોસ્ટ થયેલો હતો. વચ્ચે અઠવાડિયું નીકળી ગયું. શું થયું હશે? વાંચતા, વિચારતાં તે ક્યારે ઉંઘી ગયો તે ખ્યાલ પણ ન રહ્યો. સવારે ઉઠીને પત્ર ફરીવાર વાંચી ઓફિસે જતા પહેલાં અનુરાગ વકીલના નામનો તાર કરી દીધો. તેને આવી જવા માટે તાર કરી દીધો. આવી જાય પછી વ્યવસ્થા કરી દેવા વિચાર્યું. તે કામે વળગ્યો. તેણે તારના જવાબની રાહ જોઈ. એક દિવસ નીકળી ગયો. વચ્ચે રવિવાર આવી ગયો. પણ અચાનક સોમવારે તાર આવ્યો.

"હું આવતી કાલે આવું છું" અનુરાગ.

વિનયે તેના આવવા બાદ કઈ રીતે ગોઠવવું તેની વ્યવસ્થા વિચારી લીધી. તેણે ઘેર આવતાં સાંજે પૂછ્યું "ઘેર કોઈ આવ્યું હતું?" "કેમ ખાસ કોઈ મહેમાન આવવાના હતા?" આશાએ પ્રતિપ્રશ્ન કર્યો.

વિનય તેના વ્યંગથી ચોંક્યો. થોડી ક્ષણ પછી તે ખડખડાટ હસી પડ્યો. "અરે ગાંડી, તને હવે આટઆટલાં વર્ષ પછી મારા પર વહેમ આવે છે?" "તમારો વ્યવસાય એવો કે તેમાં ઘણા બધા ક્લાયન્ટને મળવાનું થાય." "તેમાં ક્લાયન્ટ ઘણા પ્રકારના હોઈ શકે. હું તો આખો દિવસ ઘરમાં હોઉં. બાળકો અને ઘરકામમાં ક્યાં સમય નીકળી જાય તે ખબર નથી પડતી. પણ મારા પૂછવાથી કશું ખોટું લાગ્યું હોય તો સોરી" આશાએ રૂમ છોડતાં પહેલા સોરી કહી પોતાના પક્ષે હવે કશું કહેવાનું નથી એમ શાનમાં સમજાવી દીધું.

વિનયે આશાનો હાથ પકડતાં કહ્યું, "એક મિનિટ, આશા, પહેલાં તું આ પત્ર વાંચી લે. પછી તારા મનમાં જે શંકાનો કાંટો હોય તે શબ્દથી કાઢી લેજે." આશાએ પત્ર વાંચવા માંડ્યો. છેલ્લે અનુરાગ વકીલનું નામ વાંચી તેણે ખાત્રી કરી લીધી કે આજે કોના આવવાની રાહ

જોવાતી હતી. એક ક્ષણ આશા વિનય સામે જોઈ રહી આંખોમાંથી ઘણી વાતો કહેવાઈ ગઈ.

"માણસની લાચારી માનવી પાસે કેવા કેવા ખેલ કરાવે છે? આ અનુરાગ વકીલના મન પર કેવી વીતતી હશે?" વિનયે શબ્દોથી મૌન તોડ્યું. વિનયે થોડી વાર પછી સિગરેટ સળગાવી, ધૂમાડાની સેર સાથે ઘણું બધું યાદ આવતું હતું. પણ ભૂતકાળને બાચકા ભરવાથી શું? જીવનમાં એવી કેટલીય ઘટનાઓ બનતી હોય છે કે જેને આપણે કાલ પર છોડીએ તો તે વિલંબના પરિણામ જીવનભર ભોગવવા પડે છે. રાવણે લક્ષ્મણને રાજનીતિના જે પાઠ શિખવ્યા તેમાં પણ એક નીતિ સમજાવી હતી. અનુરાગના કેસમાં કંઈક આવું ન બને તેવો વિચાર સિગારેટ બૂઝાઈ તે સાથે બૂઝાઈ ગયો.

બીજો દિવસ પણ વીતી ગયો. આખો દિવસ કામમાં વિનય એવો ગૂંથાયેલો રહ્યો કે તેને ઘેર આવતાં રાત પડી ગઈ. રાતે પથારીમાં પડ્યો ત્યારે અનુરાગ વકીલનો ખ્યાલ આવ્યો. આજે પણ કોઈ સમાચાર આવ્યા નહીં. શું થયું હશે? ઘણી શંકા, કુશંકાઓથી વિનયનું મન ઘેરાઈ ગયું. તેણે પત્ર વાંચવા - વાંચવામાં બે ત્રણ દિવસ કાઢી નાંખ્યા. તેના મનમાં પેલા અજાણી વ્યક્તિનો ગુનેગાર હોય તેવી લાગણી જન્મી. તેણે પોતાની જાત સાથે બાંધછોડ કરવા માંડી.

'સમય જ ક્યાં મળે છે? આખો દિવસ કોર્ટ, ઓફિસ અને ફાઈલો, અસીલો વચ્ચે સમય પાણીના રેલા જેમ વહેતો જાય છે. "ઈશ્વર, કશું અઘટિત ન બને તો સારું" તેણે મનોમન ઈશ્વરને યાદ કરી લીધો. વિનય વિચારો અને બાંધછોડ વચ્ચે અટવાઈ ગયો."

બીજે દિવસે સવારે ઓફિસમાં ટપાલમાં પેલા અપરિચિત : હવે કોઈક પરિચિત લાગતા અક્ષરોવાળો પત્ર અને તાર તેની રાહ જોતા હતા... તેણે ઝડપથી તાર વાંચ્યો...

"બ્રધર એક્સપાયર્ડ" – *અનુરાગ.*

તેનું હૃદય થડકો ચૂકી ગયું. તેણે સ્વસ્થ બની પત્ર ખોલ્યો, વાંચવા માંડ્યો.

***મહાશય,***

*આપને આવું છું એવો તાર કર્યો તે જ દિવસે નાનાભાઈની તબિયત વધારે બગડી. તમારો તાર મળ્યો. હું નીકળવાની તૈયારી કરતો હતો. અહીંથી સ્થાનિક વર્તુળોમાંથી મદદ મેળવવાના પૂરતા પ્રયત્ન કર્યા. પણ ખાસ વળ્યું નહીં. તમારી પાસે આવવાની ઈચ્છાથી તાર કર્યો. પણ ઈશ્વરેચ્છા બલિયસિ. હું લાચાર બની ઉભો રહ્યો. ડૉક્ટરે કહ્યું કે ૨૪ કલાક પહેલાં કિડની બદલી શકાઈ હોત તો જીવ બચી જાત...મારી કમનસીબી કે તમારો તાર મળ્યો, ત્યારે હાલત ગંભીર હતી, પણ તે રાત્રે વધારે બગડી ને હું ન આવી શક્યો...પણ આપશ્રી મદદ કરવા ઈચ્છતા હતા, ભલે કોઈ ત્રીજી વ્યક્તિ મારફતે પણ તેમાં વિલંબ ન કર્યો હોત તો? તાર બે ત્રણ દિવસ વહેલો મળ્યો હોત તો? ક્યારેક બે ચાર દિવસનો વિલંબ કોઈ માણસ માટે ઘાતક પુરવાર થાય છે. ખેર, આપની લાગણી બદલ આભાર.*

***– અનુરાગ***

વિનયને લાગ્યું કે જિંદગીમાં આજે તેના વિલંબને કારણે કોઈની જાન ન બચાવી શક્યો. તેણે પત્રને વાંચવામાં, અમલ કરવામાં વિલંબ ન કર્યો હોત તો તે કોઈનો જીવ જરૂર બચાવી શક્યો હોત... વિલંબનો વસવસો તેને જીવનભર સાલ્યા કરશે. ■

***જ્યાં લગી ચૂપ રહીને બધું સહન કરતા રહીએ છીએ ત્યાં સુધી આપણે દુનિયાને સારા લાગીએ છીએ. પરંતુ એકાદ વખત પણ સાચી વાત કહી દીધી તો આપણા જેવો ખરાબ માણસ આ દુનિયામાં કોઈ નથી તેવું તે માની લેશે.***


**WITH BEST WISHES FROM**
**MORBIA GROUP OF COMPANIES**

sofa wala The Sofaz Expert

WORLD link IT Rental & Sales

furniture mall

**SUKHLAL MORBIA & FAMILY**

112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
**M. : 98252 36494, 98252 27499**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છને ફાળવાયેલા નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી અંગેની કામગીરી થાય તે માટે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના સક્રિય પ્રયાસો

નર્મદાના વધારાના પાણીના કાર્યો કચ્છમાં ઝડપથી અને સંપૂર્ણ રીતે શરૂ કરવામાં આવે તેમજ ગુજરાત રાજ્યના આગામી બજેટમાં કચ્છના નર્મદા નદીના વધારાના પાણીની કામગીરી માટે અંદાજે રૂા. ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે તેવી રજૂઆત અમદાવાદની કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી, સિંચાઈ - પાણી પુરવઠા વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તેમજ મુખ્ય ઈજનેરશ્રી પંચાયત, નર્મદા જળસંપત્તિ વગેરેને એક પત્ર દ્વારા વિગતવાર કરી છે.

ઉપરોક્ત કામગીરીની જાહેરાત ગુજરાત સરકાર તરફથી વર્ષ ૨૦૦૬માં કરવામાં આવી હતી, જે હજુ સુધી શરૂ થયેલ નથી. કચ્છ બ્રાંચ કેનાલમાં પાણી આગળ ધપાવવા માટે પમ્પિંગ મોટરની જરૂરિયાત હોવા છતાં તેના ઈન્સ્ટોલેશનની કામગીરી પણ થઈ નથી. તેવી રીતે નાણાંકીય ફાળવણીના અભાવે કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કામ પણ હજુ સુધી શરૂ થઈ શકેલ નથી. નર્મદા નદીના વધારાના પાણીના આયોજન અને અમલીકરણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં થઈ શકતા હોય તો કચ્છ જિલ્લામાં શા માટે થતા નથી? આ પ્રકારની કામગીરીમાં કચ્છ જિલ્લાને શા માટે અગ્રતા આપવામાં આવતી નથી? આ રીતની તીવ્ર રજૂઆત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે તેમના પત્રમાં સરકારશ્રી સમક્ષ કરી છે અને તેનો તાત્કાલિક જવાબ આપવા પણ જણાવવામાં આવ્યું છે. સમગ્ર કચ્છ જિલ્લાના અને કિસાન વર્ગના હિત અર્થે ઉપરોક્ત રજૂઆતનું સમર્થન કરીને સરકારશ્રીમાં તે માટે જરૂરી કાર્યવાહી તુરત કરવા કચ્છના સંબંધિત સાંસદશ્રી તથા ધારાસભ્યશ્રીઓને પણ ઉપરોક્ત પત્રની નકલ મારફત વાકેફ કરવામાં આવ્યા છે.

## જોરાવરસિંહ જાદવજીને સુવર્ણ ચંદ્રક અર્પણ કરાયો

ગુજરાતની લોકકલા, લોકનૃત્ય અને લોકસંસ્કૃતિને ઉજાગર કરનાર જાણીતા લોક કલાવિદ જોરાવરસિંહજી જાદવને રાજકોટ ખાતે વિશ્વ વિખ્યાત આંબાવાડી કલાવૃંદ - જામખંભાળીયા દ્વારા સુવર્ણચંદ્રક લોક કલાના ચાહકોની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે તાજેતરમાં અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક, લોક સંસ્કૃતિ અને લોકકલાના વૈજ્ઞાનિક જોરાવરસિંહજી જાદવના ગુજરાતની લોકકલા જીવંત રહે તે માટેના ભગીરથ પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

પ્રારંભે કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ફૂલછાબ દૈનિક, રાજકોટના તંત્રીશ્રી કૌશિકભાઈ મહેતાએ કર્યું હતું.

વિશ્વ વિખ્યાત આંબાવાડી કલાવૃંદ - જામખંભાળિયાના ભાઈ-બહેનો દ્વારા ગુજરાતની લુપ્ત થતી લોકકલા - લોકનૃત્યને ઉજાગર કરતા ૧૫ લોકનૃત્ય પરંપરાગત વેશ પરિધાન સાથે રજૂ કરવામાં આવ્યા હતા. લોકકલાના ચાહકો આ ભવ્ય નૃત્ય નિહાળી અભિભૂત થયા હતા. જાણીતા હાસ્ય સમ્રાટ શાહબુદ્દીનભાઈ રાઠોડે પ્રસંગને અનુરૂપ અભિવ્યક્તિ રજૂ કરી હતી. કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કલારસિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## 'ફોકિયા' દ્વારા મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય મંત્રીશ્રીનું સન્માન થયું



ફોકિયાના મેનેજિંગ ડિરેક્ટર નિમેષ ફડકે, ડિરેક્ટર શ્રી શૈલેષ ભંડારી અને અવિનાશ ભંડારીએ ગાંધીનગર મધ્યે ગુજરાત રાજ્યના નવનિયુક્ત માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહીરને રૂબરૂ મળી સ્મૃતિ ચિહ્ન દ્વારા સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી, એમ ફોકિયાની એક યાદીમાં જણાવાયું હતું.

## વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા એવોર્ડ અને શ્રી કાનજીભાઈ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ પ્રદાન સમારંભ યોજાયો



*ડાયસ પર ઉપસ્થિત મહાનુભાવોમાં (ડાબેથી) વિશ્વ ગુજરાતી સમાજના વાઈસ પ્રેસિડેન્ટ સવજીભાઈ વેકરિયા, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ હેમરાજ શાહ, પરીખ વર્લ્ડવાઈડ મિડિયાના ફાઉન્ડર ચેરમેન પદ્મશ્રી ડૉ. સુધીર પરીખ, વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ કૃષ્ણકાંત વખારિયા, ગુજરાતના રાજ્યપાલ ડૉ. ઓ.પી. કોહલી, અતિથિ વિશેષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, રિસર્ચ ડાયરેક્ટર ડૉ. અશોક વૈદ્ય.*

ભારત - અમેરિકી સમાજના શ્રેષ્ઠીજન અને અમેરિકા સ્થિત પરીખ વર્લ્ડવાઇડ મીડિયાના ફાઉન્ડર - ચેરમેન પદ્મશ્રી ડૉ. સુધીર પરીખને સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા ઍવોર્ડ, પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂા. અઢી લાખનો રોકડ પુરસ્કાર પ્રદાન થયો હતો. જ્યારે રિસર્ચ ડાયરેક્ટર ડૉ. અશોક વૈદ્યને શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા ઍવોર્ડ, પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂા. એક લાખનો રોકડ પુરસ્કાર એનાયત થયો હતો.

સમારંભના અધ્યક્ષ સ્થાને ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી અને અતિથિ વિશેષપદે જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે વિશ્વ ગુજરાતી સમાજના ઉપક્રમે સુરુચિ ટ્રસ્ટ - સુરતના સહયોગથી સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા ઍવોર્ડ પ્રસ્થાપિત છે અને શ્રી કનૈયાલાલ દેસાઈ સ્મારક ટ્રસ્ટ - સુરતના સહયોગથી શ્રી કાનજીભાઈ દેસાઇ ગુજરાત પ્રતિભા ઍવોર્ડ પ્રસ્થાપિત છે.

સ્વાગત પ્રવચન કરતાં વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ કૃષ્ણકાંત વખારિયાએ ડૉ. સુધીર પરીખ અને ડૉ. અશોક વૈદ્યનો પરિચય આપ્યો હતો. કૃષ્ણકાંત વખારિયાએ કહ્યું કે વિવિધ ક્ષેત્રે સમાજસેવા કરતા આ બંને મહાનુભાવોનું ઋણ અદા કરવાનો આ અવસર છે.

રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ આ ઍવોર્ડ પ્રાપ્ત કરવા બદલ ડૉ. સુધીર પરીખ અને ડૉ. અશોક વૈદ્યને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે આ બંને મહાનુભાવો જનસેવક છે અને સમાજસેવા કરી રહ્યા છે તે બદલ તેમનું સન્માન કરાયું છે. આ બંને પ્રતિભાઓએ કર્તૃત્વ દ્વારા સમાજસેવા - જનસેવા - રાષ્ટ્રસેવા કરીને સમાજનું ઋણ અદા કર્યું છે.

---

એક વકીલના ઘરે ૭-૮ મહેમાનો આવ્યા.

વકીલની બીબીએ કહ્યું, 'ઘરમાં ખાંડ નથી, ચા કઈ રીતે બનાવું?'

વકીલે કહ્યું, 'તું માત્ર ચા બનાવી લાવ, બાકી હું સંભાળી લઈશ.'

બીબી ચા બનાવીને લાવી.

વકીલે કહ્યું : 'જેના હિસ્સામાં ફિક્કી ચા આવશે, કાલે તેમના ઘરે આપણે બધા મહેમાન થઈને જમવા જઇશું.'

બધા લોકોએ મજાથી ચા પીધી. એકે તો ત્યાં સુધી કહ્યું કે મારી ચામાં તો એટલી બધી ખાંડ હતી કે મને ડર લાગે છે કે ક્યાંક મને ડાયાબિટીસ ના થઈ જાય!

---


### લગ્ન વિષયક : કન્યા જોઇએ છે

શ્રી કચ્છી જૈન ગૂર્જર જ્ઞાતિ. દક્ષિણ ભારત સ્થિત સુખી પરિવારના દેખાવડા યુવક ૧૯૭૨, ૫'૧૧", ગ્રેજ્યુએટ અને પોતાના બિઝનેસમાં વેરી વેલ સેટલ્ડ. ઘરમાં માતા અને પોતે બે જણા છે. ૨૦ વર્ષ બાદ માત્ર પગમાં તકલીફ થતાં વોકર્સ / સ્કુટર દ્વારા વ્યવસ્થિત મુવમેન્ટ થાય છે તેમજ પોતાની મોડીફાઈડ ટાઈપની કાર ડ્રાઈવ પણ કરે છે. તેના માટે શારીરિક રીતે સક્ષમ, સંસ્કારી, વેજિટેરિઅન કન્યા આવકાર્ય છે.

**સામાન્ય પરિવાર, શહેર, જ્ઞાતિ, અભ્યાસ બાધ નથી.**

**સંપર્ક : ૯૦૩૭૬ ૮૨૦૬૨, ૯૪૪૭૩ ૬૮૯૪૬, ૯૯૨૪૩ ૪૨૬૨૮, ૯૬૩૮૪ ૦૫૩૦૦**

## ભારતનો પ્રતિષ્ઠિત 'આચાર્ય તુલસી સન્માન' – એવોર્ડ ડૉ. કુમારપાળ દેસાઇને અર્પણ થયો

માનવમૂલ્યોની ગરિમા સાથે પોઝિટિવ લેખન દ્વારા સમાજના નિર્માણને દિશા આપનાર સર્જક - પત્રકારને અપાતો ભારતવર્ષનો પ્રતિષ્ઠિત "આચાર્ય તુલસી સન્માન" એવોર્ડ ડૉ. કુમારપાળ દેસાઈને રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે તાજેતરમાં એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્ય તુલસી વિચારમંચના અધ્યક્ષ રાજકુમાર પુગલિયાએ કહ્યું હતું કે અમને ગુજરાતની એક બહુમુખી પ્રતિભાને પોંખવાનો અવસર મળ્યો છે. સન્માનના પ્રત્યુત્તરમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે માત્ર અગિયાર વર્ષની નાની વયથી સાક્ષર પિતા 'જયભિખ્ખુ' પાસેથી સાહિત્યનું વાતાવરણ પ્રાપ્ત થતાં પત્રકારત્વ અને સાહિત્યમાં લેખન શરૂ કર્યું. ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, કવિ દુલા ભાયા કાગ જેવાની સાહિત્યચર્ચા સાંભળીને આમાં વિશેષ રસ જાગ્યો અને ધીરે ધીરે એવો અનુભવ થયો કે દુનિયામાં માનવતાથી મોટો કોઈ ધર્મ નથી અને માનવકલ્યાણથી મોટું કોઇ કાર્ય નથી.

## કચ્છના વતની અને હાલ ભાવનગર સ્થિત મહેન્દ્ર શાહની ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળની કારોબારીમાં થયેલ વરણી

ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ, જિલ્લા લેવલે ગ્રાહકોની સુરક્ષા માટે કામ કરતી મોટી સંસ્થા છે અને તેની કામગીરી સમગ્ર ગુજરાતમાં ખૂબ જ ઉપયોગી રહી છે અને ગ્રાહકોના હિત માટે છેલ્લા ઘણા વર્ષોથી આ સંસ્થાએ ઘણી કામગીરી કરી છે.

ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ મણિભાઈ ગાંધીએ ભાવનગરના અગ્રણી અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ, મૂળ કચ્છ નલિયાના વતની મહેન્દ્ર સુધાકરભાઈ શાહની ગ્રાહક સુરક્ષા મંડળની કારોબારી સમિતિમાં તાજેતરમાં વરણી કરી છે.

ભાવનગર કચ્છ સમાજના હોદ્દેદારો તથા પરિવારજનોએ આ વરણીને આવકારતા આનંદની લાગણી પ્રદર્શિત કરી હતી, એમ ભાવનગર કચ્છ સમાજની એક યાદીમાં જણાવાયું છે.

*સૂર્ય કદી તડકે બેસતો નથી, નદીઓ પોતે પાણી પીતી નથી અને વૃક્ષો કદી પોતાના ફળ આરોગતા નથી.*

## રાજીવ ગાંધીના કોંગ્રેસ પક્ષના ટેકેદારો

- ☞ તરૂણ ગોગોઈનો પુત્ર
- ☞ રાજેશ પાઇલોટનો પુત્ર
- ☞ માધવરાવ સિંધિયાનો પુત્ર
- ☞ મુરલી દેવરાનો પુત્ર
- ☞ સુનીલ દત્તની પુત્રી
- ☞ માધવસિંહ સોલંકીનો પુત્ર
- ☞ ભૂપેન્દ્ર હુડ્ડાનો પુત્ર
- ☞ સમશેરસિંગ સૂરજેવાલનો પુત્ર
- ☞ સંતોષ મોહન દેવની પુત્રી
- ☞ પ્રણવ મુખરજીની પુત્રી
- ☞ ઓમન ચાંડીનો પુત્ર
- ☞ એ.કે. એન્થોનીનો પુત્ર
- ☞ શીલા દીક્ષીતનો પુત્ર
- ☞ જિતેન્દ્ર પ્રસાદનો પુત્ર
- ☞ સૈફુદ્દીન સોઝનો પુત્ર
- ☞ શંકરરાવ ચૌહાણનો પુત્ર

### *અને રાજીવ ગાંધીના જોડીદાર પક્ષોના ટેકેદારો*

- ☞ મુલાયમસિંગ યાદવનો પુત્ર
- ☞ લાલુ પ્રસાદ યાદવનો પુત્ર
- ☞ ફારૂક અબ્દુલ્લાનો પુત્ર
- ☞ કરૂણાનિધિની દીકરીના પુત્રો
- ☞ શરદ પવારની પુત્રી

*આ બધા જ પ્રજાસત્તાક ભારતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે.*
*આ બધા જ લોકોની કુખ્યાતિ ભારતભરના લોકો જાણે છે!*

***છતાં આ પ્રજાસત્તાક ભારત છે!***

એક વખત માણસે –

કોયલને કહ્યું કે તું કાળી ના હોત તો કેટલું સારું હતું?

દરિયાને કહ્યું કે તારા પાણીમાં ખારાશ ના હોત તો કેટલું સારું હતું?

ગુલાબને કહ્યું તારી બાજુમાં કાંટા ન હોત તો કેટલું સારું હતું?

ત્યારે ત્રણે એક સાથે બોલી ઉઠ્યા કે – 'હે માણસ, તારામાં બીજાઓની બુરાઇ જોવાની આદત ના હોત તો કેટલું સારું હતું!'

વિવિધતા


# હાસ્ય-મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ
# કહેવતોની દુનિયામાં ડોકિયું




ભાવના એ. ઝવેરી

## ચિત્ર જોઈને તેની સામે કહેવત લખો

*(સમય : ૫ મિનિટ)*





*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

## હિંમતવાન પત્ની

પતિ-પત્ની વચ્ચે ઝઘડો થઈ ગયો.

પતિ : હું કાંઈ તારાથી ડરતો નથી.

પત્ની : ડરતા શેના નથી? મને જોવા આવ્યા ત્યારે ૫-૬ જણને લઈને આવ્યા હતા અને લગ્ન વખતે તો ૨૫૦ જણને લઈને આવ્યા હતા. બોલો, લાવ્યા હતા કે નહીં?

પતિ : હા.

પત્ની : તો પછી, હું જુઓ કેવી હિંમતવાળી! લગ્ન પછી એકલી જ આવી હતી અને તમારી સાથે એકલી જ રહું છું. ને પછી વટ કરો છો!

★ એક ચકલીએ મધમાખીને પૂછ્યું કે, 'તું આવડી મહેનતથી મધ બનાવે છે અને માણસ આવીને તેને ચોરી લે છે. તને ખરાબ નથી લાગતું?'

મધમાખીએ બહુ જ સુંદર જવાબ આપ્યો : 'માણસ ફક્ત મારું મધ ચોરી શકે છે પણ મારી મધ બનાવવાની કળા નહીં!'

કોઈ પણ તમારું ક્રિએશન ચોરી શકે છે પરંતુ તમારી ટેલેન્ટ નહીં.

★ સફળતા ફિક્કી લાગે છે અગર કોઈ વધાઈ આપવાવાળો ના હોય અને વિફળતા પણ સુંદર લાગે છે, જો તમારી સાથે કોઈ પોતાનો ઊભો હોય.

# USEFUL INFORMATION

**PAN** : Permanent Account Number
**PDF** : Portable Document Format
**SIM** : Subscriber Identity Module
**ATM** : Automated Teller Machine
**IFSC** : Indian Financial System Code
**FSSAI** : Food Safety & Standards Authority of India
**Wi-Fi** : Wireless Fidelity
**GOOGLE** : Global Organization Of Oriented Group Language of Earth
**YAHOO** : Yet Another Hierarchical Officious Oracle
**WINDOWS** : Wide Interactive Network Development for Office Work Solution
**COMPUTER** : Common Oriented Machine. Particularly United and used under Technical and Educational Research
**VIRUS** : Vital Information Resources Under Siege.
**UMTS** : Universal Mobile Telecommunications System
**AMOLED** : Active-Matrix Organic Light Emitting Diode
**OLED** : Organic Light-Emitting Diode.
**IMEI** : International Mobile Equipment Identity.
**ESN** : Electronic Serial Number
**UPS** : Uninterruptible Power Supply
**HDMI** : High-Definition Multimedia Interface.
**VPN** : Virual Private Network.
**APN** : Access Point Name
**LED** : Light Emitting Diode.
**DLNA** : Digital Living Network Alliance.
**RAM** : Random Access Memory
**ROM** : Read Only Memory
**VGA** : Video Graphics Array.
**QVGA** : Quarter Video Graphics Array.
**WVGA** : Wide Video Graphics Array.
**WXGA** : Widescreen Extended Graphics Array
**USB** : Universal Serial Bus
**WLAN** : Wireless Local Area Network
**PPI** : Pixels Per Inch
**LCD** : Liquid Crystal Display
**HSDPA** : High Speed Down link Packet Access
**HSUPA** : High Speed Uplink Packet Access
**HSPA** : High Speed Packet Access
**GPRS** : General Packet Radio Service
**EDGE** : Enhanced Data Rates for Global Evolution
**NFC** : Near Field Communication
**OTG** : On-The-Go
**S-LCD** : Super Liquid Crystal Display
**OS** : Operating System
**SNS** : Social Network Service
**HS** : Hot Spot
**P.O.I.** : Point Of Interest
**GPS** : Global Positioning System
**DVD** : Digital Video Disk
**DTP** : Desk Top Publishing
**DNSE** : Digital Natural Sound Engine
**OVI** : Ohio Video Intranet
**CDMA** : Code Division Multiple Access
**WCDMA** : Wide-band Code Division Multiple Access
**GSM** : Global System for Mobile Communication
**DIVX** : Digital Internet Video Access
**APK** : Authenticated Public Key
**J2ME** : Java 2 Micro Edition
**SIS** : Installation Source
**DELL** : Digital Electronic Link Library
**ACER** : Acquisition Collaboration Experimentation Reflection
**RSS** : Really Simple Syndication.
**TFT** : Thin Film Transistor
**AMR** : Adaptive Multi-Rate
**MPEG** : Moving Pictures Experts Group
**IVRS** : Interactive Voice Response System
**HP** : Hewlett Packard
**NEWS PAPER**: North East West South Past And Present Events Report
**CHESS** : Chariot, Horse, Elephant, Soldiers
**COLD** : Chronic, Obstructive, Lung Disease
**JOKE** : Joy of Kids Entertainment
**AIM** : Ambition in Mind
**DATE** : Day and Time Evolution
**EAT** : Energy And Taste
**TEA** : Taste and Enerty Admitted
**PEN** : Power Enriched in Nib.
**SMILE** : Sweet Memories in Lips Expression
**ETC.** : End of Thinking Capacity
**OK** : Objection Killed
**Or** : Ori Korec (Greek Word)
**BYE** : Be with You Everytime

# શબ્દ શોધ : ૬૯

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨
● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ■ | ■ | ૩ | | | |
| ૪ | | ૫ | ૬ | ■ | | ■ | ■ | ■ |
| ■ | ૭ | | | ■ | ■ | ■ | ૮ | ■ |
| ■ | | ■ | ■ | ■ | ૯ | ૧૦ | | ■ |
| ■ | ૧૧ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ■ |
| ■ | ૧૫ | | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| ■ | ■ | ■ | ■ | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | |
| ૨૪ | | ■ | ૨૫ | | | | ■ | ■ |

### આડી ચાવીઓ

૧. સેવક, ચાકર (૨)
૩. શિવ મંદિર (૪)
૫. શંકર ભગવાન (૪)
૭. ગ્રીક દેશનો પ્રાચીન વતની (૩)
૯. સૌરભ, સુગંધ (૩)
૧૧. જીભ (૩)
૧૪. એક ધાન્ય (૩)
૧૫. સોનું (૩)
૧૬. ઘા, હુમલો (૨)
૧૮. બીજું, અન્ય (૨)
૧૯. દરિયો (૫)
૨૩. ગણેશજીના જનની (૩)
૨૪. સોગંદ (૨)
૨૫. હિજરી સનનો નવમો મહિનો (૪)

### ઊભી ચાવીઓ

૧. કિંમત, મૂલ્ય (૨)
૨. મદદ કરનારું (૬)
૩. શંકર ભગવાન, શંભુ (૨)
૫. ઈશ્વર, પરમાત્મા (૨)
૬. જંગલ (૨)
૮. આખા ગામને લગતું (૩)
૯. સપ્તાહનો પ્રથમ દિવસ (૪)
૧૦. વાઘ, સિંહ વગેરેની ડણક (૩)
૧૨. સૂર્યનું અંગ્રેજી (૨)
૧૩. ચશ્મા પહેરવામાં આ અંગ ઉપયોગી બને છે (૨)
૧૭. મૈં તો ______ ઉતારું રે સંતોષી માતાકી (૩)
૧૮. ઉત્સવ (૨)
૧૯. ઘણું, પુષ્કળ (૨)
૨૦. હિંમત (૨)
૨૧. ફળો વગેરેનો માવો (૨)
૨૨. એક દારૂ (૨)
૨૩. "કેવું ______ ખાશો?" "સાદું કે મસાલાવાળું?" (૨)

### શબ્દશોધ : ૬૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | દ | ગ | લ | બા | જ | ■ | સ | જા |
| આ | શા | ■ | ર | ■ | મ | ■ | વા | ત |
| ળ | ■ | વિ | જ | ય | રૂ | પા | ણી | ■ |
| સુ | વિ | ધા | ■ | વ | ખ | ત | ■ | ધ |
| ■ | ■ | ન | ય | ન | ■ | ર | મ | ણી |
| લ | ત | સ | મ | ■ | અ | ■ | હા | ■ |
| ■ | રં | ભા | ■ | ■ | વ | ર | સા | દ |
| સં | ગ | ■ | સ | હ | સા | ■ | ગ | ર |
| પ | ■ | હ | ત્યા | ■ | ન | દા | ર | દ |

વકીલ ઈચ્છે છે – તમે મુસીબતમાં રહો.
ડૉક્ટર ઈચ્છે છે – તમે માંદા પડો.
પોલીસ ઈચ્છે છે – તમે ગુનામાં સપડાઓ.
મકાન માલીક ઈચ્છે છે – તમે પોતાનું ઘર ખરીદી જ ન શકો.
ડેન્ટીસ્ટ ઈચ્છે છે – તમારા દાંત સડી જાય.
મિકેનિક ઈચ્છે છે – તમારી કાર બગડી જાય.
***એક માત્ર ચોર ઈચ્છે છે – તમે જીવનમાં ખૂબ પૈસા કમાઓ અને તમને ખૂબ સારી ઊંઘ આવે.***

## પ્રેમ

દુઃખ દર્દ હશે કોઈ પ્રેમની સ્મૃતિમાં,
જબકે યાદ પૂર્વ જન્મ તણી હવે યાદમાં,

જીવન તણો ભાર હળવો કરવા પ્રેમ છે,
મુંઝવણભરી જિંદગી ઉલેચવા પ્રેમ છે.

જિંદગી નાવ પાર કરવા જોઈએ પ્રેમને,
અરસ પરસ સુખ, દુઃખની વાત પ્રેમ છે.

કોઈ વેદના ભૂલવાનો માર્ગ પ્રેમ છે,
કોઈ દુઃખ હળવું કરવા જોઈએ પ્રેમને,

મન આનંદિત, હળવું કરવા જોઈએ પ્રેમને,
ને કોઈની યાદ ભૂલાવે સદા પ્રેમ હવે.

## પાળિયા

યુગોના સ્મરણની યાદ પૂરે પાળિયા,
યુગોથી ધૂળ મહીં નાહતા સદા પાળિયા.

તોય સ્મરણોના ઇતિહાસરૂપ પાળિયા,
તોય સૌંદર્યના પ્રતિક રહે પાળિયા.

સૂરના સુશોભિત ઇતિહાસ રૂપ પાળિયા,
ને વિરહ તણા અશ્રુથી છલકે પાળિયા.

કાળ પંજા મહીં ખપ્પર થઇ હોમાતા પાળિયા,
શહાદત 'દિલકશ'નો સંદેશ સદા પાળિયા.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## માઇક્રો ફિક્શન : અકથ્ય ઓછપ

"લ્યો માજી પાંચ હજાર રૂપિયા. તમારા દીકરાએ મોકલ્યા છે. કરો જલસા." ટપાલીએ રૂપિયા અને મની ઓર્ડર ફોર્મ માજીને સહી કરવા આપતાં કહ્યું.

"કાંઇ કાગળ પતર?" આંખમાં અમીટ આશા આંજીને માજીએ પૂછ્યું.

ટપાલીએ નકારમાં માથું ધુણાવ્યું.

....અને એક અકથ્ય ઓછપ સાથે માજીએ રૂપિયા લીધા.

*શંકર ન. ઠક્કર (નિવૃત્ત નાયબ કલેક્ટર)*
*મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫*

*વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે. બીજી વખત પહેલા જેવો નથી ચોંટતો.*

## લાગણીશૂન્ય કે તટસ્થ?

સીમા વટાવી જ્યાં દુઃખની
સુખ સામે આવી મળ્યું,

ને હદ વટાવી જ્યાં સુખની,
દુઃખ વળી સાથે થયું.

સુખમાં રહ્યો અતિશય જ્યાં
મન એવું તો ઊબી ગયું,

દુઃખમાં રહ્યો અધિકતર જ્યાં,
મન નઠોરજો થઈ ગયું.

એવું તો ન થાય કેમ
મન વળી વિચારી રહ્યું,

'આરસી' સમ સુખે કે દુઃખે
તટસ્થ શાને ન બની રહું.

## આ શું?

નહોતી વળી સુગંધ જીવનમાં, ઉછીની પુષ્પસુગંધે શું?
નહોતો તેજ-તિખારો કાંઈએ, ધૂપસળીથી દીધે શું?
નહોતી કોઈને રાહત બક્ષી, ગ્લાનિકેરા મુખમહોરે શું?
નહોતો કોઈ ગુણોનો ખજાનો, અવિરત ગુણગાનોથી શું?

મોત મને આંબી ગયું તેમાં
પુષ્પોતણા અકાળ ખુરદાથી શું?
ધૂપસળીએ વળતી ખાખથી શું?
સોગિયા મુખમહોરાઓથી શું?
ગુણોકેરા મિથ્યા પ્રલાપોથી શું?

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : ૨૭૪૩૮૧૬૩*

એક વિદેશીએ એક ભારતીય રમતવીરને પૂછ્યું : દુનિયામાં આટલી બધી રમત-ગમત છે તેમ છતાં તમે માત્ર કબડ્ડીની રમતમાં કેમ પારંગત થયા?

ભારતીય રમતવીરે જવાબ આપ્યો : 'કબડ્ડીમાં જ્યારે કોઈ રમતવીર પોતાની મંજીલ નજીક પહોંચે છે ત્યારે બાકીના બધા ખેલાડી તેની ટાંગ ખેંચે છે. અમારા દેશના લોકો માત્ર આ કળામાં જ હોંશિયાર છે. તેથી કબડ્ડીમાં અમે ચેમ્પિયન છીએ!'

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જાન્યુઆરી / ફેબ્રુઆરી - ૨૦૧૮

★ **શુક્રવાર, તા. ૫-૧-૨૦૧૮**

- હોમ ડિઝાઈન ફર્નિચરવાળા શ્રી સુનિલભાઈ સુથારની મુલાકાત લેવામાં આવી. વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાત, કવર પેઈજ નં.-૨ પર આવતા બાર મહિના માટે નક્કી કરવામાં આવી.

★ **શનિવાર, તા. ૬-૧-૨૦૧૮**

- જાન્યુઆરી-૨૦૧૮થી ડિસેમ્બર-૨૦૧૮ સુધીની અત્યાર સુધી નક્કી કરવામાં આવેલ બાર મહિનાની જાહેરાતોનું લિસ્ટ તૈયાર કરી પ્રિન્ટિંગ માટે આગળ મોકલી આપ્યું.

★ **સોમવાર, તા. ૮-૧-૨૦૧૮**

- શ્રી પારસ શાંતિલાલ મુળજી સાવલા, દીપ ઈન્ડસ્ટ્રીઝ સાથે રહી શાહીબાગ ખાતેની એક સ્કૂલની મુલાકાત લેવામાં આવી. દિવ્યાંગ બાળકોની આ સ્કૂલના એક ક્લાસને સ્માર્ટ ક્લાસમાં ફેરવવાની ચર્ચાના અનુસંધાને આ મુલાકાત લેવામાં આવી હતી.
- સમાજ પરની લાઈબ્રેરી માટે ૩'૦'' x ૬'૩'' x ૧૨''ની સાઈઝના ૩ સ્ટીલ રેકનો આજે ઓર્ડર આપવામાં આવેલ હતો. આવતા એક અઠવાડિયામાં આ રેક સમાજની ઑફિસ પર આવી જશે.

★ **મંગળવાર, તા. ૯-૧-૨૦૧૮**

- કચ્છશ્રુતિમાં જાન્યુઆરી-૨૦૧૮થી વિવિધ પ્રકારની જે જાહેરાતો લેવામાં આવી રહેલ છે તેનું રજિસ્ટર બનાવ્યું.
- કચ્છશ્રુતિના ડિપોઝિટ તથા કોમ્પ્લિમેન્ટરીવાળા ગ્રાહકોને લવાજમ ભરી જવા પત્રો લખવાનું ચાલુ છે. આ પ્રકારના લગભગ ૯૦૦ ગ્રાહકો છે.

★ **શનિવાર, તા. ૧૩-૧-૨૦૧૮**

- ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરીના પુસ્તકો રાખવા માટે ઓર્ડર આપેલ નવા ત્રણ રેક ઓફિસમાં તેમની નિયત કરેલ જગ્યાએ ફીટ કરાવ્યા.

★ **બુધવાર, તા. ૧૭-૧-૨૦૧૮**

- આજરોજ Ex MLA શ્રી મોહનભાઈ શાહના પ્રેરણાતીર્થ દેરાસર પાસેના ઘેર એક મીટિંગ ગોઠવેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી મોહનભાઈ શાહ તથા શ્રી પ્રાણલાલ સોની ઉપસ્થિત રહ્યા હતા. નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ, કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી તથા અન્ય પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવી હતી. તેઓને કચ્છશ્રુતિના ચાલુ અંકો પણ આપવામાં આવ્યા હતા.

★ **રવિવાર, તા. ૨૧-૧-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજના સભ્ય શ્રી અશ્વિનભાઈ સાવલાની સુપુત્રી નેહાલી કોઠારીના નવા બુટિક પાર્લરનું આજે ઓપનિંગ હતું. તેમને તેમના નવા સાહસ બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણી શ્રી હરીશભાઈ રંગવાલાના માતુશ્રી ઝવેરબેન રંગવાલાની ૯૦મી વર્ષગાંઠની આજે ઉજવણી હતી. અનેક કચ્છી અગ્રણીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. માતુશ્રી ઝવેરબેન રંગવાલાને અભિનંદન પાઠવવામાં આવ્યા.

★ **સોમવાર, તા. ૨૨-૧-૨૦૧૮**

- વિવિધ સભ્યોને લખવામાં આવેલ પત્રોના અનુસંધાને કચ્છશ્રુતિના લવાજમ, કચ્છી સમાજના સભ્યપદના ફોર્મ તથા ઈ-ડિરેક્ટરીના ફોર્મ આવવાના શરૂ થયા. તેનું અલગથી લિસ્ટ બનાવવામાં આવી રહ્યું છે.
- ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરીમાં વસાવવામાં આવેલ ૧૦૦૦થી પણ વધુ પુસ્તકોનું કેટેગરીવાઈઝ લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું. લાઈબ્રેરી માટે જોઈતી સ્ટેશનરી પ્રિન્ટિંગમાં મોકલવામાં આવી. તા. ૨૬-૧-૨૦૧૮થી સભ્યો માટે લાઈબ્રેરી શરૂ કરી દેવામાં આવશે. તેની તૈયારી રૂપે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

★ **બુધવાર, તા. ૨૪-૧-૨૦૧૮**

- કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો માટે ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦ કરોડ ફાળવવામાં આવે તેવા હેતુસર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ થકી મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, સિંચાઈ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી પરબતભાઈ પટેલ તથા જળસિંચાઈ વિભાગના

અધિક સચિવ શ્રી કાનાણીને પત્રો મોકલવામાં આવ્યા. આ પત્રોની નકલ રાજ્યકક્ષાના કચ્છી મંત્રી શ્રી વાસણભાઈ આહીર, કચ્છના બધા જ ધારાસભ્યોને અને પાર્લામેન્ટના સભ્યને તેમજ અન્ય કેટલાક કચ્છી અગ્રણીઓને પણ મોકલવામાં આવી.

- છેલ્લા ૧૦-૧૨ મહિનાથી કચ્છશ્રુતિના જે સભ્યોના અંકો વારંવાર પરત આવે છે તેનું લિસ્ટ બનાવી કચ્છશ્રુતિમાં પ્રસારાર્થે મોકલી આપવામાં આવ્યું.

**★ શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૧૮**

- પ્રજાસત્તાક દિન નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન પર ધ્વજવંદન મ્યુનિ. કોર્પોરેટર શ્રી આશિષ ધીરુભાઈ શાહના વરદ્ હસ્તે કરાવવામાં આવ્યું. ત્યારબાદ વયસ્ક સમિતિ દ્વારા રાષ્ટ્રીય દિનની ઉજવણી ખૂબ જ ઉત્તમ કક્ષાની રહી.

**★ શનિવાર, તા. ૨૭-૧-૨૦૧૮**

- ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશનનું પાન કાર્ડ આજે આવી ગયું.

**★ સોમવાર, તા. ૨૯-૧-૨૦૧૮**

- બે વર્ષની ડિપોઝિટ / લવાજમવાળા સભ્યોને લવાજમ માટે પત્રો લખવા જરૂરી વિગતો સાથેનું લિસ્ટ બનાવવાનું શરૂ કરવામાં આવ્યું. આ વિભાગના લગભગ ૧૭૫ સભ્યોને હાલે નિયમિતપણે કચ્છશ્રુતિના અંકો મોકલવામાં આવે છે.
- સ્વસ્તિક ગમ ઈન્ડસ્ટ્રીઝની ફેક્ટરી પર શ્રી મહેશભાઈ ભાનુશાળીની મુલાકાત લેવામાં આવી. તેઓશ્રીની વિઝિટિંગ કાર્ડ સાઇઝની જાહેરાત અંદરના કવર પેઈજ પર ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

**★ શુક્રવાર, તા. ૨-૨-૨૦૧૮**

- ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશનનું બેંક એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું. શ્રી અશોક મહેતા, ડૉ. કેતન શાહ તથા શ્રી હરસુખ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.
- શ્રી કચ્છી સમાજની બાકી રહેતી ઉઘરાણીનું લિસ્ટ તૈયાર કરાવી જે તે સભ્યોને રીમાઈન્ડર પત્રો લખવાના શરૂ કરાવ્યા.
- ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા સમાજ પર આવ્યા હતા. તેમની સાથે વિવિધ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. શ્રી ટી.એલ. કંસારા તથા શ્રી દિનેશ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા.
- નવનીતના શ્રી શાંતિભાઈ ગાલાના બોપલ ખાતેના નવા નિવાસ સ્થાનના પ્રવેશ પ્રસંગે એક મિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી શાંતિલાલભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા વગેરેને અભિનંદન સાથેની શુભેચ્છા પાઠવવામાં આવી.

**★ શનિવાર, તા. ૩-૨-૨૦૧૮**

- મુખપત્ર કચ્છશ્રુતિના ડિપોઝિટ / કોમ્પ્લિમેન્ટરીવાળા લગભગ ૯૦૦ સભ્યોને પત્રો લખવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.
- પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલાના જન્મ દિનની ૭૫મી વર્ષગાંઠ પ્રસંગે તેઓએ શુભેચ્છા સમારંભ ગોઠવેલ હતો. અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમને જન્મદિનની શુભેચ્છા પાઠવવામાં આવી.

**★ રવિવાર, તા. ૪-૨-૨૦૧૮**

- શ્રી નિશાંત રાજેન્દ્ર મજીઠિયા (ઉર્મિન ગ્રુપ)ના લગ્ન પ્રસંગના સત્કાર સમારંભમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સત્કાર સમારંભની ઉજવણી ખૂબ જ ભવ્ય હતી. શ્રી નિશાંત મજીઠિયાને અભિનંદન પાઠવવામાં આવ્યા.

**★ સોમવાર, તા. ૫-૨-૨૦૧૮**

- કચ્છશ્રુતિના બે વર્ષના લવાજમ / ડિપોઝિટવાળા સભ્યોના લગભગ ૧૬૫ નામની સૂચિ તૈયાર કરવામાં આવી. આ દરેક મહાનુભાવને કચ્છશ્રુતિના બાકી રહેતા લવાજમ, શ્રી કચ્છી સમાજના સભ્યપદ અને ઈ-ડિરેક્ટરીના ફોર્મ માટે પત્રો લખવાની શરૂઆત કરવામાં આવી.
- શ્રી અશોક મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતાની ઉપસ્થિતિમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભવિષ્યમાં હાથ પર લેવાના કાર્યો અંગે ચર્ચા વિચારણા કરી. ક્રેડિટ સોસાયટીની બાકી રહેતી કાર્યવાહી અંગે પણ ચર્ચા કરવામાં આવી.

*જો આપણે ખોટા હોઈએ અને આપણે તે કબૂલીએ તો તેનો મતલબ એ થાય કે આપણે પ્રામાણિક છીએ. જો આપણને સાચા કે ખોટા હોવાની શંકા હોય અને તે કબૂલીએ તો આપણે ડાહ્યા છીએ. પરંતુ જો આપણે સાચા હોઈએ અને તેમ છતાં પણ આપણે કબૂલી લઈએ તો તેનો મતલબ એ થાય કે આપણે સંબંધ જાળવી રાખવાની કિંમત સમજીએ છીએ.*

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS




DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 26, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ



ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ્ડ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઈથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઈઝ્ડ આઈસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજી
- આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એસ્થેટીક એન્ડ લાપ્રોસ્કોપી
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રૂમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રૌમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે

JCI (USA) | NABH | NABH | | | | GreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS®
Care Institute of Medical Sciences

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000
www.facebook.com/cimshospitals
www.cims.org
CIMS Hospital India App on:

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ મિત્ર
jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of Cement Concrete Blocks & Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28941150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ
શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક
બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન
કાર્યાલય : ૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુળધામ હોટલની બાજુમાં, ભારત સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૯૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૯૦

જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)
ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ
સુગર બ્રોકર :
મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - વિપિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.


કર્ણાવતી દાબેલી સેન્ટર
Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower, Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
Bopal
Food 1 Regent Spice Products


INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008 Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
- Furnace Transformer
- Lighting Transformer
- Isolation Trnasformer
- Online UPS
- Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9825203489
Works 2 (Waghodia - Vadodara)

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬
દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમ્પલેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જ્યોતિકુંજ રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia
Raju ENTERPRISE
179 & 323, Unit-2, G.V.M.M. Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710
RE- ROLLING / S.S PATTA-PATTI

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674
બેંકની વિવિધ સગવડો
- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોનો CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL
બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DHOLUcon
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com
DHOLU CONSTRUCTION
AND PROJECTS LIMITED
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax : +91 79 2656 44 36 email : dholucon@gmail.com
MINING CONTRACTORS

INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GRFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad : Kunal H. Shah : 98250 33598 ● Mumbai : Punit H. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

Available on HIRE
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 126 kg/cm2 Air Compressors

We Provide
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
Deep Industries Limited

Registered Office :
Deep Industries Limited
Email info@deepindustries.com

Kailashdan Gadhavi
PRARAMBH
"ek nayi Zindagi ka"
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

RADHA VALLABH GROUP
Bonafide Brokers
Nelco Agency
Aryan Agency
Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719
Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719
Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)